# ઓહલે સુન્નત વ જમાઅત
યા'ને

**મસ્લકે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર.........**

બફયઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ
બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

ISLAMIC WELFARE MISSION
GRWB/057/BHARUCH/02
At. : Dayadara, Di. Bharuch Pin. 392020 Guj. India
Ph. (02642) 282792, 282911

# બરકાતે ખ્વાજા (માસિક)

**"બરકાતે ખ્વાજા" (માસિક)**
**૧-જૂન-૨૦૦૪**
**રબીઉલ આખર-જમાદીઉલ અવ્વાલ**
**હિ.સ. ૧૪૨૫**
**વર્ષ : ૦૧ અંક : ૦૯, સળંગ અંક : ૦૯**

**★ સ્થાપક અને પ્રકાશક ★**
**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

**★ પત્ર વ્યવહારનુ સરનામું ★**
**બરકાતે ખ્વાજા (માસિક)**
**C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા**
**તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦**
**ફોન. : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨**

**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| ★ છુટક નકલ | રૂા. | ૧૦-૦૦ |
| ★ વાર્ષિક લવાજમ | રૂા. | ૧૦૦-૦૦ |
| ★ વિદેશ માટે | £ | 15-00 |
| ★ પેટ્રન ફી | રૂા. | ૧૦૦૦-૦૦ |
| ★ આજીવન | રૂા. | ૨૫૦૦-૦૦ |
| ★ વિદેશ માટે પેટ્રન | £ | 150-00 |
| ★ વિદેશ માટે આજીવન | £ | 250-00 |

**★ ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہ કા દરબાર... ★**

ગૌષે આ'ઝમ કા દરબાર અલ્લાહ અલ્લાહ ક્યા કહના
બગદાદી નૂરી બાઝાર અલ્લાહ અલ્લાહ ક્યા કહના

તુમ હો હમારે હમ હૈં તુમ્હારે તુમ હો નબી કે પ્યારે
હર મુશ્કિલમેં ગૌષે આ'ઝમ ટૂટે દિલોં કે સહારે
ઉજળોં કો કર દે ગુલઝાર અલ્લાહ અલ્લાહ ક્યા કહના

ચોર કો પલ મેં વલી બનાયા નઝરસે બિગળી બનાઈ
ડૂબી કશ્તી બારા બરસ કી પલમેં પાર લગાઈ
બુઢિયા કહતી થી હર બાર અલ્લાહ અલ્લાહ ક્યા કહના

કુતુબ ઔલિયા ગૌષો કલંદર એક સે એક હૈ બળહકર
સારે ઔલિયા દેંગે સલામી જાએંગે ગૌષ કે દર પર
વો હે વલિયોં કે સરદાર અલ્લાહ અલ્લાહ ક્યા કહના

ઐસે ગૌષ કા હૈ યે "હાફિઝ" છૂટે ન હાથ સે દામન
બિગળે કામ બનાએં આકા કુર્બાં ઉનપે તન મન
વોહ કરતે હૈં બેળા પર અલ્લાહ અલ્લાહ ક્યા કહના

**★ માનદ તંત્રી ★**
**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

**નૂરાની આર્ટ, દયાદરા. ફોન : ૨૮૨૭૯૨, ૨૮૨૯૧૧**

તા. ૧-જૂન-૨૦૦૪ નોંધ : ગ્રાહક નંબર .......... આપનું લવાજમ તા. .......... થી પૂરું બરકાતે ખ્વાજા
થાય છે, નવા વર્ષ માટે લવાજમ મોકલી આપી આભારી કરશો.

# બરકાતે ખ્વાજા (માસિક) જૂન-૨૦૦૭

★ વર્ષ : ૦૧ ★ અંક : ૦૬ ★ સળંગ અંક : ૦૬


## ✪ ★ ✪ ★ ✪ ★ અનુક્રમણિકા ✪ ★ ✪ ★ ✪ ★


| નં. | લેખ | લેખક/સંપાદક/રજૂકર્તા | પેજ નં. |
|---|---|---|---|
| ૦૧. | **તંત્રી લેખ :** ગૌષે આ'ઝમના અકીદા અને મસ્લકે આ'લા હઝરત | રજૂકર્તા : પટેલ શબ્બીર અલી રઝવી | ૦૩ |
| ૦૨. | તફસીરે ઝિયાઉલ કુર્આન | **લેખક** : હઝરત પીર કરમશાહ અઝહરી (કાર્યલય) | ૦૭ |
| ૦૩. | (દર્સે હદીષ) મિર્કાત શર્હે મિશ્કાત | મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ (કાર્યાલય) | ૦૯ |
| ૦૪. | ફતવા વિભાગ | મુફતી હારૂન રશીદ કાદરી અમજદી કંબોલ્વી | ૧૧ |
| ૦૫. | શિફા શરીફ | **લેખક** : હઝરત કાઝી અયાઝ رحمۃ اللہ علیہ<br>(ગુજરાતી અનુવાદક) ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી | ૧૨ |
| ૦૬. | ઈસ્લામ અને આધુનિક શોધો | **લેખક** : અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ ગમારી હુસૈની<br>(ગુજરાતી અનુવાદક) પટેલ શબ્બીર અલી રઝવી | ૧૫ |
| ૦૭. | કુફ્નો મસ્અલો અને ઈમામ અહમદ રઝા | **લેખક** : હઝરત મુફતી શરીફુલ હક્ક رحمۃ اللہ علیہ<br>**અનુવાદક** : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી | ૧૮ |
| ૦૮. | હિકમતે નમાઝ | **અઝ** : હઝરત મૌલાના મુહમ્મદ શાકિર રઝવી નૂરી–મુંબઈ *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)* | ૨૧ |
| ૦૯. | ગુનાહોનો ઈલાજ | **લેખક** : હકીમ મુહમ્મદ અસ્લમ શાહિન કાદરી<br>**અનુવાદક** : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી | ૨૫ |
| ૧૦. | ઈસ્લામ અને વિજ્ઞાનની પ્રગતિ | **કાર્યાલય** | ૨૯ |
| ૧૧. | ઈસ્લામને ત્રાસવાદ સાથે સાંકળવામાં મીડિયાની કાવત્રાબાજી | **લેખક** : ખુશ્તર નૂરાની (અલીગ) તંત્રી : જામે નૂર–દિલ્હી<br>**અનુવાદક** : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી | ૩૫ |
| ૧૨. | લિબાસ વિશે ઈસ્લામી તા'લીમ અને આપણે | **સંપાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી | ૪૪ |
| ૧૩. | બરકાતે ખ્વાજાની ટપાલ | **કાર્યાલય** | ૪૮ |



# ગૌષે આ'ઝમના અકીદા અને મસ્લકે આ'લા હઝરત



**(તંત્રી લેખ)**

ગૌષે પાક સરકારે બગદાદ શયખ અબ્દુલકાદિર જીલાની رضی اللہ عنہ ની મુબારક જિંદગીનો અભ્યાસ કરવાથી, તેમનાં ફર્માનોને અનુસરવાથી ખુશ અકીદા મુસલમાનના ઈમાન તથા અમલમાં પુખ્તગી આવે છે અને યકીનન ! તે સર્વ પ્રકારની ગુમરાહીઓથી બચી જાય છે. અને ગુમરાહ જો ઈન્સાફથી અભ્યાસ કરે તો સીધો માર્ગ પામી શકે છે.

## ★ હાડકામાંથી મરઘી જીવંત કરી ★

હઝરત અલ્લામા શતનૂફી رحمۃ اللہ علیہ મુહદ્દિષાના અસનાદની સાથે લખે છે કે; એક સ્ત્રી હઝરત ગૌષે આ'ઝમ શૈખ અબ્દુલ કાદિર જીલાની رضی اللہ عنہ ની ખિદમતમાં પોતાના એક છોકરાને લઈને હાજર થઈ અને અર્ઝ કરી કે મારા આ બાળકને આપનાથી કલ્બી (દિલી) લગાવ છે એટલા માટે હું તેના હક્કથી મુક્ત થઈને તેને અલ્લાહની અને પછી આપને સોંપણી કરું છું. હઝરત ગૌષ પાક رضی اللہ عنہ એ તેણીની વિનંતિ કબૂલ કરી લીધી અને તે બાળકને બુઝુર્ગોના તરીકા પર મુજાહિદા તથા રિયાઝતો (ઈબાદતો) કરવાનો હુકમ ફર્માવ્યો. થોડા દિવસો બાદ તેની માં પોતાના બાળકને મળવા આવી તો જોયું કે બાળક ખૂબ જ કમજોર તથા પીળો પડી ગયો છે અને જોયું કે જવની રોટીનો ટૂકડો ખાઈ રહ્યો છે. પછી જ્યારે તે હઝરતની ખિદમતમાં હાજર થઈ તો જોયું કે આપની સમક્ષ વાસણમાં આખી મરઘીનાં હાડકાં રાખવામાં આવ્યાં છે જેને આપ ખાઈ રહ્યા છે. તેણીએ કહ્યું કે હે મારા સરદાર ! તમે પોતે તો મરઘી ખાઈ રહ્યા છો અને મારા પુત્રને જવની રોટી ખવડાવો છો ! તે વખતે હઝરતે તે હાડકાંઓ પર પોતાનો હાથ મુબારક રાખ્યો અને ફર્માવ્યું :–

قُوْمِیْ بِاِذْنِ اللّٰهِ الَّذِیْ یُحْیِ الْعِظَامَ وَهِیَ رَمِیْمٌ

**(અર્થ)** : "તે અલ્લાહના હુકમથી ઉભી થઈ જા ! જે સડી ગયેલાં હાડકાંને જીવંત ફર્માવશે." આપના આ હુકમ પર તુરત જ તે મરઘી જીવતી થઈને ઉભી થઈ ગઈ અને બોલવા લાગી. પછી આપે તે સ્ત્રીને કહ્યું, "જ્યારે તારો પુત્ર આ દરજ્જે પહોંચી જશે તો જે જીવમાં ચાહશે ખાશે." *(બહજતુલ અસ્રાર, પેજ–૬૫)*

**સબક :** હઝરત ગૌષે પાક رضی اللہ عنہ એ પોતાનો અકીદો સાબિત કરી આપ્યો કે રબ તઆલાએ મને ખાઈ કાઢેલી મરઘીને ફરીથી જીવતી કરી દેવાનો અખ્તિયાર અતા કર્યો છે અને **આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ નો પણ એ અકીદો તથા એ જ મસ્લક છે કે વલી પોતે અલ્લાહની અતાથી મુડદાંને જીવંત કરી શકે છે.**

**ચેતવણી :** યાદ રાખો ! ગૌષે પાક સરકારે બગદાદ رضی اللہ عنہ નો જન્મ હિ.સ. ૪૭૦ કે ૪૭૧ માં થયો અને હિ.સ. ૫૬૧ માં આપનો વિસાલ થયો. ત્યારથી લઈને વહાબિયતના ઉદ્દભવ થતાં સુધી નબી વલીના આ અલ્લાહના આપેલ ઈખ્તિયાર સામે કોઈએ વાંધો નથી લીધો પણ હિ.સ. ૧૧૧૫ માં નજદમાં પેદા થનાર મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહ્હાબે અંગ્રેજોના ઈશારે નવા

અકીદા ઘડીને એ વાતોને શિર્ક દર્શાવી. જેના ચીલે ચાલીને હિંદમાં મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ **"તકવિયતુલ ઈમાન"**માં લખ્યું કે, **"જેનું નામ મુહમ્મદ તથા અલી છે તે કશીય ચીજના માલિક તથા મુખ્તાર નથી."** બીજે ઠેકાણે લખ્યું, "સઘળો કારોબાર આખા જગતનો અલ્લાહ તઆલાની ઈચ્છાથી જ પાર પાડે છે, **રસૂલના ઈચ્છવાથી કશું થતું નથી."** *(તકવિયતુલ ઈમાન)*

હવે વાંચકો ફેંસલો કરે કે પાંચમી સદીના મહાન બુઝુર્ગ ગૌષેપાક رضی اللہ عنہ નો અકીદો સાચો કે આજકાલના નીકળેલા વહાબી દેવબંદીઓનો ?!

## ★ હવાએ ગૌષ પાકનો હુકમ માન્યો ! ★

કેટલાયે મોઅ્તબર રાવીઓનું બયાન છે કે એકવાર અમે લોકો હઝરત ગૌષપાક رضی اللہ عنہ ની પાસે બેસેલા હતા એવામાં આપની મજલિસ ઉપરથી એક ચીલ ચીખતી ચિલ્લાતી ઉડીને પસાર થઈ જેનાથી હાજરજનોને ઉલ્ઝન થઈ. આપે ફર્માવ્યું, "હે હવા ! આ ચીલનું માથુ કાપી લે !" આવું કહેતાં જ ચીલ મુડદુ બનીને જમીન પર ગબડી પડી. એક તરફ એનું માથુ અને બીજી તરફ તેનું ધડ પડયું. આપે ખુરશી પરથી ઉતરીને તેને એક હાથ વડે ઉઠાવીને બીજો હાથ તેના પર ફેરવ્યો અને **બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ** પઢી તો તે અલ્લાહના હુકમથી જીવંત થઈને ઉડી ગઈ અને સર્વ લોકો જોતા જ રહી ગયા !

**સબક** : આ પ્રસંગથી જાણવા મળ્યું કે હઝરત ગૌષે આ'ઝમ رضی اللہ عنہ નો અકીદો હતો કે ખુદા તઆલાએ તેમને હવા પર હુકૂમત બખ્શી છે એટલા માટે તેમણે હવાને હુકમ આપીને ચીલનું માથુ કપાવી નાખ્યું. મસ્લકે આ'લા હઝરત પણ એ જ છે કે **અલ્લાહના વલીઓને અલ્લાહે ઈખ્તિયાર આપ્યો છે કે** ખુદાની મખ્લૂક તેમના હુકમનું પાલન કરે.

## ★ જાનવર પણ ગૌષે આ'ઝમના હુકમનાં પાબંદ હતાં ! ★

અબુલ હસન અલી ઈબ્ને અબૂ બકર અબહરીએ અમને બયાન કર્યું કે મેં કાઝીઉલ કઝા (ચીફ જસ્ટીસ) અબૂ સાલેહ નસ્રથી સાંભળ્યું, તેમણે કહ્યું કે મેં મારા બાપ અબ્દુર્રઝ્ઝાકથી સાંભળ્યું તે કહેતા હતા કે મારા વાલિદે ગિરામી એટલે કે હઝરત શૈખ મુહીય્યુદ્દીન અબ્દુલકાદિર જીલાની رضی اللہ عنہ એક દિવસે જુમ્આની નમાઝના માટે નીકળ્યા. હું અને મારા બે ભાઈ અબ્દુલ વહ્હાબ અને ઈસા આપની સાથે હતા. માર્ગમાં અમને શરાબનાં ત્રણ માટલાં મળ્યાં જે બાદશાહનાં હતાં અને જેની ગંધ ખૂબ જ તીવ્ર હતી. તેની સાથે કોટવાલ અને કચેરીના કેટલાક અન્ય લોકો હતા. આપે ફર્માવ્યું કે "ઉભા રહો !" તો તેઓ ઉભા રહ્યા નહીં અને જાનવરોને ચલાવવામાં તેમણે જલ્દી કરી. તો હઝરતે જાનવરોને કહ્યું, "થોભી જાવ ! એવી રીતે જેમ કે નિર્જીવ હોઉ !" તો તેઓ એવી રીતે થોભી ગયાં જાણે કે નિર્જીવ હોય ! તે લોકો જાનવરોને ખૂબ જ મારતા હતા પણ તેઓ પોતાની જગાએથી હટતાં ન હતાં અને તે લોકોને કુલંજનું (પાંસળી નીચે થતું) દર્દ શરૂ થઈ ગયું અને સખ્ત દર્દના કારણે તમામે તમામ ડાબે જમણે જમીન પર આળોટવા લાગ્યા. પછી એ લોકો ખુદા તઆલાને યાદ કરવા લાગ્યા અને એલાનિયા તૌબા વ ઈસ્તિગફાર કરવા લાગ્યા તો તેમનું દર્દ જતુ રહ્યું. અને શરાબની ગંધ સિરકામાં ફેરવાઈ ગઈ. તેમણે વાસણોને ખોલ્યાં તો જોયું તો સિરકો બની ગયો હતો. *(બહજતુલ અસ્રાર, પેજ-૪૧)*

**સબક** : હઝરત ગૌષે આ'ઝમે આ પ્રસંગ પરથી પોતાનો એ અકીદો સ્પષ્ટપણે જાહેર કરી આપ્યો કે ચાલતાં જાનવરોને કેવળ જીભથી હુકમ આપીને પથ્થરની જેમ અટકાવી આપવા, લોકોને કુલંજના દર્દમાં સપડાવી દેવા તથા એક નજરમાં શરાબને સિરકો બનાવી દેવાની કુદરત અલ્લાહ તઆલાએ મનેઆપી છે. એ જ તો મસ્લકે આ'લા હઝરત છે કે :–

**નિગાહે મર્દે મો'મિનસે બદલ જાતી હૈં તકદીરેં !**

## ★ પૈસાની થેલીઓ દબાવી તેમાંથી લોહી વહાવ્યું ! ★

અબૂ અબ્દુલ્લાહ મુહમ્મદ ઈબ્ને શૈખ અબુલ અબ્બાસ ખિઝર ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને યહ્યા મૌસલીએ મને કાહિરામાં વર્ણન કર્યું કે હિ.સ. ૬૨૩ માં મને મારા બાપે શહેર મૌસલમાં ખબર આપી કે અમે એક રાત્રે અમારા શયખ મોહીય્યુદીન અબ્દુલકાદિર જીલાની رضی اللہ عنہ ના મદ્રસા બગદાદમાં હતા કે એવામાં આપની ખિદમતમાં બાદશાહ મુસ્તન્જિદ બિલ્લાહ અબૂ મુઝફ્ફર યૂસુફ હાજર થયો. તેણે આપને સલામ અર્ઝ કરી અને નસીહત તલબ કરતાં આપની સમક્ષ દસ થેલીઓ રાખી દીધી જેને દસ ગુલામ ઉઠાવીને લાવ્યા હતા. આપે ફર્માવ્યું કે, "મને એની જરૂરત નથી !" અને સ્વીકારવાની ના પાડી આપી. બાદશાહે ઘણી જ આજીજી કરી તો આપ એક થેલી પોતાના જમણા હાથમાં બીજી ડાબા હાથમાં લીધી અને બંનેને હાથમાં દબાવી તો તે લોહી બનીને વહેવા લાગી !

આપે ફર્માવ્યું, એ અબૂ મુઝફ્ફર ! શું તમે ખુદા તઆલાથી નથી ડરતા કે લોકોનું લોહી ચૂસો છો ! અને મારી સામે લાવો છો ! બાદશાહ બેહોશ થઈ ગયો. આપે ફર્માવ્યું, "મઅબૂદની ઈજ્જતની કસમ ! જો રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે એના રિશ્તાનો લેહાઝ ન હોત તો હું લોહીને જરૂર છોડત કે તે તેના મકાન સુધી વહેત." *(બહજતુલ અસ્રાર, પેજ–૬૧)*

**સબક** : ગૌષ પાક رضی اللہ عنہ એ આ પ્રસંગે પોતાનો એ અકીદો સાબિત કર્યો કે રબ તઆલાએ મને તસર્રુફની તે શક્તિ અતા કરી છે કે હું ચાંદી તથા સોનાના સિક્કાઓ, દિરહમ તથા દીનારોને લોહી બનાવીને એને દૂર સુધી વહાવી શકુ છું. અને **મસ્લકે આ'લા હઝરત પણ નબી વલીના તસર્રુફ પર યકીન રાખવાનો અકીદો શીખવે છે.**

**ચેતવણી** : ગૌષે પાકના ઈખ્તિયાર, ઈલ્મે ગૈબ તથા તસરુફના વાકયા તો આપ જોઈ જ રહ્યા છો, આ તો નબી પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના ગુલામોના ગુલામનો હાલ છે ! જયારે વહાબી દેવબંદીઓની કંથારીયા (જિ. ભરૂચ) દારુલ ઉલૂમથી છપાયેલ કિતાબ તકવિયતુલ ઈમાન *(ગુજરાતી અનુવાદક : હસન ભડકોદ્રવી, પ્રકાશન નં. ૯૬)*માં પેજ નં. ૬૬ ઉપર ખૂદ અલ્લાહના નબી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم માટે દેવબંદી અકીદો લખ્યો છે કે, "અલ્લાહ તઆલાએ આપને જ હુકમ ફર્માવ્યો કે લોકોની સામે પોતાની વિસાત વર્ણવી દો કે મને કાંઈ કુદરત પ્રાપ્ત નથી અને હું ગૈબ પણ નથી જાણતો. મારી કુદરતનો અંદાઝો આટેલીથી જ લગાડી લો કે હું ખૂદ સ્વજાત (મારા પોતાના) માટેય નફા નુકસાનનો માલિક નથી ! તો બીજાઓને તો શું લાભ–નુકસાન પહોંચાડી શકવાનો હતો ?!..."

એ જ કિતાબના પેજ ૧૪૬ ઉપર લખ્યું છે : "રસૂલના ઈચ્છવાથી કશું જ થતું નથી !"

પેજ ૧૪૦ ઉપર લખ્યું છે : "અલ્લાહની શાન તો ઘણી મહાન તથા ઉચ્ચ છે. સઘળા અંબિયા અને ઔલિયા એની આગળ "એક તુચ્છ રજકણ" કરતાંય વધુ તુચ્છ અને અલ્પ છે." તમે કહો !! શું મુસલમાન આવું વિચારી પણ શકે કે, "અને એ બાબતમાં (ગયબ જાણવામાં) ઔલિયા,

અંબિયા તથા જિન્નાત તથા શૈતાન અને ભૂત તથા પરીમાં કોઈ ફરક નથી." *(તકવિયતુલ ઈમાન)* હા ! આ છે દેવબંદી અકીદા !!

જ્યારે **"મસ્લકે આ'લા હઝરત"** એ તે જ અકીદા જે સહાબા, તાબઈન, તબેતાબઈન, ગૌષપાક તથા સર્વ ઔલિયાના હતા એના પર જ ઈમાન રાખવાની તાકીદ કરે છે અને એનાથી ચલિત થનારને ગુમરાહ ગણે છે, શાને રિસાલતમાં ગુસ્તાખીભર્યા શબ્દો લખનારને કાફિર ઠરાવે છે.

દેવબંદી ધર્મમાં **કુર્આનથી અધિક મહત્વ** જે કુખ્યાત કિતાબ **"તકવિયતુલ ઈમાન"**ને આપવામાં આવે છે તેમાંના હલકા શબ્દો આપે નબી વલી માટે વાંચી લીધા, આપનું દિલ એ શબ્દો વાંચી ક્કડી ઉઠયું હશે કે "આવા બદ્બખ્તો પાછા પોતાને **"અહલે સુન્નત"** જણાવે છે ! અને લોકોને **"સુન્ની"** લેબલ લગાડી પોતાને **"મસ્લકે અહલે સુન્નત"**વાળા તથા પોતાને **"અહલે સુન્નત વ જમાઅત"** જણાવીને ધોકો આપે છે !" તો સુન્ની મુસલમાનો ! આજે એટલા જ માટે ખરા **"સુન્ની"**ની તથા ખરા **"મસ્લકે અહલે સુન્નત"**ની ઓળખ માટે કોઈ ફાંફાં મારવાની જરૂર નથી ! કેવળ **"સુન્ની બરેલ્વી"** તથા **"મસ્લકે આ'લા હઝરત"** નામની જરૂરત છે કે નામ પરથી તુરત જ ખબર પડી જાય કે **આ જ સાચા સુન્નીઓ છે જેમના અકીદા સહાબા, તાબઈન તથા ઔલિયા કિરામના પ્રમાણેના છે.**

**ચેતવણી** : બીજુ આશ્ચર્ય એ બાબતનું છે કે, **નબી, વલીના, ગૌષ પાકના આવા ગુસ્તાખો વહાબી, દેવબંદી, કહેવાતા અહલે હદીષ, કહેવાતા જમાઅતે ઈસ્લામી વગેરેના અકીદા વિશે વરસોથી વારંવાર તકરીરો તથા લખાણોથી મુસલમાનોને જાણ કરવામાં આવતી જ રહે છે છતાં આપણા ભાઈઓ, કહેવાતા સુન્નીઓ તેમની સોહબત, તેમની સાથે ઉઠક બેઠક, દોસ્તી, શાદી, વહેવાર, મરી જાય ત્યારે બંને બાજુ આવજા તથા ન્યાઝ જેવી પવિત્ર ચીજમાં તેમને દા'વત તથા બકરા ઈદ વેળા તેમનો ગોશ્ત (જે ખાવો હરામ છે) લેવો તથા તેમને ત્યાં ગોશ્ત આપવો....** વગેરે પણ ચાલુ જ રાખે છે અને પાછા ગૌષ પાકના ચાહક બની દેગો ને દેગો ન્યાઝ પણ પકાવે છે ! તો આવી દોગલી પોલીસીથી કોઈ ફાયદો નથી ! માટે જે ગૌષ પાકનો ગુસ્તાખ છે તેને આપણો દુશ્મન સમજી તેના સાયાથી પણ દૂર રહેવું જોઈએ. નહીં કે તેમને પોતાની બહેન, દીકરીઓ સોંપી દેવી કે તેમની દીકરીઓને આપણે ત્યાં લાવી તેમને સગા બનાવવા ! એ કેવી તમારી અકીદત છે કે નબી વલીથી મહોબ્બતનો પણ દા'વો છે અને તેમના દુશ્મનોથી ગળે પણ લાગવું છે !!

હે લોકો ! દૂધમાંને દહીંમાં પગ રાખવાનું છોડો ! અને મઝહબે હક્કને મજબૂતીથી પકડી રાખો ! તમારા દિમાગના સર્વ ભરમો આ આંખો મીંચાતાં જ ખુલી જશે અને જે શરીઅતના કાનૂનો છે જે કુર્આન, હદીષ તથા ઉલમાના બુઝુર્ગોના કથનો છે કે નબી વલીના ગુસ્તાખોથી દૂર રહો તેના પર જ અમલ કરીને બંને જહાનમાં ઈજ્જત મેળવો. સાંભળો ! આશિકે ગૌષ તો આવો હોય છે :–

**ક્યા દબે જિસપે હિમાયત કા હો પંજા તેરા**
**શેર કો ખતરે મેં લાતા નહીં કુત્તા તેરા**
**તુઝ સે દર, દરસે સગ, ઔર સગસે હૈ મુઝ કો નિસ્બત**
**મેરી ગરદન મેં ભી હૈ દૂર કા ડોરા તેરા**
**ઈસ નિશાની કે જો સગ હૈ નહીં મારે જાતે**
**હશ્ર તક મેરે ગલે મેં રહે પટ્ટા તેરા**
**મેરી કિસ્મત કી કસમ ખાએં સગાને બગદાદ**
**હિંદમેં ભી હૂં તો દેતા રહૂં પેહરા તેરા**

*(આ'લા હઝરત)*

★ સગ = કૂતરો ★ સગાને = કૂતરાઓ

# તફસીરે ઝિયાઉલ કુર્આન

ضیاء القرآن

હપ્તો : ૦૬

કાર્યાલય

અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## ★ સૂરએ બકરહની તફસીર ★

أَوْ كَصَيِّبٍ مِّنَ السَّمَاءِ
فِيهِ ظُلُمَاتٌ وَرَعْدٌ وَبَرْقٌ يَجْعَلُونَ أَصَابِعَهُمْ فِي آذَانِهِم
مِّنَ الصَّوَاعِقِ حَذَرَ الْمَوْتِ ۚ وَاللَّهُ مُحِيطٌ بِالْكَافِرِينَ ﴿١٩﴾
يَكَادُ الْبَرْقُ يَخْطَفُ أَبْصَارَهُمْ ۖ كُلَّمَا أَضَاءَ لَهُم مَّشَوْا
فِيهِ وَإِذَا أَظْلَمَ عَلَيْهِمْ قَامُوا ۚ وَلَوْ شَاءَ اللَّهُ لَذَهَبَ
بِسَمْعِهِمْ وَأَبْصَارِهِمْ ۚ إِنَّ اللَّهَ عَلَىٰ كُلِّ شَيْءٍ قَدِيرٌ ﴿٢٠﴾
يَا أَيُّهَا النَّاسُ اعْبُدُوا رَبَّكُمُ الَّذِي خَلَقَكُمْ وَالَّذِينَ مِن
قَبْلِكُمْ لَعَلَّكُمْ تَتَّقُونَ ﴿٢١﴾ الَّذِي جَعَلَ لَكُمُ الْأَرْضَ فِرَاشًا
وَالسَّمَاءَ بِنَاءً وَأَنزَلَ مِنَ السَّمَاءِ مَاءً فَأَخْرَجَ بِهِ مِنَ
الثَّمَرَاتِ رِزْقًا لَّكُمْ ۖ فَلَا تَجْعَلُوا لِلَّهِ أَندَادًا وَأَنتُمْ تَعْلَمُونَ ﴿٢٢﴾

**તર્જુમો** : અથવા પછી જાણે ધોધમાર વરસાદ વરસી રહ્યો હોય વાદળેથી જેમાં અંધારાં હોય અને ગર્જના અને ચમક હોય, ખોસે છે પોતાની આંગળીઓ પોતાનાં કાનોમાં કડાકાના કારણે મૃત્યુના ડરથી, અને અલ્લાહે કાફિરોને ઘેરેલા છે, નજીક છે કે વીજળી ઊંચકી લઈ જાય તેમની દૃષ્ટિ શક્તિ જ્યારે ચમકે છે તેમના માટે તો ચાલવા લાગે છે તે(ની રોશની)માં અને જ્યારે અંધારું છવાઈ જાય છે તેમના પર તો ઉભા રહી જાય છે અને જો ચાહે અલ્લાહ તો લઈ જાય તેમની શ્રવણ શક્તિ અને તેમની દૃષ્ટિ શક્તિ. બેશક ! અલ્લાહ તઆલા દરેક ચીજ પર શક્તિમાન છે.[૨૮] હે લોકો ![૨૯] ઈબાદત કરો તમારા રબની જેણે પેદા કર્યા તમોને[૩૦] અને જે તમારાથી પહેલાં હતા જેથી તમે પરહેઝગાર બની જાવ. તે જેણે બનાવ્યું તમારા માટે જમીનને બિછાનું અને આસ્માનને ઈમારત અને ઉતાર્યું આસ્માનથી પાણી પછી કાઢયાં તેનાથી કેટલાંક ફળો તમારે ખાવાના માટે, તો ન ઠરાવો અલ્લાહના માટે સમકક્ષ[૩૧].

## ★ તફસીર ★

**૨૮.** અલ્લાહ તઆલા દરેક ચીજ પર કાદિર છે. હિંદી, મિસ્રી અને યૂનાની દેવતાઓની જેમ તેના ઈખ્તિયારો સીમિત નથી. કાયનાતનું કણેકણ તેના હુકમના તાબા હેઠળ છે. ઊંચાઈઓ તથા નીચાણો સૌ તેના હુકમ સમક્ષ માથુ નમાવેલ છે.

**૨૯.** આ આયતમાં ઈસ્લામના પાયાના હેતુઓ એટલે કે તૌહીદ, કુર્આનની સચ્ચાઈ અને નબુવ્વતની સત્યતા વગેરે પર ઈમાન લાવવાની દા'વત આપવામાં આવી રહી છે. ઈસ્લામ કોઈ ખાસ કૌમ, દેશ અને સમયનો ધર્મ નથી બલ્કે સર્વ માનવ જાતનો કિયામત સુધી દીન છે એટલા માટે આમ (સર્વ સામાન્ય) સંબોધનથી દા'વત આપવામાં આવી રહી છે **યા ઐયુહન્નાસ** ! હે તમામ ઈન્સાનો !

**૩૦.** તૌહીદે રબૂબિયતથી તૌહીદે ઉલૂહિયત પર દલીલ કાયમ કરવામાં આવી રહી છે. ઉપસ્થિત કરવાની અને સલામત રાખવાની નેઅમતનો ઉલ્લેખ

કરીને સાબિત કર્યું કે તે **વહ્‌દહુ લાશરીક** છે. એટલે તમે તમારા રબની ઈબાદત કરો, કેમ કે તે જ છે જેણે તમને પેદા કર્યા. જો તે કરમ ન ફર્માવત (કૃપા ન કરત) તો તમે અનઅસ્તિત્વની દુનિયામાંથી અસ્તિત્વની દુનિયામાં કઈ રીતે આવી શકત. વળી તેણે વિશેષ કરમ એ કર્યો કે તમને પેદા કરીને તમારા આરામ તથા સુખ સગવડ તથા હયાત તથા બકાનો સર્વ સામાન ખૂદ પૂરો પાડયો. જો તે તમને કેવળ પેદા કરીને છોડી આપતે અને પોતાના લુત્ફો ઈનાયતથી તમારી રોજી તથા સુખ સગવડની વ્યવસ્થા ન કરતો તો તમે પેદા થતાં જ મૃત્યુ પામત. હવે જયારે કે તમારું અસ્તિત્વ પણ તેના કરમનો સદકો છે અને તમારી જિંદગી અને સલામતી પણ તેની રહમતની નજરની મોહતાજ છે અને ન કોઈ અન્યનો એમાં હિસ્સો, જયારે ઉત્પત્તિ અને રબૂબિયતમાં તે **વહ્‌દહુ લા શરીક** છે તો ઉલૂહિયતમાં કોણ તેનો શરીક થઈ શકે છે ? જયારે **લા ખાલિકુ ઈલ્લલ્લાહ** (અલ્લાહ સિવાય કોઈ પેદા કરનાર નથી) અને **લા રબ્બુ ઈલ્લલ્લાહ** (અલ્લાહ સિવાય કોઈ માલિક નથી)નો સ્વીકાર કરવામાં ઈન્કારને અવકાશ નથી તો આપોઆપ **લાઈલાહ ઈલ્લલ્લાહ** સ્વીકારવું પડશે અને જયારે એના પર મજબૂત ઈમાન થઈ ગયું તો **લા મઅબૂદ ઈલ્લલ્લાહ** (અલ્લાહ સિવાય કોઈ પૂજય નથી) પર પણ યકીન થઈ જશે. તો સાબિત થયું કે ઈબાદત (પૂજા)ને લાયક તે જ પાક ઝાત છે જે દરેક લેહાઝથી **વહ્‌દહૂ લા શરીક** છે. તૌહીદ (અલ્લાહના એક હોવા)ના ના'ઝુક તથા ગુંચવણભર્યા મસ્અલા પર કુર્આનની દલીલોની પધ્ધતિ આપે જોઈ. કેટલી સ્વભાવિક, કેટલો સાદો, તેમજ કેટલી અસરકારક તથા યકીન અપાવનાર છે કે એક આપણે સામાન્ય માનવી, એક આલિમ, એક મુહક્કિક (સંશોધક) તથા સૃષ્ટિના ભેદોના સમુદ્રનો માહિર મરજીવો, સૌ સમાન રીતે પોત પોતાની સમજના પ્રમાણે તેનાથી લાભ ઉઠાવી શકે છે. તેના મુકાબલામાં ફિલોસોફી તથા હિકમતના સહીફાઓમાં તૌહીદની દલીલો વાંચો તો વિદ્યામય મડાગાંઠો, ગુંચવણમય બોલીઓ, પ્રાસ્તાવિક્તાના ક્રમનો વિમાસણભર્યો ચક્કર તમને પ્રભાવિત તો કરી દેશે પરંતુ યકીનની દૌલતથી આપનો દામન ખાલી જ રહેશે. આ જ કુર્આનનો મા'જિઝો છે જેણે ૧૪૦૦ સદીઓથી વિ□ના જ્ઞાનીઓને આશ્ચર્યમાં ગરકાવ કરી રાખ્યા છે.

**૩૧.** એનો મુફરદ નદુન્ :–

لانهم لما تركوا عبادته الى عبادتها وسموها الهة છે જેનો અર્થ છે **અલ્ મિષ્લુલ્ મનાવી** એટલે તે વ્યક્તિ જે કોઈના જેવો પણ હોય અને વિરૂધ્ધ પણ હોય. મુશ્રિકોની મૂર્તિઓને અન્દાદ શા માટે કહેવામાં આવી ? એનું કારણ અલ્લામા બયઝાવી લખે છે : (અર્થ) કેમ કે તેમણે અલ્લાહ તઆલાની ઈબાદત છોડી દીધી હતી અને કેવળ તે મૂર્તિઓની જ ઈબાદત કર્યા કરતા હતા અને તેમને (ઈલાહ) ખુદા પણ કહેતા હતા.

## ★ બેહરીનમાં મીલાદુન્નબી મનાવાયો ★

બેહરીનથી ઈરફાન અહમદ બટેરી ચાંચવેલી લખી જણાવે છે કે અહીં ભરૂચી સુન્નીઓ ઘણા ઓછા રહે છે પણ પાકિસ્તાની મોટી સંખ્યામાં છે વહાબીઓના કબજાના કારણે ૯૦ % મસ્જિદોમાં આવા પ્રોગ્રામની પરમિશન નથી મળતી પણ એક અરબી જે રાજાના ખાનદાનમાંથી તેની પોતાની બનાવેલી મસ્જિદમાં તા. ૩૦/૪/૨૦૦૪ ના રોજ મૂએ મુબારકની ઝિયારત અને નઅત શરીફનો પ્રોગ્રામ યોજાયો જેમાં *સરકાર કી આમદ મરહબા.....*વગેરે નઅતોએ ધુમ મચાવી હતી. જનાબ ઈસ્હાકભાઈ કેરીવાળા હલદરવીએ આ પ્રોગ્રામને સફળ બનાવવામાં ઘણો મોટો ભાગ ભજવ્યો હતો. ઈકબાલભાઈ અરગામાવાળા તથા ઝનોર ગામના સુન્ની યુવાનોએ પણ ભાગ લીધો હતો. આખુ વાતાવરણ ઈશ્કે નબી ﷺમાં ચૂર થઈ ગયું હતું.

દર્સે હદીષે પાક

# મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

(એટલે)

# મિર્કાત શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عَلَيْهِ رَحْمَةُ اللّٰهِ الْقَوِي

(કાર્યાલય) હપ્તો : ૦૬

★ હદીષ : ૧૬ ★

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસથી[૧] રિવાયત છે, ફર્માવે છે કે કબીલા અબ્દુલ કૈસના પ્રતિનિધિમંડળનો પ્રતિનિધિ[૨] જ્યારે નબી ﷺ ની ખિદમતમાં આવ્યો તો હુઝૂર ﷺ એ પૂછયું કે તમે કઈ કૌમ અથવા કયુ પ્રતિનિધિમંડળ છો ? અર્ઝ કરી, અમે રબીઆ છીએ[૩]. ફર્માવ્યું, આ પ્રતિનિધિમંડળ અથવા કૌમ સારી આવી ગઈ કે બેઈજ્જત થયા ન શર્મિંદા[૪]. અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! અમે તમારા સુધી કેવળ મોહતરમ મહીનામાં આવી શકીએ છીએ[૫] કેમ કે અમારી તથા તમારી વચ્ચે મુઝર કાફિરોનો કબીલો આડે આવેલો છે[૬] જેથી અમને નિર્ણયાત્મક ખબર સંભળાવી દો જેની ખબર અમે અમારા પાછલાવાળાઓને પણ આપી દઈએ. અને અમે જન્નતમાં પણ પહોંચી જઈએ[૭]. તેમણે હુઝૂરને શરાબોના વિશે પૂછયું તો હુઝૂર તેમને ચાર ચીજોનો હુકમ આપ્યો અને ચાર ચીજોથી મના ફર્માવ્યું. અલ્લાહ પર ઈમાન લાવવાનો હુકમ ફર્માવ્યો. શું જાણો છો કે કેવળ અલ્લાહ પર ઈમાન લાવવું શું છે ? તે બોલ્યા, અલ્લાહ વ રસૂલ જાણે ![૮] ફર્માવ્યું, એ ગવાહી આપવી કે અલ્લાહના સિવાય કોઈ ઈબાદતને લાયક નથી અને મુહમ્મદ (ﷺ) અલ્લાહના રસૂલ છે[૯]. અને નમાઝ કાયમ રાખવા, ઝકાત આપવા અને રમઝાનના રોઝા રાખવાનું[૧૦]. અને ફર્માવ્યું કે ગનીમતમાંથી પાંચમો હિસ્સો હાજર કરો[૧૧] અને ચાર ચીજોથી મના ફર્માવ્યું : ઠલિયાથી, તુંબીથી, લાકડી દૂરીથી અને તારકોલવાળા પ્યાલાથી[૧૨], ફર્માવ્યું, અને પોતે પણ યાદ કરી લો અને અન્યોને પણ એની ખબર આપી દો[૧૩]. (મુસ્લિમ તથા બુખારી) શબ્દો બુખારીના છે.

★ સમજુતી ★

**૧.** આપનું નામ અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ ઈબ્ને અબ્દુલ મુત્તલિબ છે, હુઝૂરના કાકાના પુત્ર છે. આપનાં વાલિદા લુબાબા બિન્તે હારિષ છે. આપ હિજરતના ત્રણ વરસ પહેલાં પેદા થયા. જ્યારે તેર વરસના થયા ત્યારે હુઝૂર ﷺ નો વિસાલ થયો. આપનો લકબ હિબ્રે ઉમ્મત છે એટલે ઈસ્લામી ઉમ્મતના મહાન આલિમ, તફસીરે કુર્આનના ઈમામ છે. અંતિમ વયે નાબીના થઈ ગયા હતા. હિ.સ. ૬૮ માં તાઈફ મુકામે ૭૧ વરસની ઉમ્ર શરીફમાં વિસાલ થયો. તાઈફમાં મઝાર શરીફ છે જેની ફકીરે (લેખકે) ઝિયારત કરી છે.

**૨.** વફદ (પ્રતિનિધિમંડળ) કૌમના તે પ્રતિનિધિને કહે છે જે પોતાની કૌમની તરફથી સુલ્તાન અથવા અમીરની ખિદમતમાં કાંઈક પયગામ સંદેશ લઈને હાજર થાય અથવા તેમના તરફથી વફાદારીનો કરાર કરે. તેઓ ૧૪ વ્યક્તિઓ હતા જે અબ્દુલ કૈસ કબીલાના તરફથી ઈમાન લાવ્યા અને હુઝૂરથી ઈસ્લામના અહકામ (હુકમો) મા'લૂમ કરવા આવ્યા હતા. આ કબીલો બેહરીન, કતીફ, હજર વગેરે વસ્તીઓમાં આબાદ હતા. અબ્દુલ કૈસ તેમના દાદાનું નામ હતું જેમનો વંશવેલો રબીઆ ઈબ્ને નઝાર ઈબ્ને મઅદ ઈબ્ને અદનાન સુધી પહોંચે છે, એટલા માટે એ કબીલાને અબ્દુલ કૈસ પણ કહે છે અને રબીઆ પણ કહે છે.

**૩.** આ સવાલ તથા જવાબ લોકોને સંભળાવવા માટે છે, નહીં તો હુઝૂર તો વાકેફ હતા. મિર્કાતમાં એ જ

જગાએ છે કે આ પ્રતિનિધિમંડળ જ્યારે મદીના મુનવ્વરાની પાસે પહોંચ્યું તો હુઝૂરે હાજરજનોને ખબર આપી કે અબ્દુલ કૈસનું પ્રતિનિધિમંડળ આવી રહ્યું છે જેઓ પૂર્વના બેહતરીન લોકોમાંથી છે, એમાં અશબહ પણ છે જેનું નામ મુન્ઝર છે. પૂછવું બેઈલ્મીના લીધે જ નથી હોતું. રબે પૂછયું હતું :– وماتلك بيمينك ياموسىٰ

**૪.** આ શબ્દો ક્યાં તો દુઆ રૂપે છે કે ખુદા કરે તમને કદી રુસ્વાઈ તથા શર્મિંદગી ન થાય. અથવા ખબર છે એટલે કે, સારું થયું તમે ખુશીથી ઈસ્લામ લાવીને હાજર થઈ ગયા, નહીં તો અમુક અરસા બાદ ઈસ્લામી લશ્કર તમારો દેશ ફતહ કરત તો તમને શર્મિંદગી અને બેઈજ્જતી થાત. હવે ઈજ્જતભેર ઈમાન લઈ આવ્યા.

**૫.** અહીં જિન્સી મહીનો મુરાદ છે, એટલે કે અમે સાલમાં કેવળ ચાર મોહતરમ મહીનાઓમાં જ સફર કરીને આપના સુધી પહોંચી શકીએ છીએ. માહે હરામ (એહતેરામને પાત્ર) મહીના ચાર હતા. રજબ, ઝી કઅ્દા, ઝીલ હજ્જ અને મુહર્રમ. આ મહીનાઓમાં કાફિરો પણ કત્લ તથા ગારત નથી કરતા, માર્ગોમાં શાંતિ–સલામતી રહે છે. સફર આસાનીપૂર્વક થતો હતો એટલા માટે એવું અર્ઝ કરી રહ્યા હતા.

**૬.** જેઓ અન્ય મહીનાઓમાં લૂટમાર કરતા રહે છે જેના કારણે સફર બંધ રહે છે.

**૭.** એટલે કે એ અકીદાઓ તથા અમલોના કારણે અમારા પર અલ્લાહ ફઝ્લ કરે, જન્નત બખ્શે. યાદ રાખશો કે જન્નત અલ્લાહના ફઝ્લથી મળશે અને આ અમલો તે ફઝ્લને હાંસલ કરવાનો ઝરીયો છે.

**૮.** આ અદબના કારણે અર્ઝ કર્યું, નહીં તો એ લોકો ઈમાન લાવી ચૂક્યા હતા. મો'મિન ઈમાનથી બેખબર નથી હોતો. (મિર્કાત) સહાબાનો એ અદબ હતો કે તેમને ઈલ્મ પણ હોતો પણ હુઝૂરથી આગળ વધતા ન હતા. એનાથી જાણવા મળ્યું કે હુઝૂરને અલ્લાહે ઘણો ઈલ્મ આપ્યો.

**૯.** એનાથી જાણવા મળ્યું કે હુઝૂર પર ઈમાન લાવ્યા વિના અલ્લાહ તઆલા પર ઈમાન અશક્ય છે. અલ્લાહ પર ઈમાન (ઈમાન બિલ્લાહ)ની તફસીરમાં રિસાલતનો ઉલ્લેખ પણ થયો. શહાદતથી મુરાદ દિલની ગવાહી છે એટલે કે માનવું તથા કબૂલ કરવું, નહીં તો જીભથી સ્વીકાર કરવો એ ઈમાનનો ભાગ નથી બલ્કે ઈસ્લામી અહકામ (હુકમો) લાગુ થવાની શરત છે.

**૧૦.** નમાઝ, રોઝા વગેરે ઈમાનની તફસીર નથી બલ્કે ઈમાન પર આધારિત છે. એટલે કે તેમને ઈમાનનો પણ હુકમ આપ્યો અને નમાઝ, રોઝા વગેરેનો પણ. ઈમાન અમલો પર અગ્રતા ધરાવે છે એટલા માટે ઈમાન પછી તેનો ઉલ્લેખ થયો. હજી હજ્જ ફર્ઝ ન થઈ હતી એટલા માટે એનો ઉલ્લેખ નથી. હજ્જ સ. હિ. **નવ**માં ફર્ઝ થયો છે.

**૧૧.** તે વખતે જેહાદ ફર્ઝ થઈ ચૂક્યો હતો અને આ લોકો જેહાદ કરનારાઓમાંથી હતા એટલા માટે તેમને જેહાદના અહકામ ઈર્શાદ ફર્માવ્યા કે મુઝરના કાફિરો સાથે જેહાદ કરો તો જે ગનીમતનો માલ હાસંલ થાય તેનો પાંચમો હિસ્સો અહીં મોકલી દીધા કરો, ચાર હિસ્સા મુજાહિદોમાં વહેંચ્યા કરો. રબ ફર્માવે છે : وَاعۡلَمُوۡا اَنَّمَا غَنِمۡتُمۡ ا

**૧૨.** આ શરાબના ચાર પાત્રો છે : **હિન્તુમ** શરાબની નાની પોટલી, **દુબ્બા** પોલી કરેલ પાકી (સૂકી) દૂધી જે જગની જેમ ઉપયોગમાં આવતી હતી. **નકીર** ઝાડનું મૂળ છે જેને ખોતરીને તેમાં શરાબ રાખતા હતા, **મુઝફ્ફત** શરાબ પીવાનો પ્યાલો. એ વખતે શરાબ નવી નવી હરામ થઈ હતી જેથી જો એ પાત્રો વપરાશમાં રહેતાં તો શક્ય હતું કે તેમને છૂટેલી શરાબ ફરી યાદ આવી જાત એટલા માટે તેનો વપરાશ પણ હરામ કરી આપવામાં આવ્યો, પછી કેટલાક અરસા બાદ એ હુર્મત રદ કરી દેવામાં આવી, જેવી કે બીજી રિવાયતમાં છે.

**૧૩.** એટલે કે તમે **આલિમ તથા આમિલ** પણ બનો અને **મુબલ્લિગ** પણ બનો. **તબ્લીગના માટે કામિલ આલિમ હોવું શર્ત નથી,** જે સહીહ મસ્અલો માલૂમ હોય તેની તબ્લીગ કરે. આ હદીષથી જાણવા મળ્યું કે હરામથી બચવા માટે હરામના સબબોને રોકવા જરૂરી છે, શરદી રોકો જેથી તાવથી બચો, ઊંદરોનો નાશ કરો જેથી પ્લેગ ન ફેલાય, બિભત્સતા રોકો જેથી વ્યભિચાર ન ફેલાય. *(ક્રમશઃ)*

# ફતાવા વિભાગ

**અઝ : હઝરત મુફ્તી મુહમ્મદ હારૂન રશીદ કાદરી અમજદી કંબોલવી**

**સવાલ :** (એક ભાઈનો પ્રશ્ન છે કે) અમે ચાર નવ જવાન એક એવી જગ્યા પર છીએ જ્યાં નમાઝ માટે મસ્જિદ કે મૌલાના નથી અમે ચારેવ કેટલાક કારણોસર દાઢી કતરાવીએ છીએ એક મુટ્ટીથી ઓછી અથવા રાખતા જ નથી. તો આ ચારવેમાંથી કોઈ પણ એક નમાઝ પઢાવી શકે ?! અને જો નમાઝ પઢાવી લીધી હોય તો નમાઝ થાય ખરી ?! [**પ્રશ્નકર્તા :** *કાઝી મસઊદ એહમદ એસ. બ્લોક નં. ૯૮/૧ "ચ" ટાઈપ, સેક્ટર ૨૯, ગાંધીનગર*]

**જવાબ :** દાઢી મૂડાવવી અથવા એક મુટ્ટીથી ઓછી રાખવી ફિસ્ક (ગુનોહ) છે. અને આવું કરવાવાળો ફાસિકે મુઅલિન છે. અને ફાસિકે મુઅલિન પાછળ નમાઝ પઢવી મકરૂહે તહરીમી એટલે કે ફરીથી પઢવી જરૂરી (વાજિબ) છે.

માટે જો તમારા ચારેવમાં કોઈ પણ બાશરઅ ન હોય તો બધાએ અલગ અલગ નમાઝ પઢવી અને આ પહેલાં જેટલી નમાઝો ફાસિકે મુઅલિન પાછળ પઢી હોય તેને ફરીથી પઢી લેવી જરૂરી છે. આવી જ રીતે ફતાવા રઝવિય્યહ્, ભાગ–૩, પેજ–૨૭૩ અને ફતાવા અફઝલુલ મદારિસ, ભાગ–૧, પેજ–૪૨ માં આવેલું છે. અલ્લાહ પાક બેહતર જાણનાર છે.

***લખનાર :** મુહમ્મદ હારૂન રશીદ કાદરી અમજદી કંબોલ્વી*

**સવાલ :** શું ફર્માવે છે દીનના મુફતીઓ આ મસ્અલામાં કે કોઈ ઈમામ દાઢી કે માથાના વાળમાં ખિઝાબ લગાડે છે તેની પાછળ નમાઝ થાય ? અને ખિઝાબ નીકળી જાય પછી થાય ? તો ખુલાસાવાર જવાબ આપશો. [**પ્રશ્નકર્તા :** *અબ્દુલમજીદ શેખ, પાલેજ, જિ. ભરૂચ*]

**જવાબ :** દાઢી કે માથાના વાળમાં ખિઝાબ લગાડવો નાજાઈઝ અને હરામ છે. હદીષ શરીફમાં છે :–

عَنْ عَبْدِ اللّٰهِ اِبْنِ عَبَّاسٍ قَال قَال رَسُوْلُ اللّٰه صل اللّٰه تعالیٰ علیہِ وسلم یَکُوْنُ قَوْمٌ فِی آخر الزَّمَانِ بَخْضِبُوْنَ بَھٰذَا االسَّوَادِ کَحَوَاصِلِ الْحَمَامِ لَایَجِدُوْنَ رَائِحَةُ الْجَنَّةِ

**તર્જુમો :** હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ થી રિવાયત છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે આખર જમાનામાં એવી કૌમ પણ પેદા થશે જે આ કાળા રંગની જડી બુટ્ટી અને મસાલાથી પોતાના વાળને કબૂતરોની પાંખોની જેમ કાળા કરશે. તે લોકોને જન્નની ખુશ્બુ પણ નહીં મળે. *(અબૂ દાઊદ શરીફ, ભાગ–૨, પેજ–૩૩૬)*

માટે ખિઝાબ લગાડવાવાળો ફાસિકે મુઅલિન છે. અને ફાસિકે મુઅલિન પાછળ નમાઝ પઢવી મકરૂહે તહરીમી એટલે કે ફરીથી પઢવી વાજિબ (જરૂરી) છે. ફતાવા શામી, ભાગ–૨, પેજ–૧૪૭ માં છે :–

كلصلاة اديت مع كراهة التحريم تجب اعادتها

**અર્થ :** જે નમાઝ મકરૂહે તેહરીમી થઈ હોય તેને ફરીથી પઢવી વાજિબ છે.

માટે હવે તે ઈમામ ખિઝાબ લગાડવાથી તૌબા કરે અને ભવિષ્યમાં ખિઝાબ ન લગાડવાનો પાકો નિશ્ચય કરે. પછી થોડા દિવસો સુધી તેને જોવામાં આવે કે હવે ખિઝાબ લગાડે છે કે નહીં ? જો ન લગાડે તો તેની પાછળ નમાઝ પઢવી જાઈઝ છે. અને જો અમુક દિવસોમાં ફરી લગાડે તો તેની પાછળ બિલ્કુલ નમાઝ થશે નહીં. ફતાવા આલમગીરી, ભાગ–૨, પેજ–૪૪૬ માં છે :–

الفاسق اذاتاب لاتقبل شهادته مالم يمض
عليه زمان يظهر اثرالتوبه

અર્થાત : ફાસિક જ્યારે તૌબા કરી લે ત્યાર પછી જ્યાં સુધી એનામાં તૌબાનો અસર ન જોવા મળે ત્યાં સુધી એની ગવાહી ન માનવામાં આવે.

એવી જ રીતે ફતાવા નઈમિયામાં, ભાગ–૪, પેજ–૮ અને ફતાવા અફઝલુલ્ મદારિસ, ભાગ–૧, પેજ–૪૯ માં પણ છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

***લખનાર :** મુહમ્મદ હારૂન રશીદ કાદરી અમજદી કંબોલ્વી*

"ઈમાનની જાન રસૂલે પાક ﷺ ની શાન પ્રદર્શિત કરતો સંગ્રહ" એટલે

# શિફા શરીફ

شفا شریف

મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ

★ ઉર્દૂ અનુવાદક ★ મૌલાના અબ્દુલ હકીમ અખ્તર શાહજહાંપુરી

★ ગુજરાતી અનુવાદક ★ ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી *(પાટડીવાળા)*

*(વિભાગ-૪)*

## ★ કુર્આને પાકમાં હુઝૂર ﷺની જિંદગીની કસમ ★

જેમ કે આ સંબંધે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું છે :- لَعَمْرُكَ اِنَّهُمْ لَفِیْ سَكْرَتِهِمْ یَعْمَهُوْنَ ۝
**તર્જુમો** : અય મહબૂબ ! તમારા પ્રાણની કસમ ! બેશક ! તેઓ પોતાના નશામાં ભટકી રહ્યા છે. *(સૂરએ હજર, આયત-૭૨)*

તમામ મુફસ્સિરીન (તફસીરકારો) એ વાત પર એકમતી છે કે, આ આયતમાં મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺની હયાતીના સમયની કસમ યાદ કરવામાં આવી છે. ઉમરનો "અયન" જો કે અસલમાં તેના પર પેશ હોય છે પરંતુ વધુ ઉપયોગના કારણે ઝબર થઈ ગયેલ છે. આ હાલતમાં અર્થ એ થશે કે અય મુહમ્મદ ! તમારી જિંદગીની કસમ ! અને એ પણ કહેવામાં આવ્યું છે કે તમારી મૌજૂદ હોવાની કસમ ! અને એ પણ કથન છે કે, તમારી હયાત (જિંદગી)ની કસમ ! આ તા'ઝીમ (સન્માન)ના અંતિમ દરજ્જા અને પ્રતિષ્ઠાની અંતિમ સીમા છે.

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہ ફર્માવે છે કે, અલ્લાહ તઆલાએ કોઈ નાની અથવા મોટી એવી વસ્તુ પૈદા નથી કરી જે તેના નજીક સૈયદના મુહમ્મદ રસૂલલ્લાહ ﷺ થી વધુ[૧] સન્માનિત હોય અને મેં સાંભળ્યું નથી કે અલ્લાહ તઆલાએ આપના સિવાય બીજા કોઈની જિંદગીની કસમ યાદ ફર્માવી હોય.

અબૂ જવાઝ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, અલ્લાહ તઆલાએ મુહમ્મદ ﷺ ના સિવાય બીજા કોઈની જિંદગીની કસમ યાદ ફર્માવી નથી. કેમ કે આપ જ અલ્લાહ તઆલાના નજીક તમામ મખ્લૂકમાં શ્રેષ્ઠ બુઝુર્ગ છે. અને એ પણ ઈર્શાદે બારી તઆલા عزوجل છે :-

یٰسٓ ۝ وَالْقُرْاٰنِ الْحَكِیْمِ ۝ اِنَّكَ لَمِنَ الْمُرْسَلِیْنَ ۝ عَلٰى صِرَاطٍ مُّسْتَقِیْمٍ ۝

**તર્જુમો** : હિકમતવાળા કુર્આનની કસમ ! બેશક ! તમે સીધા માર્ગે મોકલવામાં આવ્યા છો. *(સૂરએ યાસીન, આયત-૧, ૨)*

---

૧. પરંતુ વહાબીઓના મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વીની રસૂલ દુશ્મની જુઓ કે તેમના નજીક ચમાર તમામ મખ્લૂકમાં સન્માનિત છે અને સર્વ મખ્લૂક નાની હોય કે મોટી ખુદાની શાનના આગળ ચમારથી પણ ઝલીલ (નીચ) છે. તેના પોતાના શબ્દો આ છે : "ઔર યહ્ યકીન જાન લેના ચાહિયે કે હર મખ્લૂક બળા હો યા છોટા વહ અલ્લાહકી શાનકે આગે ચમારસે ભી ઝલીલ હૈ. *(તકવિયતુલ ઈમાન, અશરફ પ્રેસ, લાહોર, પેજ-૪૩)*

શબ્દ "યાસીન"ના અર્થની તફસીરમાં મતભેદ છે. અબૂ મુહમ્મદ મક્કી رحمۃ اللہ علیہ એ વાત કહી છે કે નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم થી રિવાયત છે કે, "આપે ફર્માવ્યું કે, અલ્લાહ તઆલાની નજીક મારા દસ નામ છે જેમાંથી બે (૨) નામ તાહા અને યાસીન છે."

અબૂ અબ્દુર્રહ્‌માન સલ્લમી رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૭૩)એ ઈમામ જા'ફર رضی اللہ عنہ થી વાત કહી છે કે, શબ્દ "યાસીન"થી નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને યા સૈયદ કહી સંબોધન કરવું મુરાદ છે. હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કે, આ શબ્દ દ્વારા ફખ્રે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم થી એ કહેવામાં આવ્યું છે કે, અય કામિલ ઈન્સાન ! એ પણ કહેવામાં આવ્યું છે કે, આ કસમ છે અને અલ્લાહ તઆલાના અસ્માએ હુસ્નાથી એક છે. ઝજાજ رحمۃ اللہ علیہ કહે છે કે, તેનાથી "યા મુહમ્મદ મુરાદ છે. કેટલાકે "ફર્દે અકમલ" (સંપૂર્ણ વ્યક્તિ) અને કોઈએ કામિલ ઈન્સાન પણ અર્થ બતાવેલ છે. ઈમામ મુહમ્મદ બિન હન્ફિયા رضی اللہ عنہ થી રિવાયત છે કે, યાસીનનો અર્થ "યા મુહમ્મદ" છે.

કઆબ અહબાર رضی اللہ عنہ થી રિવાયત છે કે, શબ્દ "યાસીન" કસમ છે, તેના દ્વારા અલ્લાહ તઆલાએ જમીન અને આસમાનની પૈદાઈશથી બે હજાર વર્ષ પહેલાં કસમ યાદ કરી હતી કે, મુહમ્મદ બેશક ! પૈગંબરના સમૂહથી હોય અને તેના પછી ફર્માવ્યું કે, હિકમતવાળા કુર્આનની કસમ ! તમે જરૂર મુરસલીન (પૈગંબર)ના સમૂહમાંથી છો.

જો માની લેવામાં આવે છે કે, આ શબ્દ નબીના નામમાંથી છે અથવા તેની કસમ હોવાનું દુરુસ્ત (યોગ્ય) માની લેવામાં આવે, બંને પ્રકારમાં નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની તે તા'ઝીમ (સાદર સત્કાર) જોવા મળે છે. જેની ચર્ચા ઉપર થઈ ચૂકી છે અને બીજી કસમનો તેના પર ઝુકાવ હોવું કસમને વધુ તાકીદ કરી રહી છે અને જો તેને "નિદા" (ગેબી અવાજ) માટે માનવામાં આવે તો પણ તેની પછી કસમ મૌજૂદ છે જેનાથી આપની રિસાલતની સચ્ચાઈ બની રહી છે. અને આપના હાદીએ બરહક (સાચા માર્ગદર્શક) હોવાની સાક્ષી આપવામાં આવી રહી છે. કેમ કે અલ્લાહ તઆલાએ આપનું મુબારક નામ અને આપની મુકદસ કિતાબની કસમ યાદ ફર્માવીને ફર્માવ્યું છે કે, તમે જરૂર પૈગંબરોના સમૂહમાંથી છો અને અલ્લાહની વહીને તેના બંદા સુધી પહોંચાડો છો અને પોતાના પૈગંબરાના ઈમાન દ્વારા સીધા માર્ગ પર છો એટલે એવા રસ્તા પર છો જેમાં કોઈ વક્રતા છે ન સત્યથી વિમુખતા છે.

નક્કાશ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, અલ્લાહ તઆલાએ સૈયેદના મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ના સિવાય કોઈ નબીની રિસાલત પર પોતાની કિતાબમાં કસમ ખાધી નથી અને તેમાં ફખ્રે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم નું અંતિમ સીમાનું સન્માન જોવા મળે છે.

અને આ અર્થઘટનનું તો શું કહેવું ! જે કહેવામાં આવ્યું છે કે શબ્દ "યાસીન"થી મુરાદ **યા સૈયદ** છે. એમાં તો આપનું ઉઘાડુ સન્માન મૌજૂદ છે, જેવું કે ફખ્રે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ખૂદ ફર્માવ્યું છે કે, હું આદમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની તમામ ઔલાદનો સરદાર છું અને હું ગર્વથી કહેતો નથી. આ પણ બારી તઆલાનો ઈર્શાદ છે :–

لَآ اُقْسِمُ بِهٰذَا الْبَلَدِ ۝ وَاَنْتَ حِلٌّۢ بِهٰذَا الْبَلَدِ ۝ وَوَالِدٍ وَّمَا وَلَدَ ۝

**તર્જુમો** : "મને આ શહેરની કસમ કે અય મહબૂબ ! તમે આ શહરમાં વસો છો અને તમારા બાપ ઈબ્રાહીમની કસમ ! અને તેની ઔલાદની જે તમે છો." *(સૂરએ બલદ, આયત–૧, ૨,૩)*

આ તફસીરમાં એ પણ કહેવામાં આવ્યું છે કે, તમારા જવા પછી હું આ શહેરની કસમ નથી યાદ ફર્માવતો. આ અર્થની વાત ઈમામ મક્કી رحمۃ اللہ علیہ એ કહી છે. એ પણ કહેવામાં આવ્યું છે કે, તેમાં **લા** વિશેષ છે અને અર્થ એ છે કે, મને આ

શહેરની કસમ! અને તમારે આ શહેરમાં રહેવું હલાલ છે અથવા જે કાંઈ તમે આ શહેરમાં કરો તે હલાલ છે. અને બંને તફસીર મુજબ તે શહેરથી મુરાદ મક્કા મોઅઝ્ઝમા છે.

ઈમામ વાસેતી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, હું તમારા તે શહેરની કસમ યાદ ફર્માવું છું જેને તમે પોતાના કદમ મુબારકની બરકતથી જરૂરથી ઈજ્જત આપશો અને પોતાની હયાતથી મૃત્યુ સુધીની બરકતથી જેને બુઝુર્ગી આપશો તે શહેરથી મુરાદ મદીના મુનવ્વરા છે. (કાઝી અયાઝ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે) પહેલું કથન વધુ સહીહ છે. (એટલે તે શહેરથી મુરાદ મક્કા મોઅઝ્ઝમા છે) કેમ કે આ સૂરત મક્કી છે અને પછીના કલામ (વાક્ય) حِلٌّ بِهٰذَا الْبَلَدِ પ્રથમ કથનને સહીહ કરે છે, અને તેનું દષ્ટાંત બારી તઆલાનો ઈર્શાદ وَهٰذَا الْبَلَدِ الْاَمِيْنِ ની તફસીરમાં ઈબ્ને અતા رحمۃ اللہ علیہ નું કથન છે કે, અલ્લાહ તઆલાએ આપના આગમન અને વસવાટના કારણે આપના રહેણાકની જગ્યાને અમાન (શાંતિ)વાળી બનાવી દીધી. જ્યાં આપ હાજર હોઉ તે જ જગ્યા શાંતિવાળી છે, કેમ કે આ તેના સાથે સંબંધ ધરાવે છે. ફખ્રે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની મુબારક ઝાતથી તેના પછી وَوَالِدٍ وَّمَا وَلَدَ ફર્માવ્યું છે જેનાથી પિતા (વાલિદ)થી હઝરત આદમ علیہ الصلوٰۃ والسلام મુરાદ લીધેલ છે. ત્યારે આ (હઝરત અબુલ બશરની) સામાન્ય પિતાપણાના કારણે છે. અને કેટલાક હઝરતોનું આ કથન છે કે, વાલિદથી મુરાદ હઝરત ઈબ્રાહીમ علیہ الصلوٰۃ والسلام છે અને وَمَا وَلَدَ થી ઈન્શાઅલ્લાહુ તઆલા! હઝરત મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ની તરફ સંકેત છે.

આ સૂરતમાં (અલ્ બલદ)માં બે સ્થળ પર નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની કસમનું વર્ણન છે. અલ્લાહ عزوجل એ આ શૃંખલામાં એ પણ ફર્માવ્યું છે :–

الٓمّٓ ۚ ذٰلِكَ الْكِتٰبُ لَا رَيْبَ ۛ فِيْهِ ۛ هُدًى لِّلْمُتَّقِيْنَ ۙ

**તર્જુમો** : અલિફ–લામ–મીમ તે ઉચ્ચ દરજ્જાની કિતાબ (કુર્આન) કોઈ શંકાનું સ્થાન નથી. એમાં માર્ગદર્શન છે ડરવાવાળાઓને. *(સૂરએ બકરહ્, આયત–૧,૨)*

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہ નું કથન છે કે, આ (અલિફ–લામ–મીમ) જુદા જુદા પ્રકારના અક્ષરો છે. જેના દ્વારા અલ્લાહે કસમ યાદ ફર્માવી છે. તેના અને તેમના સિવાય બીજા હઝરાતના અન્ય કથનો પણ એની તફસીરમાં છે.

હઝરત સુહેલ બિન અબ્દુલ્લાહ તસ્તરી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, તેમાં **અલિફ**થી મુરાદ અલ્લાહ તઆલા છે, **લામ**થી જિબ્રઈલ علیہ الصلوٰۃ والسلام અને **મીમ**થી સૈયેદના મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم છે. ઈમામ સમરકંદી رحمۃ اللہ علیہ એ પણ આ કથનની વાત કરી છે પરંતુ તેમણે હઝરત સુહેલ તસ્તરી رحمۃ اللہ علیہ ની તરફ તેને સંબંધિત કરેલ નથી. અને આ અર્થ બતાવ્યા છે કે, અલ્લાહ عزوجل એ જિબ્રઈલ અમીન દ્વારા મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم પર આ કુર્આને કરીમ નાઝિલ કર્યું છે જેમાં કોઈ શંકાને સ્થાન નથી.

પહેલા કારણને ધ્યાનમાં લેતાં તેમાં કસમની શંકા છે. મતલબ એ થશે કે આ કિતાબ (કુર્આને કરીમ) હક્ક (સાચી) છે જેમાં કોઈ શંકા નથી. (બીજા કારણને ધ્યાનમાં લેતાં) એમાં આ વિશિષ્ટતા જોવા મળે છે કે, અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે પોતાના નામના સાથે પોતાના હબીબના નામને મેળવી દીધું છે જેની વિગત બયાન કરવામાં આવી ચૂકી છે.

ઈબ્ને અતાઅ્ رحمۃ اللہ علیہ એ قٓ ۚ وَالْقُرْاٰنِ الْمَجِيْدِ ۚ

**તર્જુમો** : ઈજ્જતવાળા કુર્આની કસમ! *(સૂરએ કાફ, આયત–૧)* ની તફસીરમાં કહ્યું છે કે, કસમ મને પોતાના હબીબ મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ની દિલની કુવ્વતની જેણે પોતાના પરવરદિગારના સંબોધન અને નૂરે ઈલાહીના દર્શનનો બોજ ઉપાડી લીધો અને પોતાની સ્થિતિની ઉચ્ચતાના કારણે આપની દુર્દશા ન થઈ. *(વધુ પેજ નં. ૨૮ પર......)*

Islam & Modern Inventions

# ઈસ્લામ અને આધુનિક શોધો

**અરબી લેખક** : અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ ગમારી હુસૈની

**ઉર્દૂ અનુવાદક** : અબૂ હમ્માદ મુફતી અહમદમિયાં બરકાતી મારહરવી (પાક.)

**ગુજરાતી અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

**હપ્તો : ૦૬**

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નું કથન "સમય એકબીજાની નજીક થઈ જશે તથા જમીન સંકોચાઈ જશે" એ જ મોટરકારો તથા રેલગાડીઓ માટે દલીલ પૂરી પાડે છે. એટલા માટે કે તેના જ થકી જે અંતર પગપાળા અને જાનવરો થકી પહેલાં એક અઠવાડિયામાં કપાતુ હતું તે અંતર હવે અડધા દિવસમાં કપાઈ જાય છે. જે અંતર એક વરસમાં કપાતુ હતુ તે હવે પંદર દિવસથી પણ ઓછામાં કપાઈ જાય છે. એ જ પ્રમાણે પહેલાં જ્યાં જવા માટે એક દિવસ લાગતો હતો ત્યાં જવા માટે હવે એક કલાકમાં રસ્તો કપાઈ જાય છે, જેમ કે જાહેર છે. અને એ જ સ્પષ્ટતા નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم થી નકલ થયેલ છે. જેમ કે તિર્મિઝીમાં હઝરત અનસ ઈબ્ને માલિક رضی اللہ تعالیٰ عنہ થી રિવાયત થયેલ છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

"કિયામત રચાશે નહીં ત્યાં સુધી કે સમય એકબીજાની નજીક થઈ જશે. તો વરસ મહીનાની જેમ થઈ જશે, મહીનો અઠવાડિયાની જેમ અને અઠવાડિયુ એક દિવસના બરાબર, અને એક દિવસ એક ઘડીની જેમ અને એક ઘડી આગની ચિન્ગારીની જેમ." *(તિર્મિઝી)*

અને અહમદે રિવાયત કરી :–

"કિયામત રચાશે નહીં ત્યાં સુધી કે સમય એકબીજાની નજીક થઈ જશે અને એક વરસ એક મહીનાની જેમ થઈ જશે અને મહીનો અઠવાડિયાની જેમ અને અઠવાડિયુ એક દિવસની જેમ અને એક દિવસ એક પળની જેમ અને એક પળ એટલી કે ખજૂરની સૂકાયેલી ડાળનું સળગી જવું." *(મુસ્નદે ઈમામ અહમદ)*

અબૂ યઅ્‌લાએ પણ આ જ પ્રમાણે રિવાયત કરી પણ ત્યાં શબ્દો આ પ્રમાણે છે : "અને એક દિવસ એવો કે જાણે સૂકાયેલી ડાળીનું સળગી જવું." અસલમાં અહીં રાવીએ ભૂલવાના કારણે ટૂંકાવ્યું છે અને તેમની યાદ શક્તિથી ઘડીનો ઉલ્લેખ નીકળી ગયો છે, નહીં તો હકીકતમાં આ ખૂબી તો ઘડીની છે જેમ કે ઉપર વર્ણન થયેલ છે.

આ રીતે જમીનનું સંકોચાઈ જવું એટલે અમુકનું અમુકથી મળી જવું એનાથી હેતુ એ દર્શાવવાનો છે કે મોટરો અને ગાડીઓ થકી શહેર તથા ગામ એકબીજાની નજીક થઈ જશે. આજે ઘણા વેપારીઓ એક શહેરમાં રહે છે અને તેમની દુકાન બીજા શહેરમાં હોય છે, તેમ છતાં એ વેપારી દરરોજ પોતાના ઘરેથી તે લોકોની જેમ દુકાને આવજા કરે છે જેઓ તે જ શહેરમાં રહે છે. એ જ પ્રમાણે અમુક લોકો કાહિરામાં રહે છે અને ઈસ્કંદરિયામાં કોઈ ઓફિસમાં ઓફિસર છે તો તે જ રોજ પોતાની ઓફીસે જાય છે અને સાંજે ગાડીઓ વગેરેમાં પોતાના ઘરે પાછા ફરે છે. જ્યારે કે એ શહેરની વચ્ચે કમસે કમ એક અઠવાડિયાનું અંતર છે. તો આ રીતે જમીન સંકોચાઈ ગઈ છે, જેમ કે નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું અને જેમ કે અન્ય હદીષોમાં તેનો ખુલાસો આવ્યો છે.

અહમદે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

"કિયામત રચાતાં પહેલાં ફિત્નાઓ જાહેર થશે, જૂઠની અધિક્તા થશે, બજાર તથા સમય એક બીજાની નજીક થઈ જશે." *(મુસ્નદે અહમદ)*

અહમદે એક અધિક હદીષ હઝરત અબૂહુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત કરી કે ફર્માવ્યું રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ :–

"કિયામત રચાશે નહીં જ્યાં સુધી કે અરબની ભૂમી ફરીવાર ચરવાની જગા તથા નહેરો બની જશે અને એટલે સુધી કે ઈરાક તથા મક્કાની વચ્ચે સફર કરનાર માર્ગ ભૂલી જવા સિવાય કોઈ વાતનો ડર રાખશે નહીં." *(મુસ્નદે અહમદ, પેજ–૩૭૦, અલ્‌જુઝઉષ્ષાની)*

તો અત્યારે ઈરાકથી મક્કા જનારા લોકો કશાય ભય વિના મોટરો તથા બસો વગેરેના થકી જ જાય છે જેમ કે આપણો અનુભવ છે. આ પહેલાં કાસિદ મદીના ઈરાક જતા રહેતા હતા પરંતુ લાંબો સમય તથા ઘણી તકલીફ ઉઠાવ્યા પછી પહોંચતા હતા. તે ઉપરાંત ગરમી અને તરસ વગેરેનો ડર પણ રહેતો હતો. પરંતુ આજે એ સર્વ તકલીફો દૂર થઈ ચૂકી છે અને રસ્તો ભૂલવા સિવાય અન્ય કોઈ તકલીફ નથી. એ ડર પણ તે લોકો માટે છે જેમને એ જંગલો તથા રણોમાં મુસાફરીની આદત નથી એટલા માટે કે મદીના તથા ઈરાકની વચ્ચે રસ્તો કદી સહીહ તથા નિશ્ચિત નથી રહ્યો કે તે રસ્તે ચાલનાર ભટકવાથી બચે.

અને અરબસ્તાનની જમીનમાં ચરવાની જગાઓ અને નહેરોનું અસ્તિત્વ, તો સંદેશ વ્યવહારના થકી અરબસ્તાનના ઘણા ભાગોમાં એવું થયું છે, જે વ્યક્તિ મક્કા તથા મદીના અને જિદ્દા તથા મક્કાની વચ્ચે સફર કરે તે એ જોશે કે હિજાઝ પણ એવું જ થતુ જઈ રહ્યું છે.

એનાથી અધિક સ્પષ્ટતા એ છે જેને દયલમીએ મુસ્નદુલ ફિરદૌસમાં રિવાયત કર્યું છે. તે કહે છે : (હઝરત અબૂ હુરૈરહ્‌થી રિવાયત થયેલ છે કે) ફર્માવ્યું રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ :–

"કિયામત કાયમ થશે નહીં ત્યાં સુધી કે લોકો તંદુરસ્તી સાચવવા માટે મદીનાથી શામ (સીરીયા)ની તરફ જતા આવતા રહેશે." *(મુસ્નદુલ ફિરદૌસ)*

આ હદીષ શરીફમાં નબી અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم નો ત્રણ સબબે મો'જિઝો સાબિત છે :–

**(૧)** એમાં રેલગાડી તથા મોટરો વગેરેની પ્રતિ નિર્દેશ છે. કેમ કે એ વાત બુદ્ધિમાં નથી સમાતી કે શહેરના મોટા ભાગના રહેવાસી તંદુરસ્તીના માટે વીસ દિવસની સફરની તકલીફ ઊંટો પર કરે ? એ લોકોમાં એટલી શક્તિ પણ નથી ! હા ! અમુક તે લોકો જેમણે ત્યાં જવું અતિશય અનિવાર્ય થઈ જાય છે તે જ આ તકલીફોને વેઠે છે. અને મદીના મુનવ્વરાના લોકો જેઓ ખૂદ આરામમાં વધારો ચાહે છે તેઓ તંદુરસ્તીની તલાશમાં મદીનાથી શામ સુધીની મુસાફરી ઊંટ ઉપર કેવી રીતે કરશે ? જ્યારે કે ઊંટ થકી સફરમાં અતિશય તકલીફ તથા મુશ્કેલી ઉઠાવવી પડે છે. જેથી સાબિત થયું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો નિર્દેશ એ તરફ છે કે આ મુસાફરી મોટરો, બસો તથા રેલગાડીઓ થકી થશે, જેના કારણે લોકોને તંદુરસ્તીની પ્રાપ્તિ, હરવા ફરવાનું, સૈર કરવાના માટે મદીનાથી શામ (સીરીયા) જવું સરળ થઈ જશે.

**(૨)** એ તરફ નિર્દેશ છે કે રેલ્વેના પાટા મદીના મુનવ્વરા સુધી આવશે અને એવું જ થયું જેમ કે આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈશારો ફર્માવ્યો. અને સીરીયાથી મદીના મુનવ્વરા સુધી રેલ્વેના પાટા નાખવામાં આવ્યા. તુર્કી હુકૂમતના જમાનામાં એ માર્ગે રેલગાડી ચાલતી રહે એટલે સુધી કે પ્રથમ વિ□ યુધ્ધમાં જ્યારે તુર્કી તથા અરબસ્તાન હિજાઝમાં જંગ થઈ તો તુર્કીઓએ તેના પાટાઓને ઉખેડી કાઢયા એ રીતે એ રેલ્વે લાઈન ના'બૂદ થઈ ગઈ. અને આજ સુધી એને ફરી ચાલુ કરવા બાબતે ચર્ચાઓ જ ચાલ્યા કરે છે. (લોરેન્સ ઓફ અરબિયા નામના જાસૂસે તે લાઈનને ઠેક ઠેકાણે દારૂગોળો નાખીને ઉખેડી નાખી હતી. *–ઉર્દૂ અનુવાદક*)

**(૩)** હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નું એ ફર્માન કે લોકો તંદુરસ્તીના માટે શામ (સીરીયા) તરફ આવજા કરશે તે હકીકતના મુજબ છે. જેમ કે લોકો હરવા ફરવાના માટે મદીનાથી શામ જાય છે, ખાસ કરીને ગરમીની ઋતુમાં.

બીજી હદીષોમાં પણ મોટરકારોનો ઉલ્લેખ આવ્યે છે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ તેમને ઊંટના કાફલા સાથે સરખાવેલ છે. એક અન્ય રિવાયતમાં ઘોડાની મોટી ઝીન સાથે સરખાવેલ છે. બલ્કે એ લોકોની તરફ નિર્દેશ પણ કર્યો અને અમુક તે સ્થળો નિશ્ચિત કર્યાં જયાં એ કારવાળા રોકાતા રહે. દા.ત. જુમ્આની નમાઝના માટે કારોમાં લોકો જાય છે તો કારો મસ્જિદના દરવાજે પાર્ક કરે છે. અને કૌમની સ્ત્રીઓની ખાસિયતો પણ વર્ણવી જે એ કારોની માલિક હશે અને એવા લિબાસ પહેરશે જે સ્ત્રીઓએ કદી પહેર્યા નહીં હોય. એ પ્રકારના પોશાક એક વખતે સ્ત્રીઓમાં સામાન્ય થઈ ગયા જ્યારે મોટરો શોધાઈ. ફિરંગીપણુ જાહેર થયું અને દરેક બિદઅતમાં (નવી ચીજમાં) અંગ્રેજનું અનુસરણ શરૂ કરી દેવામાં આવ્યું. આ વાત હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના અજીબ મો'જિઝાઓમાંથી છે, જાણે કે આપ જાત અનુભવથી તેમની ખબર આપી રહ્યા છે. અહમદે પોતાની મુસ્નદમાં રિવાયત કરી (હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસથી રિવાયત છે કે) રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે :–

سيكون فى آخر امتى رجال يركبون على السروج كأشباه الرحال ينزلون على ابواب المساجد نساؤهم كاسيات عاريات على رؤسهن كأسمة البخت العجان، العنوهن فانهن ملعونات

"મારી આખરી ઉમ્મતમાં એવા લોકો થશે જેઓ કાઠલા જેમ ઝીનો પર મુસાફરી કરશે અને મસ્જિદોના દરવાજાઓ પર ઉતર્યા કરશે, તેમની ઔરતો પહેરલે કપડે પણ નગ્ન જણાશે. તે સ્ત્રીઓનાં માથાઓ પર કમજોર ઊંટોની ખાંધોની જેમ કોઈ ચીજ હશે. તેમને લઅ્નત કરો ! કેમ કે તે સ્ત્રીઓ મલઊન છે." *(મુસ્નદે અહમદ)*

હાકિમે એને મુસ્તદરકમાં રિવાયત કરી છે, પણ على السرسج ની જગાએ يركبون على المياثر છે. *(મુસ્તદરક, ભાગ–૪, પેજ–૪૩૬)* અને એ જ હદીષના અંતમાં ميـاثـر ની તફસીર سـروج થી કરી છે. હાકિમે કહ્યું કે બુખારી તથા મુસ્લિમની શરતે પર આ હદીષ સહીહ છે.

**તે સ્ત્રીઓ જે કપડાં પહેરેલ છતાં નગ્ન જણાય છે,** યૂરોપી લિબાસ પહેરે છે, એમાં હેટ પણ હોય છે, એ જ હેટને જેને નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઊંટની ખાંધ સાથે સરખાવેલ છે. આ પહેલાં આવી ઔરતો જમાનામાં હતી નહીં. તેમના પુરૂષો જેઓ આજે મોટી મોટી કારોના માલિક છે, આ કારો તે જ છે જેને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઊંટોના કાઠલા અને મોટી મોટી ઝીનો સાથે સરખાવેલ છે. આ કારો નાની મોટી વિવિધ મોડલ તથા વિવિધ પ્રકારની હોય છે. આ તે જ લોકો છે જેઓ જુમ્આની નમાઝ અદા કરવાના માટે મસ્જિદોમાં જાય છે અને પોતાની કારો મસ્જિદોના દરવાજાઓ પર પાર્ક કરી દે છે. આ હદીષ મોટરોના બારામાં તદન સ્પષ્ટ છે.

એ ઉપરાંત અમુક અન્ય હદીષોમાં ખબર આપવામાં આવી કે આખર જમાનામાં વેપાર આમ થઈ જશે એટલે સુધી કે સ્ત્રીઓ વેપાર કરશે, બલ્કે સ્ત્રીઓ પુરૂષોને વેપારના કામમાં લગાડશે. અને એવું ઘણુ થઈ રહ્યું છે જેનો ઉલ્લેખ આગળ જતાં આવશે. કેમ કે વેપારના આટલા પ્રમાણમાં ફેલાવવાનું કારણ એ જ છે કે સ્ત્રીઓ એમાં પુષ્કળ પ્રમાણમાં પ્રવેશી ગઈ અને પોતાના પતિઓને બદલે ખૂદ વેપાર કરે છે અને માલ એક શહેરથી બીજા શહેર લઈ જાય છે, જેમ કે પશ્ચિમના દેશોમાં આજકાલ થઈ રહ્યું છે. જાહેર છે આ તે જ મોટરો તથા બસો દ્વારા થયું, કે જેના કારણે સ્ત્રીઓને વેપાર કરવો સરળ થઈ ગયો છે. એટલે સુધી કે રુબાતથી કોઈ બસ ચાલીસ મુસાફરોને લઈને તખ્જા જાય છે અથવા તખ્જાથી "તત્વાન" જાય છે તો એમાં મોટા ભાગના મુસાફરો સ્ત્રી વેપારીઓ હોય છે. એ જ પ્રમાણે કેટલીકવાર ટ્રામમાં કેવળ સ્ત્રીઓ જ હોય છે અને ટ્રેનો તથા બસોમાં ક્યારેક સ્ત્રીઓ સિવાય કોઈ મુસાફરી નથી કરતું, જેમ કે આપણે કેટલીયે વાર અનુભવ કર્યો છે. મકસદ એ છે કે એ સ્ત્રીઓને એટલી સરળતા કેવળ આધુનિક વાહનોના થકી પ્રાપ્ત થયેલ છે. જો આ ચીજો ન હોત તો સ્ત્રીઓ ઘરોમાં બેસી રહેત જેમ કે આજથી પહેલાંના જમાનામાં થતુ હતું અને જેને સૌ કોઈ જાણે છે. *(ક્રમશઃ)*

# કુફ્રનો મુકાબલો અને ઈમામ અહમદ રઝા

★ લેખક ★
ફકીહે આ'ઝમે હિંદ, શારેહે બુખારી હઝરત
અલ્લામા મુફતી શરીફુલ્ હક્ક رحمۃ اللہ علیہ
★ અનુવાદક ★
અલ્હાજ હાફેઝ મૂસા ઝંઘારવી *(પ્રેસ્ટન, યુ.કે.)*

હપ્તો : ૦૬

## ★ તહઝીરુન્નાસ સામે વિરોધ વંટોળ ★

તહઝીરુન્નાસ જ્યાં જ્યાં પહોંચી ત્યાંના ઉલમાએ એનાથી પોતાની બેઝારી વ્યક્ત કરી અને એના વિરૂધ્ધ લખાણ લખી રદ કર્યું. તહઝીરુન્નાસથી આખી ઉમ્મત બેઝાર હતી એને થાનવી સાહબે નીચેના શબ્દોમાં વર્ણવ્યું છે :–

''જ્યારે મૌલાના નાનોત્વી સાહબે તહઝીરુન્નાસ લખી હતી ત્યારે કોઈએ પણ મૌલાના અબ્દુલહય્ય સિવાય એમની સાથે સહમતિ દર્શાવી ન હતી.'' *(ઈફાઝતુલ્ યવમિયહ્, ભાગ–૪, પેજ–૫૮૦)*

નાનોત્વી સાહેબ એક વેળા રામપુર રાજ્યમાં ગયા હતા ત્યારનો બનાવ ''અરવાહે ષલાષહ્''માં આ રીતે લખ્યો છે :–

''અપને કો એક મુલાઝિમ કી હૈસિયત સે ઝાહિર કિયા ઈસ લિયે કે ખુફિયહ્ પહોંચે. જબ રામપુર પહોંચે તો હઝરતને અપના નામ ખુર્શિદ હસન (તારીખી નામ) બતાયા ઔર લિખા દિયા ઔર એક નિહાયત હી ગૈર માઅરૂફ સરાય મેં મુકીમ હુએ, ઉસમેં ભી એક કમરા છત પર લિયા, યેહ વોહ ઝમાના થા કિ તહઝીરુન્નાસ કે ખિલાફ એહલે બિદઆતમેં શૌર બરપા થા. મૌલાનાકી તકફીર તક હો રહી થી. હઝરતકી ગરઝ ઈસ ઈખ્ફાસે યેહી થી કે મેરે એલાનિયા પહોંચને સે ઈસ બારેમેં ઝગળે ઔર બહષેં ખળી ન હોં. *(પેજ–૨૬૧)*

''અરવાહે ષલાષહ્''ના જાહિલ કિન્નાખોર રાવીએ તહઝીરુન્નાસનો રદ કરનાર ઉલમાને બિદઅતી કહ્યા. હવે આવો, એમના જ એક શ્રધ્ધાળુ દેવબંદી જમાઅતના એક મહાન આંલિમ બલ્કે પોતાની જમાઅતમાં ઉલમાની એક જમાઅતની બરાબર ગણાતા મૌલાના અન્વરશાહ કાશ્મિરી બલ્કે ડાભેલી તહઝીરુન્નાસની વિરૂધ્ધ લખાણ કરતાં જણાવે છે કે :–

''મા બિઝ્ઝાત વ મા બિલઅર્ઝ કા ઈરાદા (જૈસા કે તહઝીરુન્નાસમેં હૈ) ફલસફા કા ઉર્ફ હૈ. કુર્આન મજીદકા ઉર્ફ યા અરબકા મુહાવરા નહીં, ઔર ન નઝમે કુર્આન કા ઉસકી તરફ કોઈ ઈશારા હૈ, પસ ઈઝાફએ ઈસ્તેફાદાએ નબુવ્વત મહઝ ઈત્તેબાએ હવા કી વજહસે કુર્આન પર ઝિયાદતી હૈ. *(ખત્મે નબુવ્વત, પેજ–૩૮)*

આ જ તેમના બુઝુર્ગ લગભગ આ લખાણની જેમ પોતાના બીજા રિસાલા ''અકીદતુલ્ ઈસ્લામ''ના પેજ–૨૫૬ પર પણ લખી ચૂક્યા છે.

જુઓ ! આ મૌલાના અન્વર શાહ એ નાનોત્વી સાહેબના ખૂબ શ્રધ્ધાળુઓમાંથી છે છતાં ''તહઝીરુન્નાસ''માં આખી ઉમ્મતની માન્યતા વિરૂધ્ધ કુર્આન મજીદની મનમાની તફસીર કરવામાં આવી છે તેનો રદિયો આપી રહ્યા છે. માત્ર રદિયો જ નહીં બલ્કે એને મનસ્વીપણુ અને નફ્સાની ઈચ્છાનું અનુસરણ કહી રહ્યા છે અને કુર્આનમાં વધારો કરવાનું ગણાવી રહ્યા છે.

હવે ! વાંચકો પોતે જ ફેંસલો કરે કે, તમામ ઉમ્મતની ચોક્કસ અને એકમતે કરેલી તફસીરની વિરૂધ્ધ પોતાની મનમાની તફસીર કરી કુર્આનમાં વધારો કરનાર મુસલમાન રહી શકે કે કાફિર ?!

કદાચ ! મૌલાના અન્વર શાહનો માફ ન કરી શકાય તેવો એ જ ગુનોહ હતો કે જેના કારણે એમને દેવબંદ છોડવું પડયું ! જેને એઓ ખૂબ જ ગમગીની પસ્તાવા સહિત કહ્યા કરતા હતા કે, "હમને કલમએ હક્ક કહા તો ઉસકી વજહસે યહાં ડાભેલ આના પળા !"

## ★ ગંગોહી તથા અંબેઠવી સાહેબનું સંયુક્ત કુફ્રી લખાણ ★

જ્યારે દેવબંદીઓએ મીલાદ, કિયામ એટલે ઉભા થઈ સલામ પઢવા, નિયાઝ , ફાતેહા તેમજ ઉર્સ વિરૂધ્ધ પોતાની તમામ શક્તિ ભેગી કરી ચળ વળ ઉપાડી અને એહલે સુન્નતના ઉપરોક્ત કામોની વિરૂધ્ધ અનેક ફતવાઓ અને પુસ્તિકાઓ લખી લડત ચલાવી ત્યારે મૌલાના અબ્દુસ્સમીઅ રામપુરી رحمۃ اللہ علیہ એ ખૂબ જ સભ્યતાપૂર્વકની શૈલીમાં દલીલો અને પુરાવાઓ સહિત ઉપરોક્ત કામો જાઈઝ હોવાની સાબિતી આપતી એક કિતાબ "અન્વારે સાતેઅહ્" લખી, જે બાબતે ગંગોહી સાહેબનો ક્રોધાગ્નિ ભભૂકી ઉઠયો અને એના જવાબમાં એમણે "બરાહીને કાતિઅહ્" નામે કિતાબ લખી, અને તેને પોતાના મુરીદ અને ખલીફા ખલીલ અહમદ અંબેઠવીના નામથી પ્રસિદ્ધ કરી. આ કિતાબ ગંગોહી સાહેબે જ લખી છે તેનો પુરાવો એ છે કે એમનું જીવનચરિત્ર લખનાર મૌલાના આશિક ઈલાહી મેરઠીએ એ કિતાબને ગંગોહીની કિતાબ તરીકે વર્ણવી છે. તેઓ લખે છે કે :–

"બરાહીને કાતેઅહ્" યહ "અન્વારે સાતેઅહ્" કા જવાબ હૈ, ઔર રદ્દે બિદઅત વ તહકીકે સુન્નતમેં વોહ લાષાની કિતાબ હૈ, જિસકો હઝરત કે કમાલાતે ઈલ્મિયાહ્ અમલિયાહ્કા મઝહર કહેં તો બજા હૈ, સુન્નત કે ઈશ્કમેં ગુસ્યાવહ (ક્રોધી) અંદાઝ ઔર શાને જલાલી કા ઈઝહાર ઈસમેં નઝર આતા હૈ, દીગર તસાનિફમેં કમ હૈ. *(તઝકેરતુર્રશીદ, ભાગ–૨, પેજ–૩૪૧)*

વાત અસલમાં એ હતી કે "મૌલ્વી અબ્દુલજબ્બાર ઉમરપુરી દેવબંદીએ લખ્યું હતું કે, "હઝરત કી નિસ્બત યેહ એ'તેકાદ કે જહાં મૌલૂદશરીફ પઢા જાતા હૈ વો તશરીફ લાતે હૈં, શિર્ક હૈ. હર જગહ મૌજૂદ અલ્લાહ તઆલા હૈ, અલ્લાહ સુબ્હાનહૂને અપની સિફત દુસરે કો ઈનાયત નહીં ફર્માઈ." *(અન્વારે સાતેઅહ્ બાલાએ બરાહીને કાતેઅહ્, પેજ–પર)*

નાનોત્વી, ગંગોહી અને થાનવી સાહેબોના પીરભાઈ મૌલાના અબ્દુસ્સમીઅ સાહેબ રામપુરી رحمۃ اللہ علیہ અન્વારે સાતેઆહ્માં એને બે રીતે રદિયો આપ્યો. પ્રથમ એ કે જ્યાં મૌલૂદ શરીફ પઢવામાં આવે છે ત્યાં (નબી صلی اللہ علیہ وسلم) હાજર થવાનો અર્થ એવો કેવી રીતે થઈ ગયો કે નબી સાહેબ દરેક જગ્યાએ હાજર છે ? બીજું એ કે જમીનમાં હર એક જગાએ પહોંચી જવાનો અર્થ અલ્લાહ તઆલાની સિફત ગણવું તદ્દન વજૂદ વગરની વાત છે, પૂર્વથી પશ્ચિમ સુધી ગમે ત્યાંથી મૃત્યુ સમયે હઝરત ઈઝરાઈલ علیہ السلام (મૌતના ફરિશ્તા) રૂહને કાઢી લે છે, પ્રત્યેક ઘરને, તેમાં રહેનારાઓને તેઓ રાત દિવસ જોતા હોય છે, અલ્લાહ તઆલાએ જમીન તેમના માટે નાનકડા થાળ સમાન કરી દીધી છે. એ તો એક મુકર્રબ ફરિશ્તા છે, પરંતુ અલ્લાહ તઆલાએ તો શૈતાન–દુશ્મનને પણ એવી તાકાત આપી છે કે, તે દરેક માણસની સાથે રહે છે ! સાર એ નીકળ્યો કે જ્યારે કે અલ્લાહે પોતાના સિવાય બીજી મખ્લૂકને એવી શક્તિ આપેલી છે તો પછી તે અલ્લાહ તઆલાની ખાસ સિફત ન ગણી શકાય. અને જ્યારે (આ ચીજ એટલે હર એક જગાએ પહોંચી જવું) ખાસ અલ્લાહની સિફતમાં નથી ગણાતી તો પછી તે જો કોઈ રસૂલ, નબી માટે માને તો તે કદાપિ શિર્ક નથી.

આ રદિયાનો જવાબ ગંગોહી સાહેબથી ન આપી શકાયો અને કયામત સુધી કોઈથી ન આપી શકાશે.

ગંગોહી સાહેબે પોતે પોતાના મનથી નક્કી કરી લીધું કે મૌલાના અબ્દુસ્સમીએ રદ નથી કર્યું

પણ દલીલો રજુ કરી છે કે જ્યારે કે શૈતાન મલેકુલ મૌત હર જગહ હાઝિર છે તો પછી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પણ હર જગહ હાઝિર છે કેમ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم તો એ બંનેવથી અફઝલ છે.

હાલાં કે મૌલાના અબ્દુસ્સમીઅ પર આ ખુલ્લો આક્ષેપ છે, મૌલાનાએ તો મૌલવી ઉમરપુરીની વાતને રદ કરવા પર દલીલ મૂકી હતી, ન કે પોતે પોતાનો કોઈ દા'વો સાબિત કરવા દલીલો કરી હતી, પરંતુ એ દેવબંદી બુઝુર્ગોને વારસામાં આદતો મળેલી છે કે પોતાના હરીફ (વિરોધી) ઉપર જૂઠા આક્ષેપો મૂકવાનું ચૂકતા જ નથી.

ગંગોહીજીએ આ રદિયાને દલીલ ઠેરવી એ વિશે લખી નાખ્યું કે; "અલ્ હાસિલ ગૌર કરના ચાહિયે કે શૈતાન વ મલકુલ મૌત કા હાલ દેખકર ઈલ્મે મુહીત ઝમીનકા ફખ્રે આલમકો ખિલાફે નુસૂસે કતઈય્યહ્ કે બિલા દલીલ મહઝ કિયાસે ફાસિદહ્સે સાબિત કરના શિર્ક નહીં તો કૌનસા ઈમાનકા હિસ્સા હૈ ? કે શૈતાન વ મલકૂલ મૌત કો યહ (ઈલ્મી) વુસ્અત (વિશાળતા) નસ સે સાબિત હુઈ, ફખ્રે આલમ કી વુસ્અતે ઈલ્મકી કૌનસી નસ્સે કતઈ હૈ જિસસે તમામ નુસૂસ કો રદ કરકે એક શિર્ક સાબિત કરતા હૈ. *(બરાહીને કાતેઅહ્, પેજ–૫૫)*

## ★ એના ઉપર અમારી પકડો ★

**(૧)** જમીનનો ઈલ્મે મુહીત : અર્થાત સમગ્ર પૃથ્વીને ઘેરી લેતો ઈલ્મ ગંગોહી સાહેબે શૈતાન અને મલકૂલ મૌત માટે કુર્આન અને હદીષથી સાબિત માન્યો, પણ એ જ ઈલ્મને નબી صلی اللہ تعالیٰ علیہ وسلم માટે શિર્ક બતાવ્યો અને આ શિર્ક ત્યારે જ થશે જ્યારે કે એને અલ્લાહ عزوجل ની ખાસ સિફતોમાંથી એક સિફત માનો. હવે જ્યારે એને અલ્લાહ તઆલાની ખાસ સિફત માનવામાં આવશે તો શૈતાન અને મલકૂલ મૌત માટે ઈલ્મે મુહીત માનવાનો એ મતલબ થશે કે શૈતાન અને મલકૂલ મૌત પણ ખુદા તઆલાના શરીક છે. અને ગંગોહી સાહેબે એ બંનેવ માટે સાબિત માન્યું છે ! હવે જરૂર સાબિત થયું કે એમણે એ બંનેવને અલ્લાહ તઆલાના શરીક ઠેરવ્યા જે એમની એ ઈબારતથી નક્કી થયું અને અલ્લાહનો શરીક કોઈને પણ ઠેરવવું ખુલ્લું (સાફ) કુફ્ર છે.

**(૨)** વળી એ કુફ્ર–શિર્કને નસ્સ એટલે કુર્આન અને હદીષોથી સાબિત માન્યું એ બીજું કુફ્ર થયું.

**(૩)** શૈતાન અને મલકૂલ મૌતનો ઈલ્મ એટલા માટે વધારે છે કે તે કુર્આન–હદીષથી સાબિત થયેલું છે, પરંતુ નબી صلی اللہ تعالیٰ علیہ وسلم માટે ઈલ્મની વિશાળતાની કુર્આન હદીષથી કોઈ દલીલ મળતી નથી માટે નબી સાહેબ માટે ઈલ્મ વધારે છે એમ માનવું શિર્ક છે, એવું સ્પષ્ટ પણે ગંગોહી સાહેબ લખે છે. **આનો સ્પષ્ટ મતલબ એ નીકળ્યો કે ગંગોહી સાહેબની નઝદીક શૈતાનનો ઈલ્મ નબી સાહેબના ઈલ્મથી વધારે છે,** બીજા શબ્દોમાં નબી સાહેબનો ઈલ્મ શૈતાનના ઈલ્મથી ઓછો છે.

تکادالسمٰوٰت یتفطرن منه

وتنشق الارض وتخر الجبال

આકાશો તૂટી પડે, ધરતી ફાટી જાય અને પર્વતો ધસી પડે તો પણ ઓછું છે !

જેના દિલમાં ઝર્રા બરાબર પણ ઈમાન હશે તેને શું એ બાબતમાં શંકા હશે કે આ કુફ્રી કલામ નથી ! આ વાતમાં સ્પષ્ટ, સાફ સાફ ગુસ્તાખી નથી ? છે જ. (કોઈપણ ઈમાનદારનું ઈમાન આ વાત કેવી રીતે કબૂલ કરશે કે શૈતાનનું ઈલ્મ નબી સાહેબના ઈલ્મથી વધારે હતું.)

શું આવા ખુલ્લા કુફ્ર પછી પણ ગંગોહી સાહેબ અને એમના મુરીદ ખલીફા અંબેઠવી સાહેબના કાફિર હોવામાં કોઈ શંકા બાકી રહી જાય છે ? **આવી સ્પષ્ટ ગંદી ગાળ નબી સાહેબના બાબત લખવા પર** મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ એ ગંગોહી અને અંબેઠવી સાહેબને કાફિર કહ્યા તો શું ગુનોહ કર્યો ? *(ક્રમશઃ)*

# હિકમતે નમાઝ

હપ્તો ૦૨

અઝ : હઝરત મૌલાના મુહમ્મદ શાકિર રઝવી નૂરી–મુંબઈ (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)

આપ સોચો, જાઈઝા લો, ઔર ગૌર કરો ! અલ્લાહ કે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ઈન્સાનોં કે લિએ, જાનવરોં કે લિએ, સારી કાએનાત કે લિએ, સારે આલમ કે લિએ રહમત બન કર કે જલ્વાગર હૂએ હૈં. ઔર ઐસે રહમત કે એક બચ્ચા કે બિલકને કી આવાઝ પર રસૂલે આ'ઝમ صلی اللہ تعالیٰ علیہ وسلم કી આંખોંમેં આસૂં આ જાએં. જો રસૂલે આ'ઝમ صلی اللہ تعالیٰ علیہ وسلم કિસી કો બિલકતા નહીં દેખ સકતે, કિસી કો ગિળગિળાતા નહીં દેખ સકતે, કિસી બચ્ચે કો અગર કોઈ સતાએ તો મેરે મુસ્તફા જાને રહમત صلی اللہ تعالیٰ علیہ وسلم બેકરાર હો જાએં, લેકિન અલ્લાહુ અકબર ! યહી મુસ્તફા જાને રહમત صلی اللہ تعالیٰ علیہ وسلم કાનૂન અતા કર રહે હૈં કે :–

''જબ બચ્ચા સાત સાલ કા હો તો નમાઝ કા હુકમ દો ! ઔર દસ સાલ કા હો જાએ તો ઉસે મારકર નમાઝ પળ્હાઓ !''

યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આપ તો રહ્મતુલ્ લિલ્ આલમીન બનકર તશરીફ લાએ ઔર આપ બચ્ચોં કો મારને કા હુકમ દે રહે હૈં ?! અબ આઈએ સરકાર કે ઈસ ઈર્શાદ કે બાદ મૈં આપ કો ફૌજી ટ્રેનિંગ, ફૌજી મશ્ક ઔર ફૌજિયોં કી ઝિંદગી કી તરફ લેકર જાતા હૂં તા કે આપકો માલૂમ હો કે જિસ નમાઝ કો મામૂલી અમલ સમઝ કર કે છોળ રહે હૈં ઉસ નમાઝ કે પીછે મૌલાકી કિત્ની હિકમતેં પોશીદા હૈં. મેરે સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم ને કિત્ની બરકતેં રખી હૈં, આપ જાનતે હૈં કે નમાઝ કિસ પર ફર્ઝ હે ? આકિલ, બાલિગ મુસલમાન પર ફર્ઝ હે. અબ આપને મહસૂસ કર લિયા કે કિસ શખ્સ કે ઉપર નમાઝ ફર્ઝ હોતી હે. લેકિન ! આપ દેખેં, મેરે સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્મા રહે હૈં, બચ્ચા દસ સાલ કા હો તો ઉસે માર કર કે નમાઝ પળ્હાઓ ! આપ જાનતે હૈં, જબ કોઈ શખ્સ ફોજ કે અંદર શામિલ હોના ચાહતા હે તો ઉસે પહલી મુલાકાતમેં શામિલ નહીં કર લિયા જાતા બલ્કે ટ્રેનિંગ હોતી હે, ઉસે મશ્ક કરાઈ જાતી હે, ઉસ્કી બોડી **(Body)** કી ફિટનેસ કા ખયાલ કિયા જાતા હે, ઉસે કઈ મર્તબા દૌળાયા જાતા હે, મેહનત હોતી હે, મશક્કત હોતી હે ફિર ઉસકી તર્બિયત ઈસ તરહ સે હોતી હે કે ઉસ્કે અંદર ઈતાઅત કા ઐસા જઝબા પૈદા હો જાએ કે જબ કભી ઉસકા કમાન્ડર ઉસે આવાઝ દે તો એક આવાઝ પર ભાગતા હુવા નઝર આએ, વો કહે ખળા હો જા ! તો ફૌરન ખળા હો જાએ, વો કહે બૈઠ જા ! તો ફૌરન બેઠ જાએ. ઈસ તરહ જબ તક ઈતાઅત કા જઝબા ન હો ઉસ વકત તક ફૌજમેં શામિલ નહીં કિયા જાતા !

મહબૂબે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم ને હુકમ દિયા હે કે દસ સાલ કી ઉમ્ર મેં મારકર બચ્ચોં કો નમાઝ કી તરફ લે જાઓ. ઉસકી વજહ યહ હે કે સન્ને બલૂગ (પુખ્તવય)કો પહોંચને સે પહલે બચ્ચોં કી પ્રેક્ટિસ હો જાએ, બચ્ચોં કી આદત બન જાએ. જબ તુમ દસ સાલ કી ઉમ્રસે બચ્ચે કો મારકર કે નમાઝ પળ્હાઓગે તો ઉસકે બાલિગ હોને કે બાદ જબ મોઅઝ્ઝિન **હય્ય અલસ્સલાહ** કહેગા તો વો બિસ્તર પર સોતા નઝર નહીં આએગા ! બલ્કે મસ્જિદ કી તરફ દૌળતા નઝર આએગા ! આપ નમાઝ કા ફોજિયોં કે અંદાઝ સે જાઈઝા લેં.

ઈસી તરહ આપને કભી સફોં કે સિલસિલે મેં ગૌર કિયા ?! મેરે સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم સફોં કે સિલસિલેમેં ફર્માતે હૈં, કાંધેસે કાંધા મિલાકર ખળે હો. આજ જિત્ના ભી ફૌજી નિઝામ ચલા રહા હે અગર મૈં યહ કહૂં તો બે જા ન હોગા કે યહ સબ કુછ અતા હૈ મુસ્તફા પ્યારે صلی اللہ تعالیٰ علیہ وسلم કી. દુશ્મન હમારે આકા صلی اللہ تعالیٰ علیہ وسلم કે હર ફર્માન કી તહકીક કર રહા હે, ઔર બાદ મેં કહને પર મજબૂર હોતા હે કે જો કુછ મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم ને દિયા આજ તક કિસીને નહીં

દિયા, ઔર ન દે સકતા હૈ. આપ સફોં કે દુરૂસ્ત કરને કા હુકમ દેખેં કે અગર કોઈ શખ્સ નમાઝ કે લિએ ખળા હૈ ફિર રુકૂઅમેં જા રહા હૈ, ફિર સજદા કર રહા હૈ, બળી તવજ્જોહ કે સાથ ઈસ મંઝર કો ઝહનમેં રખેં, ઔર એક તરફ ફોજિયોં કી પોઝીશન દેખેં. કતાર કે અંદર ફોજી ખળે હૂએ હૈં, કમાન્ડર ટહલ રહા હૈ ઔર દેખ રહા હૈ, સીના કૈસા હૈ, હાથ કૈસે હૈં, પૈર કૈસે હૈં, અકળ કે ખળા હૈ કે નહીં ? અગર ઉસકા મુંઢા નિકલા હૈ તો હાથ કી બંદૂક સે ઉસકે મૂંઢે કો ઠીક કર રહા હૈ, સુસ્તી મેં ખળા હૈ તો પૈર પે બંદૂક મારતા નઝર આતા હૈ. ફૌજી સે કહા જા રહા હૈ, સીધે ખળે રહો ! અબ અગર કોઈ લાગિર નાતવા (કમજોર) હૈ તો ફોજમેં શામિલ નહીં કિયા જાતા. આપ ઝરા દેખેં, અગર મુરદાર કી તરહ ખળા હૈ તો નિકાલ દિયા જાતા હૈ, ફૌજ કે અંદર ઉસકી એન્ટ્રી નહીં !

અબ સુનો ! નમાઝ કે સિલસિલેમેં મેરે સરકારને ફર્માયા : والـــر كــعــوا مــع الراكعين ; કયામ કે સિલસિલેમેં, રુકૂઅ કે સિલસિલેમેં, સજદે કે સિલસિલેમેં તરીકા મૌજૂદ હૈ. અબ કોઈ બંદા નમાઝ સુસ્તી સે પળ્હે તો કુર્આન કહતા હૈ યહ મુનાફિક કી અલામત હૈ, યહ મો'મિન કી અલામત નહીં. اذا قاموا الى الصلوٰة قاموا كسالىٰ – *(સૂ. નિસાઅ, આ. ૧૪૨)* **તર્જુમા** : જબ નમાઝ કો ખળે હો તો હારે જીસે. –*(કન્ઝુલ ઈમાન)* મુનાફિક જબ નમાઝ કે લિએ ખળા હોતા હૈ તો સુસ્તી મેં ખળા હોતા હૈ. અલ્લાહુ અકબર ! રસૂલે આ'ઝમ صلى الله تعالى عليه وسلم કા નિઝામ મિલ રહા હૈ કે જબ નમાઝ કે લિએ ખળે રહો તો યહ તસવ્વુર કરો કે તુમ્હારા રબ તુમ્હેં દેખ રહા હૈ, યા યહ તસવ્વુર કરો કે તુમ અપને મૌલા કો દેખ રહે હો. અબ મસ્જિદ કા જાઈઝા લો, મસ્જિદ રૂએ ઝમીન કી જન્નત હૈ. આપ કિસી ફૌજી કો મેદાને જંગમેં ડયૂટી પર ચળ્હને કે બાદ દુન્યા કી બાતચીત યા કોઈ ભી ફાલતૂ બાત કરતે નહીં દેખેંગે. ઔર ન હી વો ઈધર નઝર કરેંગે. ઉસકી નિગાહ હોગી તો સરહદ કી હિફાઝત પર હોગી, દુશ્મન પર હોગી. લેકિન ઉસકી ડયૂટી જબ ખત્મ હો જાએ, અપને કમરેમેં ચલે જાએં, તો બાત દૂસરી હો જાતી હૈ. વો આપસમેં ગુફતગૂ ભી કરેંગે. યા'ની ફૌજી જબ મેદાને જંગ કે અંદર હોતા હૈ તો સારે ખેલકૂદ સે અપની તવજ્જોહ કો હટાકર અપની ડયૂટી પર નઝર રખતા હૈ. મદીને કે તાજદાર ને મસ્જિદ કો અલ્લાહ કા ઘર ફર્માયા, ઔર રબ્બે કદીરને ભી મસ્જિદ કો અપના ઘર ફર્માયા. ફિર મસ્જિદ કે સિલસિલેમેં ફર્માયા કે જબ મસ્જિદમેં પહોંચ જાઓ તો દુન્યા કી બાતેં ન કરના ઈસ લિએ કે બાઝાર ઔર ચીઝ હૈ, ખુદા કા ઘર ઔર ચીઝ હૈ. અબ તુમ્હારી નઝર દુન્યા કે જમેલોં પર નહીં હોગી, અબ તુમ્હારી નઝર ઈમાન કી હિફાઝત ઔર અપને મૌલા કે કરમપે હોગી.

આપ નમાઝ કો મુખ્તલિફ એંગલસે દેખો, મુખ્તલિફ ઝાવિયાસે નમાઝ કો સમઝો, મૈંને જબ યહ પળ્હા તો વાકઈ એક અજીબ સી કૈફિયત મેહસૂસ હૂઈ કે મેરે સરકારને નમાઝ હી કે બારેમેં ફર્માયા, قرةُ عينى فى الصلوٰة "નમાઝમેં મેરી આંખો કી ઠંડક હૈ." નમાઝ રસૂલે આ'ઝમ صلى الله تعالى عليه وسلم કી આંખોં કો ઠંડક પહોંચાતી હૈ, આખિર કયોં ? ઈસલિએ કે નમાઝ રબસે મુલાકાત કી યાદ દિલાતી હૈ, કયૂં કે યહી નમાઝ તો હૈ જિસ કો રબ્બે કદીરને મુલાકાત કે વક્ત અપને મહબૂબ કો તોહફેમેં અતા ફર્માઈ થી. લેહાઝા જબ કોઈ બંદા નમાઝ પળ્હતા હૈ તો હુઝૂર صلى الله تعالى عليه وسلم કો રબ કા દીદાર યાદ આ જાતા હૈ. સરકાર ફર્માતે હૈં, "નમાઝમેં મેરી આંખોંકી ઠંડક હૈ." ઔર આંખોં કો ઠંડક ઉસ વક્ત મિલતી હૈ જબ મહબૂબ કો દેખ લિયા જાએ. ઔર મેરે સરકાર ને અપને રબ કા જલ્વા શબે મેઅરાજ આંખોં સે દેખા થા ઈસ લિએ સરકારને ફર્માયા, "નમાઝમેં મેરી આંખોં કી ઠંડક હૈ." બંદા ! તૂ નમાઝ પળ્હેગા તો મુઝે રબ કા દીદાર યાદ આએગા. ઔર આંખોં કો ઠંડક પહોંચેગી.

અબ સોચતે ચલે જાઈએ ઔર ગૌર કીજીએ કે કિતની હિકમત હૈ નમાઝ મેં ! લેકિન આપ બતાઓ

ઔર જાઈઝા લો ! આજ નમાઝ કે સિલસિલેમેં હમ કિત્ના ખયાલ કરતે હૈં ?! નમાઝ કે બારેમેં કિત્ના ગૌર કરતે હૈં ? અલ્લાહુ અકબર ! યહ નમાઝ અપની અદાઈગી સે પહલે બંદો કે ગુનાહોં કો માફ કરવા દેતી હૈ.

નમાઝ પહલે વુઝૂ હૈ ઔર વુઝૂ કયા હૈ ? ફર્માયા ગયા હૈ કે, "અગર કોઈ શખ્સ વુઝૂસે પહલે બિસ્મિલ્લાહ શરીફ પળ્હ લે ઔર ઉસકે બાદ વુઝૂ કરે તો રબ ઉસકે પૂરે વુજૂદ કે ગુનાહોં કો માફ ફર્મા દેતા હૈ." નમાઝ આપને શુરૂઅ નહીં કી બલ્કે આપને તો અભી વુઝૂ કિયા હૈ ઔર ઈધર મૌલાને આપકે ગુનાહોં કો માફ ફર્મા દિયા ! અબ આપ નમાઝ કે લિએ આએ હૈં, યહ નમાઝ ક્યા હૈ ? ઔર યહ ભી સોચેં કે પાંચ વક્ત કી નમાઝ ક્યૂં ફર્ઝ હૈ ? તીન વક્ત કી હોતી, દો વક્ત કી હોતી, મુખ્તલિફ મુખ્તલિફ ટાઈમ નમાઝ કે લિએ ક્યૂં મુકર્રર કિએ ગએ ? ઉસકી એક હિકમત યહ સમઝ મેં આતી હૈ કે બંદા જબ સુબ્હ ઘર સે નિકલતા હૈ ઔર જૈસે હી મારકિટમેં પહોંચતા હૈ કે દુન્યા કમાને મેં મસરૂફ હો જાતા હૈ. અબ એક તરફ સે દૌલત આવાઝ દે રહી હૈ, માલ ઉસે પુકાર રહા હૈ, આ મુઝે લેકર જા ! ઔર માલ કમાને મેં ઈન્સાન જબ મસરૂફ હો જાતા હૈ તો બળી અજીબ કૈફિયત હોતી હૈ. વો ભૂલ જાતા હૈ કે મૈં કિસ કા બંદા હૂં ! ઉસે દૌલત જમા કરને સે ફુરસત નહીં મિલતી, કે દોપહર કા વક્ત હોતા હૈ ઔર મુનાદી આવાઝ દેતા હૈ : **અલ્લાહુ અકબર ! અલ્લાહુ અકબર !** આપ ઝરા સોચો ઔર ઝરા જાઈઝા લો, આજ માઈક પર અઝાન કે સિલસિલે મેં પાબંદિયા કી કોશિશ ક્યોં કી જા રહી હૈ ? ઉસકી ક્યા વજહ હૈ ?! ઉસકી સબસે બળી વજહ યહ હૈ કે અઝાન કી આવાઝ કાનોંમેં પહોંચેગી તો બંદા મસ્જિદ કી તરફ જાએગા ઔર જબ મસ્જિદ કી તરફ જાએગા તો વક્તે નમાઝ સર ઝુકાએગા ઔર વક્તે જેહાદ સર કટાએગા. ઈસ લિએ અઝાન કી આવાઝ કાનોંમેં ન પહોંચને દો, મુઝે બતાઓ ક્યા જહાં ગલત કામ હો રહે હૈં વહાં પાબંદી લગાઈ જા રહી હૈ ?! નહીં ! વહાં પાબંદી નહીં લગાઈ જા રહી હૈ. શરાબ કે અડ્ડોં પર પાબંદી નહીં, મ્યુઝિક કે સિલસિલેમેં પાબંદી નહીં, નાચગાનોં કે સિલસિલેમેં પાબંદી નહીં, લેકિન ! અઝાન કી આવાઝ કે સિલસિલેમેં પાબંદી ક્યૂં ?! ઈસલિએ કે વો જાનતે હૈં, યહ આવાઝ અપને અંદર કુવ્વત રખતી હૈ, કાનોંમેં જબ પહોંચેગી તો બંદા દૌળતા હૂવા મસ્જિદ કી તરફ જાએગા.

અય પ્યારે સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم કે દીવાનો ! રબ્બે કદીર અપને મા'બૂદ હોને કી યાદ દેહાની કે લિએ બંદેકો દિનમેં પાંચ મર્તબા મુનાદી કે ઝરીઆ આવાઝ પહોંચવાતા હૈ કે દૌલત તુઝે દેનેવાલા કૌન હૈ ? ઉસે યાદ રખના, ભૂલ ન જાના, વરના તેરા નુકસાન હોગા.

وَاَقِمِ الصلوٰة لذکری

**તર્જુમો** : "નમાઝ કાઈમ કરો મેરી યાદ કે લિએ." અબ તુમ યહ નહીં કહ સકતે કે મૌલા ! મૈં ક્યા કરું ? મુઝે કોઈ બુલાનેવાલા નહીં થા ! મૈં કૈસે જાતા મૈં ભૂલ ગયા થા ! લેકિન અલ્લાહ ફર્માએગા, મેરે બંદો ! મૈંને તેરે ઈસ ઉઝ્રસે પહલે એક ઐસા ઈન્તેઝામ કર દિયા થા કે તેરે પાસ યહ ઉઝ્ર ભી ન રહે. તુઝે પુકારનેવાલા પુકારેગા : **હય્ય અલસ્સલાત** "આઓ ! નમાઝ કી તરફ !" **હય્ય અલલ્ ફલાહ** "આઓ ! કામયાબી કી તરફ !"

મસ્જિદસે મોઅઝ્ઝિન દિનમેં પાંચ મર્તબા સારી ઉલઝનોં સે નિકાલ કર તુમ્હેં અલ્લાહ કે ઘરકી તરફ બુલાતા હૈ. અબ બંદા જબ ઝોહર પળ્હને કે લિએ ગયા તો ઉસે યાદ આ ગયા, નહીં ! નહીં ! દૌલત સબસે બળી ચીઝ નહીં હૈ, મૌલા કરીમ હૈ, મૌલા રઝ્ઝાક હૈ, રોઝી દેનેવાલા વહી હૈ. દૂસરે એ'તેબાર સે દેખો, મા'બૂદ અપની યાદ કે એલાવા બંદો કો યહ ભી બતાના ચાહતા હૈ કે તુમ મુઝ સે દૂર ન હો જાઓ, બલ્કે સજદે મેં આ જાઓ તા કે

કુર્બકી દૌલત તુમ્હેં મિલ જાએ. મેરે કરીબ રહા કરો, સુનો ! દુન્યા કા દસ્તૂર હૈ કે બંદા કહીં મુલાઝિમત કરતા હૈ યા તા'લીમ હાસિલ કરતા હૈ તો હાઝરી ઔર ગૈર હાઝરી હોતી હૈ, એબસન્ટ (Absent) પ્રેઝન્ટ (Present) વાલા મામલા રહતા હૈ. અબ સુબ્હ કે વક્ત તુમ મસ્જિદ મેં જાકર અપના નામ દર્જ કરવા દિએ કે, મૌલા ! મૈં તેરા હી બંદા હૂં, ઈસી લિએ તેરે સામને સર ઝુકા રહા હૂં. ફિર દોપહરમેં તુમને હાઝરી લગાઈ. મૌલા ! મૈં તેરા હી બંદા હૂં, મૈં દુન્યામેં ઈતના ફિદા નહીં હો ગયા હૂં કે તુઝે ભૂલ જાઉં. મૌલા ! મૈં તેરા અબ્દ બનકર ઝિંદગી ગુઝાર રહા હૂં. ફિર ઈસી તરહ દિનમેં પાચ મર્તબા હાઝરી દેતા હૈ. ઔર અલ્લાહ કી બારગાહમેં જબ પાંચ મર્તબા કી હાઝરી કા રજિસ્ટર પહોંચતા હૈ તો કરીમ કરમ ફર્માતા હૈ, મેરે બંદે ! જબ દિનમેં પાંચ મર્તબા સારે જમેલોં કો છોળકર મેરી બારગાહ મેં અપને સરકો ઝુકાતા હૈ તો સુન ! તેરે સજદે કબૂલ કર લિએ જાતે હૈં ઔર તુઝે ગુનાહોં સે બચાને કા એહતેમામ કિયા જાતા હૈ. નમાઝ બહુત બળી ઈબાદત હૈ, બહુત અફઝલ ઈબાદત હૈ.

અબ દૂસરે એ'તેબારસે આપ દેખેં, રબને ફર્માયા : ان الصلوٰة تنهىٰ عن الفهشاء والمنكر *(સૂ. અન કબૂત, ૪૫)*

**તર્જુમા** : "બેશક ! નમાઝ મના કરતી હૈ બેહયાઈ ઔર બુરી બાતસે. –*(કન્ઝુલ ઈમાન)*

યા'ની બેશક ! નમાઝ બેહયાઈયોં ઔર બુરી બાતોંસે રોકતી હૈ. આપ ઝરા સોચો ! તારીખ કે અવરાક ઉલટકર દેખો તો હર માં જિસ કે બતનસે કોઈ નેક ઔલાદ જન્મ લી હૈ ઉસકી માં બચપન હી સે સર ઝુકાને કા જઝબા ઔર ઈબાદત કરને કી તર્બિયત દેતી હૈ. કૌન નહીં જાનતા કે હઝરત ઈમામ હુસૈન رضي الله عنه ને અપની જાન સજદેમેં દી હૈ. આખિર ક્યૂં ?! ઉસકી વજહ યહ થી કે માં ને બચપન હી સે સજદા સિખાયા થા. માં ને બતાયા થા, બેટા ! યહ સર ઉસીકી બારગાહ મેં ઝુકને કે લિએ હૈ. ઈસ તરહ માં ને સજદે કી ઈત્ની મહબ્બત દિલમેં પૈદા કર દી થી કી જબ આખરી વક્ત આયા તબ ભી આપ સજદા હી મેં નઝર આ રહે હૈં. ઈસ તરહ જિત્ને ભી ઔલિયાએ કિરામ رضوان الله تعالیٰ علیهم اجمعین કી તારીખ ઉઠાકર આપ પઢેંગે, સજદોં કી કષરત ઝરૂર મિલેગી. વજહ ક્યા હૈ ? વજહ યહ હૈ કે હર છોટા બળેસે કરીબ હોના ચાહતા હૈ ઔર સજદા ઐસા ઝરીઆ હૈ જો સબસે બળેસે કરીબ કર દેતા હૈ, યા'ની અલ્લાહ સે કરીબ કર દેતા હૈ. આજ મુસલમાન જો દર દરકી ઠોકરેં ખા રહા હૈ, આજ મુસલમાન જો પરેશાની કે અંદર ઝિંદગી ગુઝાર રહા હૈ, આજ મુસીબતોં કે બાદલ જો મુસલમાનોં કે સરોં પર મંડલાતે નઝર આતે હૈં, ક્યા સબબ હૈ ઉસકા ? ઉસકા સબબ યહ હૈ કે હમેં ખયાલે રિઝ્ક તો હૈ રઝ્ઝાક કા ખયાલ નહીં ! હમ કભી નફ્સકી પૈરવી કરતે નઝર આતે હૈં, કભી ગુનાહોં કી ગુલામી કરતે નઝર આતે હૈં.

મેરા રબ ફર્માતા હૈ : નમાઝ બેહયાઈ ઔર બુરી બાતોં સે રોકતી હૈ. આપ દેખેં, કૈસે રોકતી હૈ ? આપને જબ કયામ મેં અલ્લાહુ અકબર ! કહકર હાથ બાંધ લિએ, ફિર આપકો હુકમ દિયા ગયા અપની નિગાહ કો સજદે કી જગહ પર રખો !

યા'ની એક તરફ યહ હુકમ હૈ કે કયામ કી હાલતમેં તુમ્હારી નિગાહ સજદાગાહકી તરફ હો, તા કે જબ તુમ બાહર નિકલો તો તુમ્હારી નિગાહ ખિળકિયોં પર યા કિસી ગૈર મહરમ પર ન હો બલ્કે અપની રાહ પર હો. યહ નમાઝ તુમ્હેં નિગાહોં કો નીચી રખને કી તા'લીમ દે રહી હૈ. લેહાઝા જબ અલ્લાહ કી બારગાહમેં થે તો હાલતે નમાઝ મેં તુમ્હારી નિગાહેં ઝુકી હુઈ થીં, અબ તુમ બાહર નિકલ કે નિગાહોં કો આવારા મત કર દો ! બલ્કે નિગાહોં કો ઝુકાએ ઝુકાએ રખો. ઈસ તરહ યહ નમાઝ તુમ્હેં બેહયાઈસે રોકતી નઝર આ રહી હૈ. આપ દેખતે ચલે જાએં, નમાઝ અલ્લાહ કા ડર દિલ મેં કૈસે પૈદા કરતી હૈ ? *(ક્રમશઃ)*

# ગુનાહોનો ઈલાજ

હપ્તો : ૦૨

લેખક : હકીમ મુહમ્મદ અસ્લમ શાહિન કાદરી
અનુવાદક : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી

## ★ હસદ (ઈર્ષા)નો ઈલાજ ★

હઝરત ઈમામ મુહમ્મદ ગિઝાલી رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું કે હસદ દિલની બીમારીઓમાંથી ઘણી જ મોટી બીમારી છે અને તેનો ઈલાજ એ છે કે હસદ કરવાવાળો ઠંડા દિલથી એ વિચારે કે મારા હસદ કરવાથી હરગિઝ ! હરગિઝ ! કોઈની દૌલત અને નેઅમત બર્બાદ નથી થઈ શકતી અને હું જેના પર હસદ કરી રહ્યો છું તેનું મારા હસદ કરવાથી કાંઈ પણ બગડવાનું નથી બલ્કે મારા હસદનું નુકસાન દીન અને દુનિયામાં મને જ થશે કેમ કે હું ફોગટમાં દિલની જલનમાં મુબ્તલા છું, અને હર પળે હસદની આગમાં સળગતો રહું છું અને મારી નેકીઓ બરબાદ થઈ રહી છે, અને હું જેના પર હસદ કરી રહ્યો છું તેને કયામતના દિવસે મારી નેકીઓ મળી જશે. પછી એ પણ વિચારે કે હું જેના પર હસદ કરું છું તેને આ નેઅમતો અલ્લાહ તઆલાએ અતા ફર્માવી છે અને હું તેના પર નારાજ થઈ હસદની આગમાં સળગી રહ્યો છું તો હું અલ્લાહના કામ પર વાંધો ઉઠાવી રહ્યો છું તથા મારા દીન અને દુનિયાને બરબાદ કરી રહ્યો છું. આટલું વિચારી પછી પોતાના દિલમાં એ ખયાલ જમાવે છે કે અલ્લાહ તઆલા હકીમ તથા અલીમ છે, જે માણસ જે વસ્તુનો લાયક હોય છે અલ્લાહ તઆલા તેને તે જ વસ્તુ આપે છે. હું જેના પર હસદ કરી રહ્યો છું તે નેઅમતોનો અહ્‌લ હતો એટલે અલ્લાહ તઆલાએ તેને નેઅમતો અતા ફર્માવી અને હું લાયક ન હતો એટલે મને ન આપી. આ રીતે હસદની બીમારી દિલમાંથી નીકળી જશે અને હસદ કરવાવાળાને હસદની જલનથી છૂટકારો મળી જશે. *(અહયાઉલ ઉલૂમ, ભાગ–૩ પેજ–૧૯૬)*

## ★ હસદ (ઈર્ષા)નો અમલી ઈલાજ ★

હસદ પર કા'બૂ પામવાનો અમલી ઈલાજ એ છે કે હસદનાં કારણોને પોતાના દિલથી દૂર કરી દેવાં જોઈએ. તેનાં કારણોમાં દુશ્મની, ઘમંડ, મર્તબા અને માલની મહોબ્બત વગેરેનો જ તો સમાવેશ થાય છે માટે આ વસ્તુઓને દિલથી ખૂબ જ ઈબાદત અને રિયાઝત વડે ઉખેડી ફેંકવું જ તેનો ઈલાજ છે, ત્યાં સુધી કે હસદનું નામો નિશાન બાકી ન રહે. તો પણ જો કોઈ દિવસ હસદ પેદા થવા લાગે તો આપે પ્રેક્ટિકલી પોતાની ઈચ્છા અને ખ્વાહિશના વિરૂધ્ધ કામ કરવું દા.ત. હસદનો તકાઝો એ છે કે સામે વાળાને બુરૂં ભલું કહેવામાં આવે તો (તેવા સમયે) તમારે તેનાથી ઉલ્ટુ કરી અને તેની પ્રશંસા કરવી જોઈએ. એ જ રીતે જો હસદનો તકાઝો હોય કે ઘમંડ અને તકબ્બુર કર ! તો આપે તેનું ઉલ્ટું એટલે કે આજિઝી અને નમ્રતા ઈખ્તિયાર કરવી જોઈએ. એ જ રીતે જો તેની ઈચ્છા એ હોય કે મેહસૂદ (જેનાથી હસદ હોય)ની નેઅમતને ખતમ કરવા માટે તેના દુશ્મન બની જાવ ! તો (તેવા સમયે) નફ્સનો વિરોધ કરી તેની સાથે દોસ્તી તથા મહોબ્બતને પ્રદર્શિત કરવામાં આવે. અને બીજો એક ઈલાજ એ પણ છે કે મેહસૂદ (જેનાથી હસદ કરવામાં આવે)ની ગેરહાજરીમાં લોકો વચ્ચે તેના કિરદારના વખાણ કરવાં જોઈએ જેથી તે (મહસૂદ) જયારે સાંભળે તો તેને ખુશી તથા મસર્રત થાય અને તેની આ ખુશી અને મસર્રતની અસર તેના દિલ પર ખરેખર પડશે અને તેની

દુશ્મની અને અદાવતનો સિલસિલો યકીનન ખતમ થઈ જશે. જેમ કે સૂરએ સજદહ્, આયત–૩૪ માં ઈર્શાદ ફર્માવવામાં આવ્યો, "(હે લોકો !) સારા વર્તનથી બુરાઈને ટાળી આપો, કારણ કે તમે અને તમારો દુશ્મન (સદ્વર્તનથી) એવા થઈ જશો જેમ કે દોસ્ત (સાથી) છો !"

યાદ રાખો ! આવા સમયે શૈતાન ઘણો જ ઉશ્કેરવાની કોશિશ કરશે કે જુઓ ! જો તમે તેની સામે તેના વખાણ તથા પ્રસંશા કરી આજીજી કરશો તો ડરપોક (બુઝદિલ) માનવામાં આવશો ! તમારી ઈજ્જત શું બાકી રહેશે ?! વગેરે પરંતુ સારાંશ એ કે આ દવા ઘણી જ ફાયદામંદ રહેશે પણ છે જરા કડવી ! જો સબર અને હિંમત સાથે પી લેશો તો દીનો દુનિયાની નજાત આ કડવાશને સહન કરી લેવામાં જ છે.

## ★ લાલચ અને તેનો ઈલાજ ★

દરેક દુનિયવી વસ્તુ ખાસ કરી જરૂરતથી વધુ માલ અને દૌલત પ્રાપ્ત કરવાની તમન્નાને લાલચ કહેવામાં આવે છે. આ ઘણી જ બુરી અને ખોટી આદત છે. લાલચ માણસને ઘણી જ મુસીબતોમાં સપડાવી દે છે કારણ કે લાલચી માણસને કોઈ પણ ઠેકાણે સંતોષ નથી મળતો અને લાલચ અસંખ્ય ગુનાહોની જડ છે. ટૂંકમાં એ કે માણસે જોઈએ કે જે રિઝ્ક અને ધન દૌલત અલ્લાહ તઆલાએ આપી છે તેના પર રાજી થઈ કનાઅત (સંતોષ) કરી લેવું જોઈએ. બીજાની દૌલત તથા નેઅમત જોઈને પોતે પણ તેને મેળવવાના ચક્કરમાં ગુમ રહેવું અને સારી તથા ખોટી દરેક પ્રકારની યુક્તિઓમાં રાત દિવસ લાગેલા રહેવું, આને જ લાલચ તથા ઈર્ષા કહેવામાં આવે છે.

જેમ કે હદીષ શરીફમાં છે કે **જો કોઈ માણસ પાસે બે મેદાન ભરીને સોનુ હશે તો પણ તે ત્રીજુ મેદાન માંગશે. અને આદમની ઔલાદના પેટને કબરની માટી સિવાય કોઈ પણ વસ્તુ ભરી નહીં શકે.** અને જે માણસ તેનાથી તૌબા કરશે તો અલ્લાહ તઆલા તેની તૌબા કબૂલ ફર્માવી લેશે. *(મિશ્કાત શરીફ)*

હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો કે **માણસ ઘરડો થઈ જાય છે પણ તેની બે વસ્તુઓ જવાન રહે છે, એક માલની લાલચ અને બીજી ઉમરની લાલચ.** *(બુખારી શરીફ)*

હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہ થી રિવાયત છે કે સરકાર صلی اللہ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો કે કયામતના દિવસે સૌથી બદ્તર તે માણસ હશે જેણે બીજાની દુનિયા ખાતર પોતાની આકેબત (આખિરત) બર્બાદ કરી. *(ઈબ્ને માજા)*

## ★ લાલચનો ઈલાજ ★

આ દિલી બીમારીનો ઈલાજ સબર તથા કનાઅત (થોડામાં રાજી)ની દવાથી કરવો જોઈએ, એટલે કે બંદાને જે કાંઈ પણ અલ્લાહ તરફથી મળી જાય તેના પર રાજી થઈ અલ્લાહનો શુક્ર અદા કરે. અને આ અકીદા પર મજબૂતીથી જામી જાય કે માણસ જ્યારે માંના પેટમાં રહે છે ત્યારે ફરિશ્તા ખુદાના હુકમથી તેની ચાર ચીજો લખી દે છે, માણસની વય (ઉમર), રોજી, નેક નસીબી, બદ્નસીબી, અને આ જ માણસની લખાયેલ તકદીર છે. **લાખ ફાંફાં મારો પરંતુ તે જ મળવાનું છે જે તકદીરમાં લખાયેલ છે.** તો પછી આ સમજી અલ્લાહની અતા પર રાજી થઈ જાવ તથા આમ કહી લાલચના મજબૂત કિલ્લાને તોડી નાખો કે જે મારી તકદીરમાં હતું તે મને મળ્યું અને જે મારી તકદીરમાં હશે તે ભવિષ્યમાં મને મળશે. અને જો થોડી કમીના કારણે દિલમાં તકલીફ હોય અને નફ્સ આમ તેમ લપકે તો સબર કરી લો, તો આ રીતે ધીમે ધીમે દિલમાં કનાઅત (જે મળે તેમાં સંતોષ)નું નૂર ચમકી ઉઠશે અને લાલચ તથા ઈર્ષાનું અંધાર્યું વાદળ દૂર થઈ જશે.

લાલચનો આ ઈલાજ વધુ પાંચ વસ્તુઓ પર આધારિત છે : પ્રથમ વસ્તુ અમલ છે તેનો મતલબ એ કે **માણસ પોતાના ખર્ચને ઘટાડી ઓછામાં ઓછી હદ સુધી લઈ આવે, ઉચ્ચ તથા હમેશાં મુર્ગ મુસલ્લમ પકવાનોના બદલે સાદા ઉપહારને વધુ લેવો જોઈએ. અને ખૂબ જ કિંમતી તથા ભડકીલા કપડાંના બદલે સાદો લિબાસ પહેરે.** કારણ કે આ પ્રકારની (સાદી) વસ્તુઓ વગર લાલચે પણ સહૂલતથી મળી શકે છે, સરકાર દો આલમ ﷺ નું ફર્માને આલીશાન છે, કે માણસની નજાત (છૂટકારો) ત્રણ વસ્તુઓમાં છે : પ્રથમ એ કે જાહેરી તથા આંત્રિક રીતે અલ્લાહથી ડરતો રહે, બીજી એ કે માલદાર હોય કે ગરીબ **ખર્ચ કરવામાં મધ્યમ માર્ગ રાખે.** ત્રીજી એ કે ખુશી હોય કે ગમ દરેક હાલતમાં ઈન્સાફને હાથમાંથી ન જવા દે. વધુ ઈર્શાદ ફર્માવ્યો કે જે માણસ (ખર્ચમાં) મધ્યમ ચાલ ચાલે (માપ રાખે) તેને અલ્લાહ તઆલા બેનિયાઝ કરી દે છે અને જે બેહિસાબ ખર્ચ કરે છે તેને લોકોનો મોહતાજ બનાવી દે છે. અને ફર્માવ્યું કે ખર્ચ કરતી વેળા સોચી વિચારી અને ધીરજથી કામ લે કારણ કે આ વિચારવું અડધી રોજી સમાન છે.

લાલચનો બીજો ઈલાજ એ છે કે જ્યારે એક દિવસ માટે થઈ રહે એટલો માલ મળી આવે તો આવતા દિવસ માટે ફિકર કરવાની કોઈ જરૂર નથી હોતી કારણ કે એ શૈતાન તરફથી હોય છે જે ભવિષ્યમાં હેરાન કરવા માટે કોશિશ કરતો હોય છે અને માણસને એવો મશવરો આપે છે કે ચાલ ! કાલ માટે અત્યારથી જ કોશિશ કરવા માંડ ! ટૂંકમાં એ કે શૈતાન આવતી કાલની મુફલિસીથી બીવડાવી આજથી જ મુશ્કેલીમાં મૂકવા માંગે છે પછી બંદાની બેવકૂફી જોઈ શૈતાન પોતે જ પોતાના દિલમાં હસે છે કે લો ! જુઓ ! કાલનો દિવસ જોવા મળશે કે નહીં ?! તેનું તો ભાન નથી પણ તેના માટે આજથી જ ઘાયલ છે !

સારાંશ એ કે માણસ એ હકીકતથી ખૂબ જ આગહ રહે કે રોઝીનું મળવું લાલચ તથા ઈર્ષા પર આધારિત નથી એ તો પહેલેથી જ મુકદ્દર થઈ ચૂકી છે જે કોઈ પણ રીતે મળવાની જ છે.

તાજદારે રિસાલત ﷺ એ એક વાર હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ ને માયૂસ તથા ઉદાસ જોયા તો ઈર્શાદ ફર્માવ્યો કે દિલ પર ગમનો ભાર આ રીતે કેમ નાખો છો ?! તમારા માટે જે કાંઈ લખવામાં આવ્યું છે તે કોઈ પણ રીતે તમને મળશે. *(કીમીયાએ સઆદત)*

હઝરત અબૂ સુફિયાન رضی اللہ عنہ ફર્માવે છે કે **પરહેઝગાર બનો કારણ કે આજ સુધી કોઈપણ પરહેઝગારને ભૂખે મરતો નથી જોયો. ખુદ અલ્લાહ તઆલાએ ફર્માવ્યું કે પરહેઝગારોને ત્યાંથી રોઝી પહોંચાડવામાં આવે છે જ્યાં તેમનો વહેમ પણ નથી હોતો.**

ત્રીજી એ વાત ખૂબ સારી રીતે દિમાગમાં બેસાડી દેવી જોઈએ કે જો માણસ લાલચ ન કરી સબર કરશે તો શક્ય છે કે એ તેને ખોટુ તો લાગશે પરંતુ ઝલીલ તથા રુસ્વા (બેઈજ્જત) નહીં થાય, પણ જો લાલચ કરશે અને સબર નહીં કરે તો મુશ્કેલીઓ ઉઠાવવાની સાથો સાથ ઝલીલ અને રુસ્વા પણ થશે અને લાલચના કારણે લોકોનાં ટોણાંઓનો પણ શિકાર થશે અને પછી આખિરતના અઝાબનો પણ ખતરો રહેશે. એથી ઉલ્ટુ જો સબર કરશે તો બદલા તથા સવાબનો હક્કદાર રહેશે અને લોકોમાં પણ મોહતરમ રહેશે અને વખાણવામાં આવશે.

લાલચનો ચોથો ઈલાજ એ છે કે માણસ ઠંડા દિલે વિચારે કે તેની લાલચ શાના માટે છે ? જો ખાવા પીવા માટે છે તો ગધેડા અને બળદ વગેરે એથી કેટલાયે ઘણા વધુ પેટ ભરવાના આદી હોય છે, જો શાનો શૌકત માટે (હસદ) હોય તો આમાં ઘણીય ગૈર કૌમો અગ્રેસર જોવામાં આવે છે. મતલબ

કે દરેક બુરા કાર્ય માટે વિવિધ દાખલાઓ ઘણીય બુરી વસ્તુઓમાં જોવા મળશે. પણ જો લાલચથી દૂર રહે અને થોડા પર સબર કરવાનું શીખી લે તો તેને આ પ્રકારના ઘણાયે દાખલા અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام અને ઔલિયાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن માં જોવા મળી શકશે.

પાંચમો ઈલાજ એ છે કે માણસ એ વિચારે કે વધુ માલ કેટલી મોટી મુસીબત અને મુશ્કેલી છે કે (માલ) તેની અધિક્તા અને વધારો જેવી રીતે દુનિયામાં મુશ્કેલીનું કારણ બને છે તેવી જ રીતે આખિરતમાં પણ તેનો હિસાબ આપવો ભારે પડશે. કારણ કે ગરીબ (માલદારથી) પાંચસો વર્ષ પહેલાં જન્નતમાં પહોંચી જશે. ટૂંકમાં એ કે આપણા માટે બેહતર એ છે કે આપણે આપણાથી નીચામાં નીચા લોકો તરફ નજર રાખવી જોઈએ જેથી શુક્ર ગુઝારી તરફ તબિયત માઈલ થાય. અમીરો તરફ આંખો ફાડી ફાડી જોવાની જરૂર નથી. આપણા પ્યારા આકા صلى الله تعالى عليه وسلم એ ઈર્શાદ ફર્માવ્યો કે હમેશાં પોતાનાથી ઓછી દૌલતવાળાને જુઓ કારણ કે શૈતાન ઉશ્કેરવાની કોશિશમાં લાગેલો રહે છે, કે જો ફલાણા લોકો તારાથી વધુ માલદાર છે ! તેઓએ શું પાંખો પહેરેલી છે ?! અને કનાઅત (થોડામાં સબ્ર) માટે તું જ બાકી રહી ગયો ?! અને જયારે માણસ પરહેઝગારી તરફ માઈલ થાય છે તો શૈતાન તેને બેહકાવે છે કે શું તું મોટો પરહેઝગાર થઈ ગયો છે ? ફલાણો મોટો આલિમ હોવા છતાં આટલો પરહેઝગાર નથી ! એમાં તો આવી આવી બુરાઈઓ છે ! તો જો તે બખ્શાઈ ગયો તો તું પણ બખ્શાઈ જઈશ. માટે હવે પરહેઝગારીની તને શું પડી છે ? વગેરે.

પ્યારા વાંચકો ! યાદ રાખો, શૈતાનનું તો કામ જ એ છે કે દુનિયવી મામલામાં હમેશાં તમારી સામે તે લોકોને લાવશે જે તમારાથી (દુનિયામાં) ઉચ્ચ દરજજાના માલિક હશે, જેથી તમે લાલચ અને હસદમાં સપડાયેલા રહો અને દીની મામલામાં એવા લોકોનો નમૂનો લાવશે જેઓ તમારાથી પણ ઘટીયા અને કમજોર હશે જેથી તમે (દીની મામલામાં) બિલકુલ જ ગાફિલ થઈ જાવ. જયારે કે અસલ વસ્તુ આથી ઘણી જ ઉલ્ટી છે, એટલે કે દીની મામલામાં આપણે બુઝુર્ગાને દીન પર નજર રાખવી જોઈએ જેઓ આપણાથી ઘણાયે બુલંદ મર્તબાવાળા થઈ ગયા છે જેથી આપણને આપણા કૃત્યો અને સુસ્તીથી આગાહી મળતી રહે. અને દુનિયાવી મામલામાં આપણે ફકીરો અને ગરીબોને ધ્યાનમાં રાખવા જોઈએ જેથી તેમની મુફલિસી જોઈને અલ્લાહ તઆલાનો શુક્ર અદા કરવાની તૌફીક મળે. *(ક્રમશઃ)*

---

*(પેજ નં. ૧૪ નું ચાલુ.....)* એક કથન એ પણ છે તે (કાફ) કુર્આને કરીમનું એક નામ છે. એ પણ કહેવામાં આવ્યું છે કે, તે અલ્લાહ તઆલાનું નામ છે. એ પણ કહેવામાં આવ્યું છે કે, તે એક પહાડ છે જેણે તમામ જમીનને ઘેરી લીધી છે. આ તફસીરમાં આ સિવાય અન્ય કેટલાંય કથનો છે.

ઈમામ જા'ફર સાદિક બિન ઈમામ મુહમ્મદ બાકર رضى الله عنه એ وَالنَّجْمِ اِذَا هَوٰى *(સૂરએ નજમ, આયત–૧)* (અર્થ : તે પ્યારા તારક (મુહમ્મદ)ની કસમ ! જયારે તે મેઅરાજમાંથી ઉતરે છે)ની તફસીરમાં ફર્માવ્યું છે કે, આનાથી મુરાદ હઝરત મુહમ્મદ صلى الله تعالى عليه وسلم છે. એક કથન એ પણ છે કે **અન્નઝ્મિ**થી મુરાદ હઝરત રિસાલત મઆબ صلى الله تعالى عليه وسلمનું મુબારક દિલ છે અને **"હવા"**થી મુરાદ તેમનો અન્વારે ઈલાહી (અલ્લાહના નૂર)થી ભરી જવું છે અને કેટલાકે કહ્યું છે કે, ગૈરુલ્લાહથી અલિપ્ત થઈ જાય છે.

ઈર્શાદે બારી તઆલા : وَالْفَجْرِ ۝ وَلَيَالٍ عَشْرٍ ۝ **તર્જુમો** : "તે સવારની કસમ ! અને દસ રાતોની"ની તફસીરમાં ઈબ્ને અતાઅ્ رحمة الله عليه નું કથન છે કે, **અલ્ફજ**થી મુરાદ મુહમ્મદ صلى الله تعالى عليه وسلم છે કેમ કે ઈમાનનાં ઝરણાં આપનાથી ફૂટે છે. *(ક્રમશઃ)*

# ઈસ્લામ અને વિજ્ઞાનની પ્રગતિ

કાર્યાલય

સાયન્સ (વિજ્ઞાન)નો ઉલ્લેખ થતાં જ સામાન્યતઃ દિમાગનું ધ્યાન એ વાત પ્રતિ જાય છે કે અર્વાચીન ઈલ્મો તથા વિદ્યાઓ અમેરિકા તથા યૂરોપને ફાળે જાય છે પરંતુ અફસોસ કે કદી પણ આપણે એ વાત પર વિચાર કે ચિંતન પણ કર્યું કે છેવટે આ વિદ્યાઓ યૂરોપને કઈ રીતે પ્રાપ્ત થઈ ? કદાચ આપણે કદી પણ એની જરૂરત મેહસૂસ નથી કરી, જ્યારે કે ખૂદ યૂરોપનો ઈતિહાસ સાક્ષી છે કે જે જમાનામાં પશ્ચિમી જગત સાયન્સ તથા ટેકનોલોજી (Science & Technology)ની વિદ્યાઓથી અજાણ હતું, તેમને ત્યાં જૂનવાણી રૂઢીચુસ્તતા પ્રિય હતી કે તેમના પૂરાણા રીવાજોથી જરા પણ હટીને વાત કરનારાઓ અને વૈજ્ઞાનિક સંશોધકોને કેદ કરીને મારી નાખવામાં આવ્યા. જેમ કે યૂરોપે ઈ.સ. ૧૪૭૮ માં "પૂછતાછ તથા પકડની સભા"ની સ્થાપ્ના કરી જેનો મકસદ એ હતો કે વિજ્ઞાન વિદ્યાથી જરા પણ દિલચસ્પી રાખનારાઓને પૂછતાછ તથા પકડની સભામાં રજુ કરીને સજાઓ આપવામાં આવે. જેમ કે વીસ હજાર માણસોને જીવતા સળગાવી દેવામાં આવ્યા. સ્પેનના આ પરીક્ષણ તથા પકડ કરતા ખાતાએ પોતાનો પ્રથમ વાર્ષિક જશ્ન એ કારનામાઓ સાથે મનાવ્યો કે બાર મહીનામાં બે હજાર માણસોને જીવતા સળગાવી દીધા, ૧૭ હજાર માણસોને ભારે દંડ અને કૈદ તથા ફાંસીની સજાઓ આપી.

ગેલેલિયો (Galileo) જેવા મશ્હૂર વૈજ્ઞાનિકને દેવળના ઠેકેદારો થકી જેલના સળીયાઓની પાછળ ધકેલી દેવામાં આવ્યો અને ત્યાં સુધી કેદથી આઝાદ નથી કરવામાં આવ્યો જ્યાં સુધી કે મૌતે આવીને તેને ઘેરી ન લીધો. તેનો જુર્મ કોઈ ધાર્મિક જુર્મ ન હતો બલ્કે તેની ભૂલ તેનું વૈજ્ઞાનિક (Scientist) હોવું હતું. *(મઆશિરતે નબવી ઔર જદીદ સાયન્સ બ હવાલા મારકએ સાયન્સો મઝહબ)*

એ જમાનામાં મુસલમાનોએ રોમ તથા ઈરાન તેમ જ હિંદુસ્તાનના રિવાજ પામેલ ઈલ્મો તથા વિદ્યાઓ પર વિવેચનાત્મક દષ્ટિ દોડાવી અને નવા ઈલ્મી સિધ્ધાંતો તથા માન્યતાઓની શોધ કરી અને મનોવૈજ્ઞાનિક તથા ફિલોસોફિકલ ચર્ચાઓના સ્થાને ઈલ્મી સંશોધન (રીસર્ચ) તથા પ્રયોગો તેમજ પ્રક્ટિકલો પર વિશેષ ભાર મૂક્યો જેના કારણે માનવ જગતમાં ઈલ્મ તથા રીસર્ચનું એક વાતાવરણ ઉભુ થઈ ગયું. જાણે તે વખતના ઈસ્લામી જગતના ઉલમા તથા વિદ્યાના જાણકારોની સ્થિતિ એવી હતી કે તેમણે સાયન્સના દરેક ક્ષેત્ર પર પોતાનો સિક્કો જમાવી લીધો હતો. તેમનું આ જ વલણ ઉન્દલુસ (સ્પેન)ની યુનિવર્સિટીઓના થકી યૂરોપી વૈજ્ઞાનિકોના હિસ્સામાં આવ્યું જેના પરિણામે વર્તમાન પશ્ચિમી વિજ્ઞાનના પ્રારંભિક દૌરની શરૂઆત થઈ. પણ તેની સાથો સાથ આ ઈતિહાસનો ઈબ્રતનાક બનાવ છે કે વિજ્ઞાનની મહાન સેવાઓ અંજામ આપ્યા પછી અરબ તથા અન્ય મુસલમાનો પોતાની સંશોધનાત્મક તથા વિદ્યામય ગતિ ભૂલી ગયા અને અનુભવો તથા પ્રયોગોને વિસ્તારવાને બદલે અનુસરણ કરવાવાળી તથા રિવાજ મુજબ ચાલતી વિચારધારના શિકાર બની ગયા જેના પરિણામે તેઓ વૈજ્ઞાનિક સંશોધન

તથા રિસર્ચના મેદાનમાં પશ્ચિમથી પાછળ રહી ગયા અને તેમનાથી જ શીખેલા વિદ્યામય તથા સાઈન્સી હથિયારો વડે પશ્ચિમે તેમને પોતાના ગુલામ બનાવવાનું શરૂ કરી આપ્યું અને તેમનું શોષણ કરીને લાભ ઉઠાવવા લાગ્યું અને ઉસ્તાદીનો દા'વો કરી બેઠું.

## ★ ઈસ્લામ અને સાયન્સ એક નજરમાં ★

**ઈસ્લામ** નામ છે કાયનાતના ખુદાને જાણવાનું જે તેનો ખાલિક તથા માલિક છે અને જેણે આપણને એક ખાસ સ્કીમ (Scheme)ના હેઠળ પેદા ફર્માવ્યા છે જેનો ઈલ્મ તે પોતાના ખાસ તથા ચુનંદા બંદાઓ થકી આપણા સુધી મોકલે છે જેને આપણે રસૂલ કહીએ છીએ અને હઝરત મુહમ્મદ મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم આ ક્રમના અંતિમ રસૂલ છે, તેમને માનવા અને હવે તમામ દુનિયાએ આપનું અનુસરણ કરવું ફર્ઝ છે. જે વ્યક્તિ આપની દા'વતને પામે અને પછી તેને કબૂલ ન કરે તો તે કેવળ આપનો જ ઈન્કાર નથી કરતો બલ્કે હકીકતમાં તે ખુદાના તમામ નબીઓનો ઈન્કાર કરી દે છે, એવો શખ્સ ખુદાનો વફાદાર નથી બલ્કે તેનો બાગી છે અને ખુદાની અગણિત રહમતોમાં તેનો કોઈ હિસ્સો નથી.

**વિજ્ઞાન** (સાયન્સ)નો શાબ્દિક અર્થ ઈલ્મ તથા હિકમતનો છે અને સામાન્ય બોલીમાં કાયનાતની હકીકતોના અભ્યાસ કરવાનું નામ સાયન્સ છે. બીજા શબ્દોમાં એ રીતે સમજો કે સાયન્સ આ અનુભવાતી દુનિયાના અભ્યાસનું નામ છે જે આપણા અનુભવોમાં આવે છે અથવા આવી શકે છે. ઈમાનવાળાઓના જ આ ગુણની કુર્આને કરીમની આયતે કરીમા :–

یتفکرون فی خلق السّمٰوٰت والارض

(કે તેઓ જમીન તથા આસ્માનની બનાવટ પર ચિંતન મનન કરે છે) પ્રતિ નિર્દેશ કરે છે. એના સંબંધે જે વાત કુર્આનમાં સિધ્ધાંતિક રીતે કહેવામાં આવી છે કાયનાત તેની વાસ્તવિક દલીલ છે. ઈસ્લામ અને સાયન્સની આ વ્યાખ્યાના એ'તબારથી એ બાબત સ્પષ્ટ થઈ જાય છે કે બંને ઘણા વિશાળ તથા ફેલાયેલા વિષયો છે જેના વર્તુળો ઘણા જ પાંસાંઓથી એક બીજાના પૂરક છે, વિરોધાભાસી નથી, અને જો વિરોધાભાસ છે પણ તો તે વૈજ્ઞાનિકોની કૂસમજ છે કેમ કે સાયન્સ એ માનવના સ્વરચિત ઈલ્મોનું નામ નથી બલ્કે તે દુનિયામાં ફેલાયેલી ચીજોની હકીકતોની તલાશ તથા શોધખોળ નું નામ છે. એ ચીજોનો જે હિસ્સો પણ વૈજ્ઞાનિક સંશોધન છે તે ખુદાની કુદરતની એક ઝલક હોય છે, તે ખુદાની નિશાનીઓમાંથી એક નિશાની હોય છે. બસ તફાવત કેવળ એટલો જ છે વૈજ્ઞાનિકોની દષ્ટિએ ઈલ્મ કેવળ ઈલ્મ રૂપે હોય છે અને મો'મિનની દષ્ટિએ ઈલ્મ મકસદ માટે હોય છે. વૈજ્ઞાનિકોનો ઈલ્મ કેવળ સંશોધનના માટે હોય છે જ્યારે કે મો'મિનનો ઈલ્મ બરકત માટેનો હોય છે.

## ★ કુર્આન અને વિજ્ઞાન (Science) ★

કુર્આન તથા સાયન્સ દરમ્યાન કોઈ મતભેદ તથા વિરોધાભાસ નથી બલ્કે આજની વૈજ્ઞાનિક શોધો કુર્આન હદીષના વર્ણન કરેલા સિધ્ધાંતો તથા નિયમો, હકીકતો તથા માન્યતાઓ અને ફિતરત (કુદરત)ના કારખાનામાં કાર્યશીલ શક્તિઓની તા'કીદ કરતી જોવા મળે છે. જો ક્યાંક કુર્આન તથા સુન્નત (હદીષ)ની માન્યતાઓની સચ્ચાઈના બારામાં લોકોને શક તથા વસવસો છે તો તેનું કારણ કેવળ એ જ છે કે આપણો ઈલ્મ હજી સુધી અપૂર્ણ છે, આપણા વૈજ્ઞાનિક સંશોધનો હજી અધૂરાં છે, જેમ જેમ વિજ્ઞાન પ્રગતિ કરી રહ્યું છે એ જ પ્રમાણે ઈસ્લામ ધર્મની સત્યતા તથા હક્કાનિયતનું લોકોને યકીન આવી રહ્યું છે.

કુર્આને કરીમમાં ડઝનબંધી એવી આયતો

મૌજૂદ છે જે જિંદગીના તમામ પાસાંઓ પ્રતિ નિર્દેશ કરે છે અને ડગલે ને પગલે ઈન્સાનને કાયનાતમાં વિખેરાયેલા રજકણો અને ભૂગર્ભના ખજાનાઓને તદબ્બુર (ચિંતન)ની નજરે જોવાનું નિમંત્રણ આપે છે, તેમ છતાં એનો મતલબ એ નથી કે કુર્આન સાયન્સની કિતાબ છે બલ્કે તે કેવળ એટલા માટે એવું કરે છે કે ઈસ્લામના પાયાના સિધ્ધાંતો તથા ખયાલોને વાસ્તવિકતાઓ તથા અનુભવોની રોશનીમાં સાબિત કરવામાં આવી શકે. કુર્આને કરીમ કાયનાતના અનુભવો (અનુભૂતિઓ)ના માટે માનવીના દિમાગને આ પ્રમાણે ઝંઝોળી રહ્યું છે :–

أفـلا ينظرون ألى الابل كيف خلقت وألى السماء
كيف رفـعـت والـى الـجبـال كيف نـصبت وألى
الارض كيف سُطِحَت *(સૂ. ગાશિયા, પારા–૩, કુર્આન)*

"શું ઊંટને નથી જોતા કેવું બનાવવામાં આવ્યું ! અને આસ્માનોને કેવાં ઊંચાં કરવામાં આવ્યાં અને જમીન કેવી રીતે બિછાવવામાં આવી !" *–(કન્ઝુલ ઈમાન)*

આસ્માન તથા જમીનની પેદાઈશ તથા રાત અને દિવસના બાબતે વિચાર કરવા આ પ્રમાણે પ્રોત્સાહિત કરી રહ્યું છે :–

اِنَّ فی خلق السَّمٰوٰت ولارض واختلاف الليل والننهار
لاٰيٰت لاولی الأبصار *(સૂ. આલે ઈમરાન્, પારા–૪)*

"નિ:શંક ! આકાશો તથા જમીનોના સર્જન અને રાત તથા દિવસના વારા ફરતી આવવામાં બુદ્ધિશાળીઓ માટે નિશાનીઓ છે." *–(કન્ઝુલ ઈમાન)*

هـوالـذی جعل الشمس ضياءً والقمر نوراً وقدره
مـنـازل لتـعلموا عدی السنين والحساب ما خلق
الـلّـه ذٰلك اِلَّا بـالـحـق يفصل الاٰيٰت لقوم يعلمون

*(સૂ. યૂનુસ, પારા–૧૧)* "તે જ છે જેણે સૂર્યને ઝગમગતો બનાવ્યો અને ચંદ્રને તેજ અતા કર્યું અને તેના માટે મંઝિલો ઠરાવી કે તમે વરસોની ગણત્રી અને હિસાબ જાણો. અલ્લાહે સર્વને હેતુસર બનાવેલ છે અને વિગતવારની નિશાનીઓ ઈલ્મવાળાઓ માટે પેશ કરી." *–(કન્ઝુલ ઈમાન)*

اَولـم يـرالـذيـن كـفـرواان السَّمٰوٰت والارض
كـانتـارتقا ففتقنهما وجعلنا من الماء كل شئ حی
أفلا يؤمنون *(સૂ. અંબિયા, પારા–૭)*

"શું કાફિરોએ એ ખયાલ કર્યો કે આસ્માન તથા જમીન બંધ હતાં તો અમે તેને ખોલ્યાં અને દરેક જીવંત ચીજ પાણીથી બનાવી, તો શું તેઓ ઈમાન નહીં લાવે !" *–(કન્ઝુલ ઈમાન)*

આ આયતના હેઠળ ફી ઝિલાલુલ્ કુર્આન, ભાગ–૫, પારા–૧૭, પેજ–૨૪, ૨૫ માં છે : "ક્યારેક ક્યારેક કુર્આન અમુક સૃષ્ટિમય હકીકતોની પ્રતિ નિર્દેશ પણ કરે છે, દા.ત. આ હકીકત જેનું વર્ણન આયત اِن السَّمٰوٰت والأرض كانتا رتقا ففتقناهما માં વર્ણન થયેલ છે. એ હકીકત ઉપર **આપણા યકીનને માટે કેવળ એ વાત પૂરતી છે કે એ કુર્આનમાં વર્ણન થઈ છે.** આપણે ખગોળ શાસ્ત્રના એ સિધ્ધાંતોને સ્વીકારીએ છીએ જે કુર્આનની વર્ણન કરેલ આ સંક્ષિપ્ત હકીકતની વિરૂધ્ધ ન જતા હોય, પરંતુ આપણે કુર્આનના વર્ણનને ખગોળ શાસ્ત્રના કોઈ સિધ્ધાંતના તા'બા હેઠળ નથી બનાવતા, ન માનવીના બનાવેલા સિધ્ધાંતો વડે કુર્આનનું સમર્થન ચાહીએ છીએ, કેમ કે **કુર્આન** ખૂદ **એક યકીની હકીકત** છે."

આ લખાણમાં એ વાત પ્રતિ નિર્દેશ છે કે કુર્આનના કોઈ વર્ણનથી મળતાપણાના સંજોગોમાં કોઈ સાયન્ટિફિક સિધ્ધાંતનું સમર્થન થઈ શકે છે. વધુમાં એ કે સાયન્સની કોઈ શોધી કાઢેલ હકીકતો વડે કુર્આનને સમજવામાં મદદ લેવામાં આવે જેમ કે હા–મીમ અસ્સજદા. આયત–૩૫ ના હવાલાથી એ જ ફી ઝિલાલુલ્ કુર્આનમાં છે :–

"આ ઈશારાનો તકાઝો છે કે વિ□અને તેની આબાદીમાં અલ્લાહની જે નિશાનીઓ પણ પામી શકે તેના ઉપર આપણે સતત ચિંતન મનન કરતા રહીએ અને આપણા ચિંતનમાં કુર્આનના અર્થોને આ જ્ઞાનમય શોધોના પ્રમાણે વિશાળતા આપતા રહીએ." *(ફી ઝિલાલુલ્ કુર્આન, ભાગ–૧, પારા–૨, પેજ–૯૪ થી ૯૫, બહવાલા કુર્આન ઔર સાયન્સ)*

## ★ હદીષ અને સાયન્સ ★

રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો કે, "સૃષ્ટિના રહસ્યોમાં એક કલાક ચિંતન તથા વિચારણા એ સિત્તેર વરસની ઈબાદત કરતા બેહતર છે." *(હદીષ)*

ઉમ્મુલ મો'મિનીન હઝરત મૈમૂના رضی اللہ عنہا ફર્માવે છે કે, "મેં રસૂલે કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના માટે ગુસ્લનું પાણી રાખ્યું તો આપે જમણા હાથ વડે ડાબા હાથ પર પાણી નાખ્યું ત્યારબાદ બંને હાથોને માટી વડે ઘસીને ધોયા પછી કુલ્લી (કોગળો) કરી અને નાકમાં પાણી નાખ્યું, ત્યાર બાદ મોઢાને ધોઈને માથા પર પાણી વહાવી આપ્યું, ત્યારબાદ તે જ જગાએથી હટીને પગો ધોયા." *(હદીષ)*

વૈજ્ઞાનિકો પોત પોતાની રિસર્ચના આધારે એવું દર્શાવે છે કે માટીમાં બોર્ડિયમ કાર્બોનેટ સમાયેલ હોય છે એટલા માટે માટી વડે હાથ ધોવાથી હાથ તદ્દન સાફ તથા સ્વચ્છ થઈ જાય છે.

રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એટલે સુધી ફર્માવ્યું છે કે, "જો મને સ્ત્રીઓ તથા બાળકોનો ખયાલ ન હોત તો જે મુસલમાન પાંચ વખતની નમાઝ બાજમાઅત અદા નથી કરતા તેમને સળગાવી દેવાનો હુકમ આપી દેત." *(હદીષ)*

હવે ૧૪૦૦ વરસ પછી હાલમાં જ અમેરિકામાં હારવર્ડ મેડિકલ સ્કૂલ (Harward Medical School) એસોસિએટ પ્રોફેસર હરબર્ટ વિલ્સન (લંડન)એ ડોકટરી સંબંધી એક કોન્ફરન્સમાં પ્રવચન કરતાં ઉલ્લેખ કર્યો છે કે અર્વાચીન ડોકટરી સંશોધનના પ્રમાણે હાર્ટ એટેકે રોકવાના માટે, હાઈ બલ્ડ પ્રેશરને નોર્મલ રાખવા, સખત પીડા તથા કેન્સરને ખત્મ કરવામાં ઈબાદતો મહત્વનો રોલ ભજવે છે, મારો અંગત અનુભવ પણ એ જ છે કે સવારના સમયોમાં અધિક ઈબાદતોના કારણે દવા લીધા વિના બ્લડપ્રેશર નોર્મલ થઈ જાય છે અને હાર્ટની તકલીફ ટેમ્પરરી દૂર થઈ જાય છે."

રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના મેઅરાજના પ્રસંગને ઘણા બધા વૈજ્ઞાનિકો અવિ□સ પાત્ર સમજતા હતા, તેને માનવ શક્તિથી પર સમજતા હતા, પણ ૧૪ મી સદીમાં જેવો માણસે ચંદ્રના પટ પર કદમ રાખ્યો તો વૈજ્ઞાનિકો આ હકીકતના માનવાવાળા બની ગયા કે સિદરતુલ્ મુન્તહા માનવ મેઅરાજના ક્ષેત્રથી બહાર નથી. તો જાણે કુર્આનના આ દૃષ્ટિ બિંદુ પર અમલ કરીને માનવી ચંદ્ર સુધી પહોંચી ગયો છે. એક સમય આવશે કે લોકો ઈસ્લામને જે સૌથી વિશેષ સાયન્ટિફિક (Scientific) ધર્મ માનવા માટે મજબૂર થઈ જશે. જેમ કે કુર્આન તથા હદીષના એ જ નિર્દેશોથી પ્રભાવિત થઈને પશ્ચિમી ચિંતકો અને મશ્હૂર સાહિત્યકાર તથા નાટય લેખક **જ્યોર્જ બર્નાડ શો**એ ઉઘાડા છોગે આ વાસ્તવિક્તાનો સ્વીકાર કર્યો છે કે : **"In the next century the world religion will be Islam and Islam only."** ***(1935, in Mumbasa)*** એટલે કે "આવનારી સદીમાં દુનિયાનો ધર્મ કેવળ અને કેવળ ઈસ્લામ જ હશે."

## ★ વિજ્ઞાનના બારામાં ગલત ફહમીઓ ★

કેટલાક લોકોમાં એવી ગલતફહમીઓ છે કે સાયન્સના જ્ઞાન અને ઈસ્લામી શિક્ષણમાં કોઈ મેળાપ નથી અને એ જ્ઞાનને પ્રાપ્ત કરવાથી માણસ ગુમરાહ તથા બેદીન થઈ જાય છે, અને એટલે સુધી

પરિણામ આવે છે કે વૈજ્ઞાનિક નાસ્તિક થઈ જાય છે. જ્યારે કે ઈસ્લામ અને સાયન્સ એકબીજાનાં વિરોધાભાષી નથી બલ્કે તેમનામાં યોગ્ય કનેક્શન છે. મારું કામિલ યકીન છે કે સાયન્સની તા'લીમ હાંસલ કરવાથી માનવી સૃષ્ટિના રહસ્યો તથા ભેદોથી માહિતગાર થઈ જાય છે જેના લીધે ખુદાની ઓળખનું જૌહર પેદા થાય છે.

થોડા સમય પહેલાં નોબલ પ્રાઈઝ પામનાર મશ્હૂર વૈજ્ઞાનિક **ડો. અબ્દુસ્સલામે** ખૂબ જ ભારપૂર્વક જણાવ્યું કે ઈસ્લામી જગતની પ્રગતિનું રહસ્ય આપણે ત્યાં સાયન્સ તથા ટેકનોલોજીની તા'લીમ તથા તેહકીક (સંશોધન) પર અવલંબિત છે, પરંતુ મારા અદના મંતવ્ય અનુસાર આપણે આપણે દુનિયાની તથા આખેરતની જિંદગીમાં એ જ વખતે તરક્કી કરી શકીએ છીએ કે જો આપણી પાકા મુસલમાન બની જઈએ અને કુર્આને પાકની તા'લીમ પર અમલ કરીએ. એના માટે જરૂરી છે કે આપણે કુર્આન શરીફના અર્થો અને તેની બારીકીઓને સારી રીતે સમજીએ. અને આ ત્યારે જ શક્ય થઈ શકે છે કે આપણે વિજ્ઞાનની વિદ્યા હાંસલ કરીએ.

## ★ ઈસ્લામ અને વિજ્ઞાનમાં ટકરાવ અને તેનું નિવારણ ★

ઈસ્લામ અને સાયન્સનો કહેવાતો ટકરાવ એ વિશેષતઃ અઢારમી તથા ઓગણીસમી સદીની ઉપજ છે. આ જ તે જમાનો છે જ્યારે કે આધુનિક વિજ્ઞાનનો ઉદ્‌ભવ થયો. વૈજ્ઞાનિક શોધોના આવ્યા બાદ ઘણા લોકો એવું સમજવા લાગયા કે હવે ખુદાને જાણવાની કોઈ જરૂર નથી, કેમ કે ખુદાને જાણવાનું એક મહાન કારણ અન્ય કારણો સાથે એ હતું કે તેને જાણ્યા વિના સૃષ્ટિની સ્પષ્ટતા નથી સમજાતી. ધર્મના વિરોધીઓએ કહ્યું કે હવે એ મકસદના માટે ખુદાઈ માન્યતાઓની જરૂરત નથી કેમ કે આપણે આધુનિક વૈજ્ઞાનિક સંશોધનોના પ્રકાશમાં સરળતાપૂર્વક આખી સૃષ્ટિની એ રીતે સ્પષ્ટતા કરી શકીએ છીએ કે કોઈપણ સંજોગોમાં ખુદાને માનવાની જરૂરત ઉભી થશે નહીં.

આ દા'વાને સાબિત કરવાના માટે તેમણે એ વાતનો સહારો લીધો કે પૂરાણા જમાનાનો માનવી સામાન્યપણે એવું સમજતો હતો કે દુનિયામાં જે કાંઈ થઈ રહ્યું છે તેને કરવાવાળો ખુદા છે, પણ આધુનિક માધ્યમો તથા અર્વાચીન સંશોધનના પ્રકાશમાં જોવામાં આવ્યું તો જાણવા મળ્યું કે દરેક પ્રસંગની પાછળ એક એવો સબબ મૌજૂદ છે જેને અનુભવ કરીને જાણી શકાય છે. દા.ત. **ન્યૂટન**ના પ્રયોગોમાં જોવા મળ્યું કે આકાશના સર્વ તારાઓ તથા ઉપગ્રહો કાંઈક ન બદલાય તેવા નિયમોમાં બંધાયેલા છે અને તેના જ હેઠળ હરકત કરે છે. અને **ડાર્વિન**ના સંશોધને બતાવ્યું કે માનવી કોઈ ખાસ સર્જનના હુકમ હેઠળ અસ્તિત્વમાં નથી આવ્યો બલ્કે પ્રારંભિક જમાનાના કીડા મકોડાએ સામાન્ય ભૌતિક નિયમાનુસાર પ્રગતિ કરતાં કરતાં માનવી બની ગયો !

ધર્મના વિરોધીઓની ઉપરોક્ત દલીલોમાં ક્યાં કમજોરી છે તેને એક દૃષ્ટાંત વડે સમજો. એક માણસ રેલ્વે એન્જીનને જુએ છે કે તેનાં પૈડાં ઘુમી રહ્યાં છે અને તે પાટા પર દોડતુ જઈ રહ્યું છે. તેના દિમાગમાં સવાલ ઉદ્‌ભવે છે કે પૈડાં કેવી રીતે ઘુમી રહ્યાં છે ? સંશોધન કરતાં એંજીનના સ્પેરપાર્ટસ્ સુધી પહોંચે છે. તે જુએ છે કે એંજીનની હરકતથી પૈડાં ઘુમી રહ્યાં છે. શું આ શોધ પછી શું તે એવું સમજવામાં સત્યના પક્ષે હશે કે એંજીન પોતાના પાર્ટસ્‌ની સાથે જાતે પોતે પાટાઓ પર હલન ચલનનો સબબ છે ? જાહેર છે કે એવું નથી ! એંજીનથી પહેલાં એંજીનીયર અને ડ્રાઈવરને માનવો અનિવાર્ય ઠરે છે. એંજીનીયર અને ડ્રાઈવરના વિના એંજીનનું ન કોઈ અસ્તિત્વ છે અને ન એમાં કોઈ પ્રકારના હલન ચલનની કલ્પના કરી શકાય છે. જેથી એંજીન તથા તેના પાર્ટસ્ હકીકત

નથી બલ્કે અંતિમ હકીકત એ દિમાગ છે જે એંજીનને અસ્તિત્વમાં લાવ્યું અને પોતાના ઈરાદાથી તેને ચલાવી રહેલ છે.

એક પશ્ચિમી ઈસાઈ આલિમે ખૂબ જ સાચુ કહ્યું કે ફિતરત (પ્રકૃતિ) સૃષ્ટિને જાહેર નથી કરતી પણ તે ખૂદ પોતે પોતાની માહિતીના માટે અન્યની મોહતાજ છે કેમ કે તેના શબ્દોમાં ફિતરતનો કાનૂન તો સૃષ્ટિનો એક બનાવ છે, તેને સૃષ્ટિની માહિતી નથી કહેવામાં આવી શક્તું.

સાયન્સમાં ઈલ્મી હૈસિયતથી આ તબદીલી છતાં એ સ્થિતિ છે કે અમલી રીતે ખુદાના મુન્કિરોના દિમાગમાં કોઈ સુધારણા ન થઈ બલ્કે એથી ઉલ્ટુ ખુદાના મુન્કિરોના વકીલો નવા નવા રૂપથી પોતાની દલીલોની ગોઠવણમાં વ્યસ્ત છે.

એનું કારણ કોઈ પ્રેક્ટિકલી શોધ નથી બલ્કે કેવળ પૂર્વગ્રહ છે. ઈતિહાસ એવાં અસંખ્ય દષ્ટાંતોથી ભરેલો પડયો છે જેનાથી જાહેર થાય છે કે **હકીકતના જાહેર થઈ જવા છતાંય માણસે કેવળ એટલા માટે એને કબૂલ ન કરી કે પૂર્વગ્રહ તેની ઈજાઝત આપતો ન હતો !**

આ જ તે પૂર્વગ્રહ હતો જ્યારે ચારસો વરસ પહેલાં ઈટાલીના આલિમોએ **અરસ્તૂ**ના મુકાબલામાં **ગેલેલિયો**ના સિધ્ધાંતોને માનવાથી ઈન્કાર કરી આપ્યો જ્યારે કે લીનિંગ ટાવરથી પડનારા ગોળા તેના સિધ્ધાંતોને આંખે જોયેલી હકીકત બનાવી ચૂક્યા હતા.

ધર્મના વિરોધીઓએ એવું કહ્યું કે **ડાર્વિન** (**Darwin**)ના પ્રાકૃતિક ખયાલોના સિધ્ધાંતોનો જીવશાસ્ત્ર (**Biology**) સંબંધી ઉલ્લેખ (જીવની ઉત્પત્તિ સંબંધી ઉલ્લેખ) શક્ય તથા જરૂરી બનાવી દે છે કે જિંદગીની વૃધ્ધિ માટે ખુદાના ખયાલને તદન ત્યજી દેવામાં આવે.

જેમ કે તરક્કી પસંદ આલિમો જણાવે છે કે જો તેને બહસ વિના માની લેવામાં આવે તો પણ તેનાથી ધાર્મિક માન્યતા ડગમગવાનો પ્રશ્ન જ ઉપસ્થિત નથી થતો, કેમ કે જિંદગીના પ્રકાર જો ધારો કે પ્રગતિના અમલ હેઠળ અસ્તિત્વમાં આવ્યા હોય તો પણ એક જ કક્ષાની મજબૂતી સાથે એ વાત કહી શકાય છે કે એ ખુદાઈ સર્જનનો તરીકો છે ન કે આંધળા ભૌતિક અમલનું આપોઆપ પરિણામ છે.

હવે ધર્મના વિરોધીઓના માટે આ પ્રકારની ગલતફહમીની શક્યતા બાકી ન રહી. વીસમી સદીમાં જે સાયન્સમાં ક્રાંતિ સર્જાઈ છે તેણે ખૂદ વૈજ્ઞાનિક દષ્ટિથી ઈસ્લામ અને સાયન્સની વચ્ચે મળતાપણુ પેદા કરી દીધું છે બલ્કે ઈસ્લામનું મહત્વ સિધ્ધ કરી આપ્યું છે. *(જામેનૂર, દિલ્હી, માર્ચ–૨૦૦૩)*

## "બરકાતે ખ્વાજા"ને મુબારકબાદી !

''....આ માસિકના ચાર અંકો વાંચ્યા, દરેક વિભાગ લાજવાબ છે, હુઝૂરે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના સદકામાં ઓર તરક્કી કરે અને **બરકાતે ખ્વાજા** (માસિક) દુનિયાના ખૂણે ખૂણે ફેલાય એવી દિલી દુઆ છે. આપ અન્ય કામો જેમ કે ઔરતોના ઈજતેમા થાય તેની કોશિશ કરશો ઔરતોમાં દીની તા'લીમની ખૂબ જરૂરત છે, આપના અંકમાં પતિ–પત્નીના હક્કો, માં બાપના, પડોસીના વગેરે હક્કોનું વર્ણન પણ કરશો.''

*–લિ. **હજીયાણી શહરબાનુ હાફેઝ સિરાજ સાંપાવાળા** (બોડેલી)*

★ ★ ★

''આજ રોજ આપના તરફથી અંક ૧–૨ મળ્યા, શુક્રિયા. ખૂબ જ ધ્યાનપૂર્વક વાંચતાં તેમજ કાગળ, છાપકામ વગેરે જોતાં અંક ખૂબ જ આકર્ષક તથા વિવિધતા સભર બન્યો છે. ખૂબ જ મહેનત તથા ખંતથી માસિક તૈયાર કરવામાં આવેલ છે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. ઈલ્મ સભર લેખો વાંચી ઘણી જ ખુશી થઈ...''

*–લિ. **મુહમ્મદ અમીન ચોલા–જામનગર***

★ ★ ★

''.....અમોએ જીવનમાં ઘણી કિતાબો પઢી અને અમલોની ફઝીલત હાંસલ કરી, અને ઘણુ શીખવાનું મળ્યું પરંતુ આપના હાથોએ ''બરકાતે ખ્વાજા'' માસિક પ્રકાશન કરી એક અનોખો અંક પ્રગટ કરેલ છે. આ અંકનું પહેલુ પેજ ખોલતાં જ દીનની રોશની ઝગમગી ઉઠે છે જેમ અમાસની રાતમાં ચાંદ નજર આવી જાય...''

–લિ. ***ઈસ્માઈલ એસ. સોલંકી–સીસોદરા (જિ. નર્મદા)***

# ઈસ્લામને ત્રાસવાદ સાથે સાંકળવામાં મીડિયાની કાવત્રાબાજી

**લેખક** : ખુશ્તર નૂરાની (અલીગ) તંત્રી : જામે નૂર–દિલ્હી
**અનુવાદક** : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી

## ★ મીડિયાની સર્વક્ષેત્રિય અસરો અને યહૂદી લોબી ★

આજે મીડિયા (પ્રચાર માધ્યમો) એ બધી જ ભૌગોલિક સરહદો પાર કરી આખા વિ□ને ગ્લોબલ વિલેજ (આલમી ગામ)માં બદલી નાખ્યું છે. આજે વિ□ના રાજનૈતિક પ્રચારમાં મીડિયાનું જ વર્ચસ્વ છે જે હુકૂમત તથા ખયાલોની દિશા નિશ્ચિત કરે છે. સમાજમાં અમ્નો અમાન કાયમ કરવું, ઈન્સાની રિવાજો તથા તરીકાની હિફાઝત પબ્લિકના ઝુકાવનું માર્ગદર્શન, લોકોના હક્કોને મેળવવા, સંજોગો તથા પ્રસંગો પર પોતાના ખયાલો અને ચિંતનો પેશ કરવાં, ખબરોના આધારે ભવિષ્યની રહનુમાઈ કરવી, બનાવોના ચકાસણીપૂર્ણ નિરીક્ષણ થકી સમાજમાં જાહેર મંતવ્યોનું સંપાદન કરવું અને પ્રજાનો દબાયેલો અવાજ અને અવાજને પડઘારૂપે નેતાઓ અને રહનુમાઓના મોટા મહેલો સુધી પહોંચાડવામાં નિષ્પક્ષ રોલ, ઈન્સાની જિંદગી અને તેના સમાજના આ બધા વિવિધ કક્ષાના વળાંકો પત્રકારત્વની નિગાહની એક હરકતના પાબંદ છે. આ જ મુદ્દાઓના આધારે પાકિસ્તાનના કૌમી રહનુમા મુહમ્મદ અલી જિન્નાહએ ૧૬ એપ્રિલ ૧૯૪૮ માં પોતાના સિવિલ હાકેમોને સંબોધન કરતાં કહ્યું કે ''પત્રકારત્વ કૌમની કામયાબી તથા ભલાઈ માટે સખત જરૂરી છે, કારણ કે જિંદગીના દરેક વિભાગોમાં સક્રિયતા વધારવા માટે કૌમની રહનુમાઈ અને જાહેર રાય (સામાન્ય પ્રજાના મંતવ્ય)ને નિશ્ચિત કરી શકાય છે. *(ફન્ને સહાફત, ડો. અ. સલામ ખુરશીદ, પેજ–૨૩૫, પ્રેસ : મકતબએ કારવાં–લાહોર)*

સહાફત (પત્રકારત્વ)નો પાયો દયાનતદારી અને સચ્ચાઈ પર રાખવામાં આવ્યો હતો જેના કારણે વિ□ની રચનાત્મક કોશિશોમાં તેણે નોંધપાત્ર અસરો જાહેર કરી છે. અને સમાજની નકારાત્મક વિચારધારાને રચનાત્મક પ્રવાહની પ્રતિ વાળવામાં ઘણો સારો રોલ અદા કર્યો. જેથી તો મશહૂર પશ્ચિમી પત્રકાર એરિક હોજિન્ઝે પત્રકારત્વની વ્યાખ્યા (Defination) આ પ્રમાણે કરી કે, ''જાણકારીને એક જગ્યાએથી બીજી જગ્યાએ દયાનતદારી (પ્રમાણિકપણે) સમજપૂર્વક એવા અંદાઝમાં પહોંચાડવી જેના પર સચ્ચાઈનો પ્રભાવ હોય અને પત્રકારત્વ કહેવામાં આવે છે.'' *(આજ કલ, ૧–ઓક્ટોબર–૨૦૦૩, પેજ–૨૫)*

પરંતુ જ્યારે કોમ્યુનિઝમના તૂટી ગયા પછી યૂરોપના નગ્નતાભર્યા સમાજની દૃષ્ટિ ઈસ્લામના વિ□વ્યાપી ખયાલો તરફ થવા લાગી અને જ્યારે સ્વતંત્ર મિજાઝી (સ્વચ્છંદતા) અને નફ્સ પરસ્તીની ફિલોસોફીમાં યૂરોપની રંગરેલીઓમાં ભટકાવાવાળા હજારો ઈસાઈઓને ઈસ્લામના મુકદ્દસ દામનમાં

જિંદગીનું કિરણ મળવા લાગ્યું તો યહૂદીઓને પોતાના "દુનિયા પર વગર ભાગીદારીએ હુકૂમત કરવી" અને "મધ્યપૂર્વમાં ઈસ્રાઈલી હુકૂમતની મજબૂતી" આ બંને મન્સૂબા ખતરાના કિનારે નજર આવવા લાગ્યા. પશ્ચિમી દેશો ખાસ કરી અમેરિકામાં ઈસ્લામની વધતી મકબૂલિયત અને મધ્ય પૂર્વમાં ઈસ્રાઈલી જુલમના વિરોધમાં પેલેસ્ટાઈની કોશિશોએ તેમને ઉપરોક્ત સપનાંઓને હકીકતમાં ફેરવવાથી વંચિત કરી દીધા અને પછી તેઓ (યહૂદીઓ)એ પોતાના નાપાક ઈરાદાઓને પૂરા કરવા "મીડિયા (પ્રચાર માધ્યમો)"નો હથિયાર તરીકે ઉપયોગ કરવાનો મન્સૂબો બનાવ્યો અને ત્યાર પછી જ તેના સ્થાને પત્રકારત્વની તસ્વીર બદલાઈ ગઈ અને પીળા પત્રકારત્વ (Yellwo Journlisam)એ સમાજમાં છાપો માર્યો.

આજે દુશ્મનો વિરૂધ્ધ નફરત તથા દુશ્મનીનું વાતાવરણ ખડુ કરવું, નિષ્પક્ષ દેશોનું ધ્યાન અને હમદર્દીઓ પ્રાપ્ત કરવી, દુશ્મનની અસલ રૂહ (મૂળ તાકાત)ને ખતમ કરવી, પોલિટિક્લ તથા કૌમી મકસદ હાંસલ કરવા, જાહેર પ્રજાની નજરોમાં મદ્રસાઓને ત્રાસવાદના અડ્ડા ઠરાવવા, જેહાદને દુનિયાની સલામતી માટે ખતરો બતાવવો, મધ્ય પૂર્વમાં આરબોના અસ્તિત્વને યૂરોપી દેશો માટે ચિંતાજનક દર્શાવવું, આ બધી મીડિયા (પ્રચાર માધ્યમો)ની જ કાવતરાબાજી છે.

આજે યહૂદીઓએ ઈસ્લામ વિરૂધ્ધ પ્રોપેગન્ડાના અને પોતાના ધાર્મિક તથા પોલિટિક્લ ઈરાદાઓને પૂરા પાડવા માટે પ્રચાર માધ્યમોને "પ્રથમ પાયો" માની પોતાના માધ્યમોના જોર પર ૯૫% વિ□વ્યાપી મીડિયા (પ્રચાર માધ્યમો) પર પોતાનો કબજો જમાવી લીધો છે. જેથી આજે આખા વિ□માં તેઓ જ લોકોનું બ્રેઈન વોશિંગ કરી રહ્યા છે, જે તરફ તેઓ ઈચ્છે છે લોકોની રાય તે જ તરફ ઝુકી જાય છે, તેઓની પસંદ આખી દુનિયાની પસંદ બને છે અને તેઓની નફરત તથા તિરસ્કારનો જે શિકાર થાય છે તેનાથી આખી દુનિયા નફરત કરે છે, યહૂદી દિમાગોમાંથી નીકળેલાં ચિંતનો અને ખયાલો ભલે તે જિંદગીના કોઈ પણ ક્ષેત્રથી સંબંધિત હોય પણ આખી દુનિયા તેની પાછળ પાગલો જેમ ભાગે છે ! ટૂંકમાં એ કે હવે આમ કહેવું સાચુ છે કે પત્રકારત્વની અમાનત અને દયાનતદારી યહૂદી પંજાઓમાં દમ તોડી રહી છે.

**આજે આખા વિ□માં તેઓ જ લોકોનું બ્રેઈન વોંશિગ કરી રહ્યા છે, જે તરફ તેઓ ઈચ્છે છે લોકોની રાય તે જ તરફ ઝુકી જાય છે, તેઓની પસંદ આખી દુનિયાની પસંદ બને છે અને તેઓની નફરત તથા તિરસ્કારનો જે શિકાર થાય છે તેનાથી આખી દુનિયા નફરત કરે છે, યહૂદી દિમાગોમાંથી નીકળેલાં ચિંતનો અને ખયાલો ભલે તે જિંદગીના કોઈ પણ ક્ષેત્રથી સંબંધિત હોય પણ આખી દુનિયા તેની પાછળ પાગલો જેમ ભાગે છે !**

પત્રકારત્વની વિ□વ્યાપી અસરોને નજરોમાં રાખી હવે માહિર રાજકરણીઓ અને કાયદાકારોએ હુકૂમતના ત્રણ પાયાના સ્તંભોની સાથોસાથ હવે પત્રકારત્વને હુકૂમતની જિંદગી માટે "ચોથા સ્તંભ"ના મુખ્ય લકબ સાથે પેશ કર્યુ છે જેના વગર હુકૂમતની સલામતી અશક્ય છે. એટલે કે હવે લોકશાહી તંત્રમાં ત્રણ પાયાના જરૂરી ક્ષેત્રો :– (૧) પાર્લામેન્ટ (૨) વ્યવસ્થા તંત્ર (૩) કોર્ટની સાથે સાથે પત્રકારત્વનું હોવું પણ જરૂરી સમજવામાં આવ્યું છે, આજ કારણે કોઈપણ દેશમાં ચાર વસ્તુઓને ઉચ્ચ દરજ્જો અને પાયાનું મહત્વ આપવામાં આવે છે, જેમાંથી (૧) રાજકર્તા (૨) ધાર્મિક પેશ્વા (૩) પ્રજા (૪) પ્રકારત્વ. જો કોઈ પણ લોકશાહી તંત્રમાં પત્રકારત્વ પર જાલિમ તથા જાબિર હાકેમોનો કબ્જો થઈ જાય તો પછી ન તો લોકોને પાર્લામેન્ટના કાર્યોની ખબર થઈ શકશે કે ત્યાં દેશના હક્કમાં કયા કાયદા અને કેવાં બિલો પાસ થઈ રહ્યાં છે અને લોકો પર તેના સારા કે ખરાબ કેવા પ્રત્યાઘાત પડશે ? ન તો અધિકારીઓ પોતાના હોદ્દાની ફરજો પાબંદીથી બજાવશે અને ન કોર્ટની પક્ષપાતી અથવા નિષ્પક્ષી

પ્રવૃત્તિઓનો અંદાજો થઈ શકશે. આ જ કારણે પત્રકારત્વની આઝાદીને લોકોશાહીની કામયાબીની જામિન ગણવામાં આવે છે. આ જ મુદ્દા પ્રતિ નિર્દેશ કરતાં ઈ.સ. ૧૮૪૧ થી ઈ.સ. ૧૮૭૭ સુધી , ŪGYL 5 |SĦXT YT] DxCẒ N[GS œTHE TIMES''ના વિ□વ્યાપી ખ્યાતિ ધરાવતા તંત્રી જોન થેડસ ડેલીયન એ લખ્યું હતું કે :–

''કોઈપણ દૈનિક સંપૂર્ણ આઝાદીથી ત્યારે જ કામ કરી શકે છે જયારે તે કોઈ પોલિટિકલ પાર્ટી અથવા નેતાઓથી કોઈ મજબૂરીના કારણો સંબંધિત ન હોઈ. *(THE TIMES, પેજ–૨૭)*

પણ આજે જયારે આપણે વિ□વ્યાપી પ્રચાર માધ્યમોને ધ્યાનપૂર્વક નિહાળીએ છીએ તો આંખો આશ્ચર્યથી અંજાય જાય છે, જયારે આપણને જાણ થાય છે કે ઉચ્ચ કાવત્રાના આધારે યહૂદી લોબીએ જગતના પ્રચાર માધ્યમો પર કબ્જો જમાવી રાખ્યો છે જે હર પળે તેઓના ફાયદામાં ખબરો, લેખો, ખયાલો અને વિચારો ફેલાવી દુનિયાની કૌમોનું બ્રેઈન વોશિંગ કરી રહ્યા છે, જેમનાં કેન્દ્ર ઈંગ્લેન્ડ તથા અમેરિકા છે જયાંથી આખા જગતમાં જૂઠી ખબરો પહોંચાડવામાં આવી રહી છે. અને ત્યાં ઈસ્રાઈલી (યહૂદી) સમર્થનને વફાદારીનું માપદંડ સમજવામાં આવી રહ્યું છે, જેની કબૂલાત અમેરિકી હુકૂમતના મશ્હૂર માજી હોદ્દેદાર પોલ ફન્ડલે કરી, તે કહે છે કે :–

''મધ્ય પૂર્વ વિશે લોકોની ચર્ચાનું ગળુ ઘોંટવાની કોશિશોનું કેન્દ્ર અમારા દેશમાં આઝાદીથી ખયાલો જાહેર કરવાનું કેન્દ્ર બિંદુ એટલે પ્રેસ (Press) છે. પાછલા અમુક વરસોથી પત્રકારત્વમાં ભરોસાનું માપદંડ એ ''ઈસ્રાઈલને સમર્થન આપવું'' તે છે. જેમ કે આજ વસ્તુ રાજકરણ અને બીજી વસ્તુઓમાં પણ જોવા મળે છે. *(શિકંજએ યહૂદ, પોલ ફંડલે, તર્જુમો : સઈદ રૂમી, પેજ–૩૯૨, પ્રેસ મિલ્લી પબ્લિકેશન્સ, દિલ્લી)*

આવા સંજોગોમાં અમેરિકા અને અન્ય યૂરોપી દેશોનો ઈન્સાની હક્કો વિશે ડબલ રોલ, લોકશાહી પ્રગટાવવાની ઠેકેદારી, વિ□વ્યાપી કાયદા કાનૂનોની કદર કરવાની ડિંગો અને સ્વચ્છ સમાજની કહાનીઓની હકીકતો જાહેર થઈ મઝલૂમ ઈન્સાનોની લાશો પર નાચ કરી રહી છે જેને પહેલી અને બીજી અખાતી જંગ (યુધ્ધ)માં લોકોએ ખૂબ સારી રીતે નિહાળી લીધી, જયાં બધા જ આંતરરાષ્ટ્રિય કાનૂનોને પાછળ રાખી યુધ્ધના મેદાનના મન્ઝરને બદલવામાં મીડિયા (પ્રચાર માધ્યમો)ને પ્રથમ સેના ટૂકડીના સ્થાને વાપરવામાં આવ્યું.

## ★ વિ□વ્યાપી પત્રકારત્વ પર યહૂદીઓનો કબ્જો ★

વિ□વ્યાપી પત્રકારત્વ પર યહૂદીઓના કબ્જાનો મન્સૂબો કોઈ નવો નથી. તેમના ઉચ્ચદિમાગી મન્સૂબા બનાવવાવાળાઓએ એક સદી પહેલાં જ જયારે કે દુનિયાની કૌમો યહૂદી ષડયંત્રોથી અજાણ પોતાની સરહદોની આંત્રિક સમસ્યાઓ હલ કરવામાં વ્યસ્ત હતી તેવા સમયે દુનિયા પર વગર ભાગીદારીએ હુકૂમત કરવાનો મન્સૂબો તૈયાર કર્યો અને પોતાના આ સ્વપ્નને સાકાર બનાવવા તેઓએ ગૈર યહૂદી સાથે લડાઈ માટે મીડિયા (પ્રચાર માધ્યમો)ને પોતાના સૈન્યની ''પ્રથમ ટૂકડી''ના રૂપે ઉપયોગ કરવાનો પ્લાન બનાવ્યો. ઈન્સાનિયત જયારે નવા વૈજ્ઞાનિક સંશોધનો પર આશ્ચર્ય અને હૈરતના સમુદ્રમાં ડૂબેલી હતી તે સમયે યહૂદીઓએ મીડિયા (પ્રચાર માધ્યમો)ની સારી અને બુરી વિ□વ્યાપી અસરોને ખૂબ સારી રીતે સમજી લીધી અને ત્યાર પછી ઈન્સાની દુનિયા પર સરદારી મેળવવા માટે ઈ.સ. ૧૮૯૭ માં સ્વીટઝરલેન્ડના ''બાલ'' શહેરમાં તેમનો એક ભવ્ય ઈજતેમા થયો જેમાં તેમના ત્રણસો દાનિશ્વરો અને તત્વચિંતકો હાજર થયા જેમાં તેમણે

પ્લાન બનાવ્યા અને પ્રગતિની દિશાઓ નિશ્ચિત કરી. આ પ્લાનો (૧૯) પ્રોટોકોલના રૂપમાં આખી દુનિયા સમક્ષ આવી ગયા છે. આ મિટિંગમાં પૂરી દુનિયામાં ફેલાયેલી ૩૦ (ત્રીસ) યહૂદી જમાઅતોના ઉચ્ચ હોદ્દેદારોએ ભાગ લીધો જ્યાં તેમણે બધી કૌમો પર હુકૂમત કરવા માટે બે વસ્તુઓને પાયાની હેસિયત આપી : **(૧)** દુનિયાની બધી જ સોનાની ખાણો પર કબ્જો કરી લેવામાં આવે. **(૨)** પ્રચાર માધ્યમો અને તેની એજન્સીઓ પર મજબૂત પકડ બનાવી લેવામાં આવે.

મીડિયાના આંતર રાષ્ટ્રિય ફાયદાઓ તથા અસરો વિશે મંતવ્ય આપતાં યહૂદીઓએ પોતાના બારામાં દસ્તાવેજમાં કહ્યું હતું :– "જો આપણે યહૂદીઓ સોનાના ઝખીરાઓને દુનિયા પર કબ્જો કરવા માટે મુખ્ય વસ્તુ ગણીએ છીએ તો પ્રચાર માધ્યમો પણ આપણા મકસદ મેળવવામાં બીજો દરજ્જો ધરાવે છે. આપણે પ્રચાર માધ્યમોના (મીડિયાના) સરકશ ઘોડા પર સવાર થઈ તેની લગામને પોતાના કબ્જામાં રાખીશું. આપણે આપણા દુશ્મનના કબ્જામાં કોઈ એવું અસરકારક તથા તાકતવાર દૈનિક નહીં રહેવા દઈએ કે જેના વડે તેઓ અસરકારક ઢંગ વડે પોતાની રાય જાહેર કરી શકે અને ન તો તેઓને એ કાબિલ રાખશું કે આપણી નજરોથી ગુજર્યા વિના કોઈ ખબર સમાજ સુધી પહોંચી શકે. આપણે એવા કાનૂનો બનાવીશું કે કોઈ પણ પ્રકાશક તથા પ્રેસવાળા માટે પ્રથમ રજા લીધા વિના છાપવું અશક્ય રહેશે, આ રીતે આપણા વિરૂધ્ધ થનારા કોઈપણ પ્રોપેગન્ડાથી બાખબર થઈ શકીશું. આપણા કબ્જા અને ઈખ્તિયારમાં એવાં દૈનિકો તથા માસિકો અને લિટ્રેચરો હશે જે વિવિધ ગૃપો અને જમાઅતોને ટેકો આપશે, ભલે તે જમાઅતો લોકશાહી તરફ બોલાવતી હોય અથવા ઈન્કેલાબની ટેકેદાર હોય. વળી આપણે એવાં દૈનિકોના પણ સરપરસ્ત રહીશું જે વિખવાદ તથા ગુમરાહી, જાતી તથા અખ્લાકી (સંસ્કારિક) પાયમાલી, જાલિમ હુકૂમતો અને બેલગામ હાકેમોની તરફદારી કરે અને તેમના પર ઉઠાવનાર વાંધાઓના જવાબો આપીશું. આપણે જ્યાં અને જે સમયે ઈચ્છીશું કૌમોની લાગણીઓને ઉશ્કેરીશું અને જ્યારે મસ્લેહત નિહાળીશું તો તેઓને સુકૂનમાં રાખીશું. આ માટે સાચી અને જૂઠી ખબરોનો સહારો લઈશું, આપણે એ રીતે ખબરો પહોંચાડીશું કે કૌમો અને હુકૂમતો તેને માનવા પર મજબૂર થઈ જશે, સંપૂર્ણપણે ચોકસાઈ દાખવી આગળનો દરેક કદમ વધારીશું, આપણા (યહૂદી) દરેક માસિકો હિંદુઓના મઅબૂદ "વિષ્ણુ"ની જેમ હશે જેને સેંકડો હાથ હોય છે, આપણા પ્રેસનું મૂળ કાર્ય એ હશે કે તે વિવિધ કોલમો તથા લખાણોના કારણે જાહેર પ્રજાના મંતવ્યની નસ પર પોતાનો હાથ મૂકેલો રાખે, આપણે યહૂદીઓ એવા તંત્રીઓ તથા પત્રકારોને સહાય અને સમર્થન કરીશું જે બુરા કિરદારવાળા (કુકર્મી) હશે અને તેમનો ખરાબ રેકોર્ડ હશે. આ જ વલણ બેલગામ રાજકરણીઓ, નેતાઓ અને લીડરો સાથે પણ હશે, તેમને આપણે ખૂબ મશ્હૂર કરીશું. દુનિયા સમક્ષ તેમને હીરો બનાવી રજુ કરીશું અને જ્યારે પણ તેઓ આપણા હાથમાંથી નીકળતા જણાશે તો તેઓનું કામ તમામ કરી દઈશું, જેથી બીજાના માટે ઈબ્રત (બોધ) રહે. આપણા યહૂદી પ્રચાર માધ્યમોને ખબર પહોંચાડનાર એજન્સીઓ વડે કંટ્રોલ કરીશું અને ખબરો એ રીતે પ્રકાશિત કરવામાં આવશે કે વાંચકને મુજરિમ સાથે હમદર્દીની ભાવના રહેશે." *(મગરબી મીડિયા ઔર ઉસ્કે અષરાત, પેજ–૧૧૦, નદવા લખનૌ)*

આથી ઉપરોક્ત ઈન્સાનિયતને ના'બૂદ કરનાર યોજના સંપૂર્ણ કરવા માટે તેઓ (યહૂદીઓ)એ એક પછી એક જગ મશ્હૂર મોટી મોટી સમાચાર એજન્સીઓને પોતાની દૌલતના જોરે ખરીદવાનું શરૂ કર્યું અને ખૂબ જ તેજીથી પોતાના ફાયદા માટે દૈનિકો, માસિકો અને મેગેઝીનો ચાલુ કર્યા અને નવી સમાચાર

એજન્સીઓ પણ શરૂ કરી જેમણે વિ□ના બધા જ દૈનિકો તથા ટી.વી. ચેનલોને પોતાના તાબે અને ઈચ્છાનુસાર કરી નાખી. અમુક દાખલાઓ ધ્યાનપૂર્વક જોઈએ :–

**(૧) રિયુટર :** જર્મનીના એક યહૂદી જોલીસ રિયુટરએ ઈ.સ. ૧૮૧૬ માં એક સમાચાર એજન્સી સ્થાપી જેના પર વિ□ના વધુ પડતા દૈનિકો તથા ટી.વી. ચેનલો ભરોસો કરે છે અને ૯૦ % ખબરો તેનાથી મેળવે છે. જેણે ઈ.સ. ૧૮૫૧ સુધીમાં લંડન સુધી પોતાનું વર્તુળ વિસ્તાર્યું અને આજે તેની ખબરોને અમેરિકા, ફ્રાન્સ, જર્મની, ઈંગ્લેન્ડ અને યૂરોપના બીજા દેશો મોટી કિંમતો આપી ખરીદે છે અને તેમાંનાં મંતવ્યોને આસમાની વહીથી ઓછા નથી સમજતા !

**(૨) એસોશિએટેડ પ્રેસ :** અમેરિકાના પાંચ મોટા દૈનિકોએ મળી એસોશિએટેડ પ્રેસ નામની સમાચાર એજન્સીનો પાયો નાખ્યો જે ઈ.સ. ૧૯૦૦ સુધીમાં આતંરરાષ્ટ્રિય એજન્સીના રૂપે પ્રખ્યાત થઈ. જેણે અમેરિકા ખંડથી નીકળતા બધા જ દૈનિકોને ખબરો પહોંચાડવાનું કામ પણ કર્યું અને એટલું જ નહીં બલ્કે તેણે આખા વિ□માં પ્રચાર કરવાનું પણ બીડુ ઝડપ્યું અને આ એજન્સીમાં ૯૦% ભાગ યહૂદી મૂડીધારીઓનો છે.

**(૩) યુનાઈટેડ પ્રેસ :** અમેરિકાના યહૂદીઓ સ્ક્રાઈપ્સ તથા હોવાર્ડએ મળી ઈ.સ. ૧૯૦૭ માં યુનાઈટેડ પ્રેસ નામની સામાચાર એજન્સી કાયમ કરી અને ઈ.સ. ૧૯૦૯ માં એક બીજા યહૂદી વિલિયમ હેરિસ્ટએ (જે મૂળ યહૂદી ન હતો પણ યહૂદી છોકરી સાથે લગ્ન કર્યાં ત્યાર પછી તેનું આખુ કુટુંબ યહૂદી બન્યું.) ઈન્ટરનેશનલ ન્યૂઝ સર્વિસ નામની એજન્સી બનાવી. અમુક વર્ષો પછી બંને કંપનીઓ ભેગી થઈ ગઈ અને ન્યૂયોર્ક ટાઈમ્સની માલિકીમાં આવી ગઈ જે એક યહૂદીના કબજામાં છે. ઈ.સ. ૧૯૮૨ માં આ બધાને મીડિયા ન્યૂઝ કોર્પોરેશનમાં સામેલ કરી લેવામાં આવ્યા.

**(૪) ફ્રાન્સિસી ન્યૂઝ એજન્સી :** ફ્રાન્સના એક યહૂદી કુટુંબ "હાવાસ" એ "હાવાસ ન્યૂઝ એજન્સી" નામની સમાચાર એજન્સી રચી જેને લોકો ફ્રાન્સ પ્રેસના નામે પછી જાણવા લાગ્યા. અખબારી આંકડા પ્રમાણે ફ્રાન્સમાં લગભગ સાત લાખ યહૂદી વસે છે પણ ત્યાંથી પ્રકાશિત થતાં ૮૫ % પેપરો (દૈનિકો) પર, ટી.વી. ચેનલો અને માસિકો પર તેઓનો જ કબ્જો છે જે ફ્રાન્સિસી સરકારની પોલીસી તૈયાર કરે છે.

**(૫) ઇંગ્લેન્ડનું પત્રકારત્વ યહૂદી સકંજામાં :** આજથી અમુક સદીઓ પહેલાં ઈંગ્લેન્ડના વડા પ્રધાન બેન્જામિન ડઝરાઈલી અને ફૌજી ચીફ ઓફ સ્ટાફ યહૂદી હતા જેના આધારે ઈંગ્લેન્ડના રાજકરણ, સમાજ અને અર્થતંત્ર પર યહૂદી કબ્જાનો અંદાજો લગાડી શકાય છે અને આ હકીકત પણ છે. જ્યારે તમે ઈતિહાસનાં પાનાં પલટાવી જોશો તો ઉપરોક્ત દેશના દરેક ઉચ્ચ તથા અસરકાર હોદ્દાઓ પર યહૂદી કદમોનાં નિશાન જરૂરથી મળશે જેમણે અત્યારે તો પોતાની જડો ખૂબ જ મજબૂત કરી લીધી છે. પણ મીડિયા એક એવો અસરકારક વિભાગ છે જે હમેશાં યહૂદીઓના મજબૂત કબ્જા હેઠળ રહ્યો. જેમ કે બી.બી.સી. લંડનના પ્રમુખ લગભગ ત્રણ સદીઓથી યહૂદી બની રહ્યા છે આ સિવાય ઈંગ્લેન્ડમાં યહૂદી કબ્જામાં રહેલ દૈનિકો તથા માસિકોની એક લાંબી યાદી છે જે તેઓના નાપાક ઈરાદાઓને પૂરા કરવા આખા વિ□માં બેહયાઈ અને ધાર્મિક વિખવાદ ફેલાવવા માટે રાત દિવસ કોશિશોમાં લાગેલાં છે. કોમ્યુનિઝમ પછી ઈસ્લામ તેમના નિશાને આવી ગયો છે જેના કારણે તેને (ઈસ્લામને) આતંકવાદી કહેવામાં કોઈ કસર બાકી નથી રાખી, જેની ટૂંકી યાદી નીચે મુજબ છે :–

**(1)** Daily Express **(2)** News Cronical **(3)** Daily Mail **(4)** Daily Herold **(5)** Manchester Guardian **(6)** York Shire Post **(7)** Evening Standard **(8)** Evening News **(9)** Observaver **(10)** Sunday Review **(11)** Sunday Express **(12)** Sunday Cronical **(13)** Jhon Pall **(14)** The Sunday People **(15)** Sunday Dispatch **(16)** The Scotch **(17)** The Ambassador **(18)** The Geographic

ઉપરોક્ત બધામાં લંડન ટાઈમ્સ સૌથી જૂનું દૈનિક છે જે ઈ.સ. ૧૭૮૦ થી પ્રકાશિત થઈ રહ્યું છે, જે વિ□ભરમાં ઉચ્ચ દરજ્જો ધરાવે છે. જેના લખાણો તથા તંત્રી લેખ બ્રિટન ગવર્નમેન્ટને હચમચાવવા પૂરતા છે. આ દૈનિકને પણ લગભગ ત્રણ દસકાઓ પહેલાં ઓસ્ટ્રેલિયાના એક મશહૂર સધ્ધર યહૂદી રોબર્ટ મર્દુખએ બુહરાનનો ડ્રામો રચીને ખરીદી લીધું ત્યાર પછી તેણે પોતાના ઈન્સાનિયત વિરોધી ખતરનાક ઈરાદાઓને પૂરા કરવા માટે ધીમે ધીમે દૈનિકો તથા માસિકો પર કબ્જો કરવાનું શરૂ કર્યું અને હવે સ્થિતિ એ છે કે : (૧) **Sun** (૨) **City Magazine** (૩) **World** અને (૪) **Weekend** જેવાં માસિકો ઈસ્લામ વિરૂધ્ધ તથા બેહયાઈ અને બુરાઈ ભર્યા લેખોને કારણે ચાલીસ (૪૦) થી પચાસ (૫૦) લાખની સંખ્યામાં પ્રસિધ્ધ થઈ રહ્યાં છે.

**(૬) અમેરિકી પત્રકારત્વ પર યહૂદીઓની પકડ :** અમેરિકી સાહિત્યકારોના લખાણોથી માલૂમ થાય છે કે ઈ.સ. ૧૮૮૫ સુધી અમેરિકાના પ્રિન્ટ મીડિયા અને ઈલેક્ટ્રોનિક મીડિયા પર યહૂદીઓની પકડ મજબૂત થઈ ચૂકી હતી અને એકલો દોકલ જે દૈનિકો તથા માસિકો પર તેઓનો કબ્જો ન હતો ત્યાં પણ તેમની એડવર્ટાઈઝિંગની ઝલક પોતાની અસરો દેખાડી રહી હતી. લગભગ તેઓની એડવર્ટાઈઝિંગના કારણે જ આ અમુક દૈનિકો તથા માસિકો પોતાના ફાયદાને ખાતર પોતાના તંત્રી લેખમાં તથા રિવ્યુમાં પોતાના કલમને તેમનો પક્ષ ખેંચવાથી ન રોકી શક્યા અને તેમના બદનામ ખયાલોએ ઈન્સાની હક્કોના નામે ધર્મો વચ્ચે નફરત તથા બિભત્સતાનું બજાર ગરમ કરી પત્રકારત્વને બદનામ તથા દાગદાર કરી નાખ્યું, કારણ કે દૈનિકો તથા માસિકોના □સોનું ચાલવું એડવર્ટાઈઝિંગના આધારે જ હોય છે.

અમેરિકી રાજનૈતિક, આર્થિક, ઔદ્યોગિક અને સમાજ પર પ્રભાવ અને અમેરિકા તથા યૂરોપના સંસ્કારિક તથા માનવ અધિકારોના ઉલ્લંઘન વિશે તે (યહૂદી)ના ખતરનાક ઈરાદાઓ વિરૂધ્ધ જેણે પણ પોતાની ઝબાન ખોલી તો તેમણે માલ તથા દૌલતના જોરે તેની જિંદગી પર પાબંદીઓ લગાડી દીધી. અને જેણે પોતાના કલમને હલાવ્યો તેને હમેશાં માટે ચુપ કરી દેવામાં આવ્યો. અમેરિકામાં જે લોકોએ યહૂદી કાવત્રાઓ વિરૂધ્ધ ચળવળ ચલાવી તેમાં પ્રખ્યાત અમેરિકી ઉદ્યોગપતિ હેનરી ફોર્ટનું નામ આજે પણ આ વિ□માં કુખ્યાત યહૂદીઓની આંખોમાં તીર બની ખૂંચી રહ્યું છે, જેણે અમેરિકી વંશની તબાહી, સમાજની બર્બાદીને જોઈને તેમના (યહૂદીઓના) ધોકા અને દગાબાજી, ઈન્સાનિયત દુશ્મની, બેશર્મીભર્યા કૃત્યો અને આર્થિક પોલીસીઓમાં યહૂદીઓની કાર્યપધ્ધતિ પર અમેરિકી રીસર્ચ સ્કોલરો દ્વારા રિપોર્ટ તૈયાર કરાવ્યો અને આ કાર્ય માટે તેમણે વીસમી સદીની શરૂઆત સુધી લગભગ ૨૦ લાખ ડોલર ખર્ચ કર્યા. જ્યારે આ રિપોર્ટ તૈયાર થઈને આવ્યો તો તેમની કંપનીના માણસોએ રિપોર્ટનો પ્રથમ હપ્તો પ્રસિધ્ધ કર્યો તો એવું લાગ્યું જાણે યહૂદીઓને ઈન્સાનિયત સામે નગ્ન કરી દેવામાં આવ્યા હોય અને યહૂદી તંબૂમાં તો જાણે તોફાન મચી ગયું ! પછી તો ફોર્ટ પર યહૂદી બંધનો બંધાવા લાગ્યાં અને તેને કતલ કરવાની ધમકીઓ પણ આપવામાં આવી અને

છેવટે અન્ય હપ્તા પ્રસિધ્ધ ન થઈ શક્યા ! પરંતુ ટૂંક સમયમાં જ ફોર્ટે આ રિપોર્ટને કિતાબના રૂપમાં પ્રકાશિત કરી નાખ્યો. યહૂદીઓએ ઘણી કિતાબો માર્કેટમાંથી ખરીદી બધી ફૂંકી નાખી અને આમ કરવામાં તેઓ ઘણી હદે કામયાબ થયા પણ તેના અમુક નુસ્ખા જે લાયબ્રેરીઓ પર મોકલવામાં આવ્યા હતા તે સલામત રહ્યા. પછી જ્યારે આ હંગામાને સમય પસાર થતો ગયો અને લોકો ભૂલતા ગયા ત્યારે અમુક સ્કોલરોએ આ કિતાબને બીજી ભાષામાં અનુવાદ કરી દુનિયાભરમાં ફેલાવવાની કોશિશ કરી જે ખરેખર બોધ મેળવવા લાયક છે. ઉપરોક્ત લખાણનો એક ટૂકડો વાંચકો માટે લખવામાં આવી રહ્યો છે જે આશ્ચર્યના સમુદ્રમાં ગરકાવ કરવા માટે કાફી છે :–

"અમેરિકી સમાજ પર યહૂદીઓની સખત પકડ તથા તેઓની મજબૂત અસરની તપાસ કરવામાં આવે તો ખૂબ જ સહેલાઈથી આ પરિણામ કાઢી શકાય છે કે જ્યાં જ્યાં અમેરિકી સમાજમાં સાંસ્કૃતિક હલકાપણુ અને બગાડ જોવા મળે છે તેના પાછળ ખરેખર યહૂદી જ જોવા મળશે. દારૂ, અય્યાશી, જૂગાર, બદ્કારી, લાંચ, આર્થિક તથા શારીરિક ગુનાહો, કતલ તથા ડાકૂગીરી, કૌમો દરમ્યાન લડાઈ ઝઘડા, ખતરનાક હથિયારો બનાવવાં મલતબ કે દરેક પ્રકૃતિ વિરૂધ્ધના અખ્લાકી ગુનાહોનાં કામોમાં યહૂદીઓનો ૮૦ થી ૯૦ ટકા ભાગ હોય છે."

**યહૂદીઓના આગમન પછી ડ્રામા, સીનેમા, પત્રકારત્વ તથા કારોબાર પર યહૂદી સાહૂકારોએ કબ્જો કરી લીધો. તેમણે આ બધા ક્ષેત્રોમાં પોતાની દૌલતના જોર પર કબ્જો કરી લીધો. ઈ.સ. ૧૮૮૫ પહેલાં અમેરિકી સમાજમાં બેહયાઈ અને બદ્કારી ક્યાંક ક્યાંક હતી પણ યહૂદી કૌમે ડ્રામાઓ ગ્રામોફોન, રેકોર્ડરો અને ત્યાર પછી સીનેમા તથા પત્રકારત્વ વડે અમેરિકી સમાજને તબાહી તથા બર્બાદીના કિનારે ઉભો કરી દીધો.**

અમેરિકી પત્રકારત્વ, ડ્રામા, ફિલ્મો વગેરે વિશે આગળ લખે છે :– "ઈ.સ. ૧૮૮૫ પહેલાં ઉપરોક્ત તમામ ક્ષેત્રે દૂર દૂર સુધી ક્યાંયે યહૂદીઓનો પતો ન હતો, પણ યહૂદીઓના આગમન પછી ડ્રામા, સીનેમા, પત્રકારત્વ તથા કારોબાર પર યહૂદી સાહૂકારોએ કબ્જો કરી લીધો. તેમણે આ બધા ક્ષેત્રોમાં પોતાની દૌલતના જોર પર કબ્જો કરી લીધો. ઈ.સ. ૧૮૮૫ પહેલાં અમેરિકી સમાજમાં બેહયાઈ અને બદ્કારી ક્યાંક ક્યાંક હતી પણ યહૂદી કૌમે ડ્રામાઓ ગ્રામોફોન, રેકોર્ડરો અને ત્યાર પછી સીનેમા તથા પત્રકારત્વ વડે અમેરિકી સમાજને તબાહી તથા બર્બાદીના કિનારે ઉભો કરી દીધો. *(યહૂદિયતસે આલમે ઈન્સાનિયતકો ખતરા, બહવાલા નફ્સ મસ્દર, પેજ–૧૨૬)*

અમેરિકી રાજકરણના વધુ એક મશ્હૂર રાઝદાર અને ઉચ્ચ હોદ્દાઓ પર બિરાજમાન રહી ચૂકેલ પોલ ફંડલેએ અમેરિકી રાજકરણ તથા આર્થિક્તા તથા સમાચાર, એજન્સીઓ પર યહૂદી સંકજો તથા તેઓના ખતરનાક ઈરાદાઓને આવરી લેતી એક કિતાબ "They dare to speak out" લખી નાખી, પણ કિતાબ પ્રકાશિત થતાં જ રાતો રાત દુકાનો તથા લાયબ્રેરીમાં પરથી એ બાયકાદા કાવત્રાથી ગાયબ કરી દેવામાં આવી અને તેના પર ટીકાઓ તથા ધમકીઓનો સિલસિલો ચાલુ થઈ ગયો. પોતાની કિતાબમાં એક ઠેકાણે યહૂદી જુલ્મ વિશે તેઓ લખે છે :–

"દરેક અમેરિકી યહૂદી એ કાવત્રામાં સામેલ છે કે આપણી સ્કૂલો તથા અન્ય સામાજિક સંસ્થાઓને એ રીતે ફેરવી નાખવામાં આવે કે ઈસ્રાઈલ પર નુક્તાચીની અશક્ય બની રહે અને તેના આરબ પડોસીઓને બુરા (ખરાબ) લોકો રૂપે ઓળખાવવામાં આવે." *(શિંકજએ યહૂદ, પાલ ફંડલે, અનુવાદક: સઈદ રૂમી, પેજ–૪૩૫, મિલ્લી પબ્લિકેશન્સ, દિલ્હી)*

આ સિવાય યહૂદીઓના ઈન્સાનિયત ખાક કરી દેનાર મન્સૂબાઓ પરથી પડદો ઉઠાવતી અને

યહૂદી ફિત્ના વિશે જે કિતાબો અમેરિકા તથા યૂરોપમાં લખવામાં આવી તેમાં :–

**(1) Zionist Protocol (2) The Inter National Jew (3) Waters Flowing Eastward (4) World Conquors**

વગેરે ખાસ નોંધપાત્ર છે જે કિતાબોને આયોજનપૂર્વક ગાયબ કરી દેવામાં આવી છે. પણ જાદૂ તે હોય જે માથે ચઢી બોલે ! પોતાના ફિત્નાઓ પર લાખ પર્દો નાખવા છતાં અત્યારે તેઓ દુનિયા સામે નગ્ન નજર આવી રહ્યા છે.

આજથી દસ (૧૦) વર્ષ પહેલાં એક સર્વેના પ્રમાણે અમેરિકાથી લગભગ ઈ.સ. ૧૭૫૯ દૈનિકો, અને ૬૬૮ સપ્તાહિકો પ્રકાશિત થાય છે. આ સર્વે ટી.વી. ચેનલો, રેડીયો, ફિલ્મો, ડ્રામાઓ, માસિકો, અર્ધમાસિકો, ત્રીમાસિકો, છ માસિકો અને વાર્ષિકો સિવાય છે, જેમાંથી ૯૦ % યહૂદીઓના કબ્જામાં છે જે આખી દુનિયામાં કરોડોની સંખ્યામાં પ્રકાશિત થઈને બેહયાઈ તથા બુરાઈના બજારને ગરમ કરવામાં મોટો ભાગ ભજવી રહેલ છે તથા કોમ્યુનિઝમના ખાત્મા અને ૧૧ સપ્ટેમ્બરના હુમલા પછી ઈસ્લામને આતંકવાદી સાબિત કરવા પોતાની સંપૂર્ણ તાકાત લગાડી રહ્યાં છે.

## ★ કાવત્રાબાજી તથા મનોવૈજ્ઞાનિક જંગ વડે ઈસ્લામ પર આતંકવાદનો આરોપ ★

મનોવૈજ્ઞાનિક જંગની વ્યાખ્યા સૌ પ્રથમ બીજા વિ□ યુદ્ધ વેળા અમેરિકામાં ઉપયોગમાં લેવામાં આવી પછી ધીમે ધીમે આની જડોએ આખી દુનિયામાં મજબૂતી મેળવી લીધી. શરૂઆતમાં મનોવૈજ્ઞાનિક યુદ્ધ તથા તેની વ્યાખ્યા કૌમી તથા યુદ્ધના મકસદ તથા તેની ગતિવિધિઓ માટે ખાસ સમજવામાં આવતી હતી, પણ સમય પસાર થતાંની સાથે સમાચાર સાધનોની વિ□વ્યાપી અસરો તથા તેના કામયાબ અનુભવો (Expriments)એ તેના ઉપયોગમાં વધુ ફેલાવો પેદા કર્યો, ત્યાં સુધી કે નિષ્ણાતોએ જાણી લીધું કે મનોવૈજ્ઞાનિક જંગના આધારે માત્ર ફૌજી કામ્યાબી જ નહીં પણ પોતાની પબ્લિકના ખયાલો અને વર્તાવોમાં તબદીલી લાવી શકાય છે, તેમને દુશ્મન વિરૂધ્ધ વિવિધ કામો માટે તૈયાર પણ કરી શકાય છે, બલ્કે એના વડે આપણી તો આપણી પણ બીજી કૌમોના ખયાલો અને હુકૂમતના ખયાલોમાં પણ ફેરફાર લાવી શકાય છે. જેથી સમાચાર સાધનોના નિષ્ણાતોએ તે (મનોવૈજ્ઞાનિક)ની વ્યાખ્યા આ રીતે બયાન કરી :– મનોવૈજ્ઞાનિક યુધ્ધનો મતલબ જાહેર મંતવ્યના માટે પ્રોત્સાહન તથા તબદીલીની એવી કોશિશો છે જેનો પાયો પહેલેથી જ નક્કી કરેલ પ્રોગ્રામ અને સુયોજીત પ્લાન પર રાખવામાં આવ્યો હોય, અને આ મકસદ મેળવવા માટે ખબરો પહોંચાડનાર સાધનોનો ઉપયોગ કરવામાં આવે અથવા તો ઉપયોગ કરવાનો પ્રોગ્રામ બનાવવામાં આવ્યો હોય. *(જદીદ સહાફત, ષાકિબ રિયાઝ, પેજ–૨૧૫, ઉર્દૂ, સાઈન્સ બોર્ડ–લાહોર)*

આ માટે મીડિયાએ યહૂદીઓની સરદારી હેઠળ ઈસ્લામ વિરૂધ્ધ આ પ્રકારની અફવાઓ બનાવવી શરૂ કરી દીધી :–

**(૧)** અમેરિકા તથા યૂરોપના દેશોમાં મુસલમાનોની સંખ્યામાં ખૂબ વધારાની ખબર ફેલાવવી. **(૨)** ધર્મ રૂપે ઈસ્લામના બે પનાહ મકબૂલ હોવાનો શોર ઉભો કરવો. **(૩)** ઈસ્લામી તૌર તરીકાથી યૂરોપને રાજનૈતિક, આર્થિક તથા સામાજિક ખતરાનો ખતરનાક પ્રોપેગન્ડો કરવો. **(૪)** ઈસ્લામના સિદ્ધાંતો પર આતંકવાદનું પાલન પોષણ કરવાની અફવાઓનું બજાર ગરમ કરવું વગેરે.

જેના પરિણામે વિ□ની કૌમોએ ઈસ્લામ વિરૂધ્ધ સખત વિરોધને જાહેર કર્યો, લગભગ આ

જ કારણે મનોવૈજ્ઞાનિક યુધ્ધમાં પ્રોપેગન્ડા તથા અફવાઓ ઉડાડવાને સૌથી વધુ અસરકારક તથા મજબૂત બતાવવામાં આવેલ છે, જે અમુક જ કલાકોમાં કોઈની શખ્સિયતને દાગદાર, કોઈની કયાદતને કમજોર અને કોઈની હુકૂમતના તખ્તાને પલટાવવા કાફી અને પૂરતાં છે. મનોવૈજ્ઞાનિક યુદ્ધમાં અફવાઓના પરિણામોએ યહૂદીઓને એટલા પ્રભાવિત કર્યા કે તેમણે અમેરિકામાં કાયદેસર મનોવૈજ્ઞાનિક યુદ્ધ માટે ટ્રેનિંગ સેન્ટરો ઉભાં કર્યા જેથી યહૂદીઓ સિવાય ખાસ કરીને ઈસ્લામ વિરૂધ્ધ લડાઈમાં તેઓને ૧૦૦ % કામ્યાબીની ગેરંટી તથા યકીન રહે.

યૂરોપી દેશો ખાસ કરી અમેરિકામાં ઈસ્લામની વધતી મકબૂલિયત, તેના મનમોહક જિંદગી ગુજારવાના તરીકાઓ, દિલોને લોભાવનાર સંસ્કૃતિ તથા જિંદગીને એક કાનૂન તથા તરીકા હેઠળ પસાર કરવાની તા'લીમ એ ત્યાંના ગુમરાહ કરનાર ખયાલો, વૈચારિક સ્વતંત્રતા નામે નગ્નતા તથા રેહણીકરણીના તરીકાના નામે રિશ્તાઓની પાયમાલીએ ઈસાઈઓને ઈસ્લામ તરફ ધ્યાનિત કર્યા જે ભટકેલા માણસને સીધો રસ્તો બતલાવે છે જે ખરેખર યૂરોપી દેશો ખાસ કરી અમેરિકાના કૌમી ફાયદાઓ, રાજનૈતિક મસ્લેહતો અને યહૂદીઓના ઈસ્લામ દુશ્મનીના ઈતિહાસ વિરૂધ્ધ હતું. આવામાં અમેરિકામાં ઉચ્ચ હોદ્દાઓ પર બિરાજમાન યહૂદીઓના પૂરાના સ્વપ્ન "દુનિયાની કૌમો પર હુકૂમત" અને "મધ્ય પૂર્વમાં ઈસ્રાઈલી હુકૂમતની મજબૂતી"ને પૂર્ણ કરવા માટે એ સિવાય કોઈ રસ્તો ન હતો કે તેઓ ઈસ્લામી દેશો વિરૂધ્ધ ઉભા ન થાય. આ માટે કોઈ એક ઈસ્લામી દેશથી લડી તેઓને પોતાના સ્વપ્નની તા'બીર મળવી લગભગ અશક્ય હતી આથી તેમણે વર્ષોના અનુભવ તથા કાવત્રાના પરિણામે મનોવૈજ્ઞાનિક યુદ્ધને ઈસ્લામ વિરૂધ્ધ ખતરનાક હથિયાર રૂપે ઉપયોગ કરવાનો ફેંસલો કર્યો. પોતાનાં કાવત્રાંઓને પૂરાં કરવા માટે તેમના પોલીસીકારોએ મન્સૂબા તૈયાર કરવાનું શરૂ કરી દીધું. મુસલમાનો, મુસ્લિમ સંગઠનો, ધાર્મિક ઈદારાઓ તથા તેઓની રેહણીકરણી પર નજર રાખવામાં આવવા લાગી, તેઓની ગફલતોને બારીકીથી જોવામાં આવી, છેવટે હિંદુસ્તાનમાં કાશ્મિરી, મધ્યપૂર્વમાં પેલેસ્ટાઈની અને રુસમાં ચેન્ચન્યાઈ મુસલમાનોની પોતાના હક્કો મેળવવા માટેના હુકૂમત સાથેના જેહાદી કૃત્યોના નામે સખત ખેંચતાણે જેહાદના પાકીઝા તથા સ્વચ્છ ભાવાર્થને ત્રાસવાદ (આતંકવાદ) નામ આપવાનો મોકો આપ્યો. યહૂદી પોલીસીકારોએ જેહાદના નામે ફેલાવવામાં આવેલ આ ચળવળને ઈસ્લામનો પાયાનો સિદ્ધાંત ઠરાવી પોતાના તૈયાર કરેલ મન્સૂબાઓને સમાચાર એજન્સીઓના હવાલે કર્યા અને તેઓએ વિવિધ પાસાંઓ થકી ખબરો, રીવ્યૂઓ (સમીક્ષાઓ)ના રૂપમાં પ્રચાર માધ્યમો થકી તેને ઘેરે ઘેર પહોંચાડી દીધા. જાહેર છે કે જ્યારે વિ□વિખ્યાત ખબર પહોંચાડનાર એજન્સીઓ, અસરકારક દૈનિકો તથા ટી.વી. ચેનલો જેના પર યહૂદીઓનો કબ્જો છે તેઓએ જે રીતે ઈસ્લામ તથા મુસલમાનોને આતંકવાદી કહી અફવાઓ ફેલાવી છે તેનું સીધુ પરિણામ તો એ નીકળવાનું જ હતું. કારણ કે વિ□ના બધા જ દૈનિકો, ન્યૂઝ એજન્સીઓ અને ટી.વી. ચેનલો યૂરોપી સમાચાર એજન્સીઓના ઈશારાની મોહતાજ હોય છે. યૂરોપી સમાચાર સંસ્થાઓ વડે ફેલાવવામાં આવેલ અફવાઓના અમુક નમૂના નીચે વર્ણવવામાં આવી રહ્યા છે જેણે સામાન્ય માણસના દિલમાં અત્યારે મુસલમાનોની નફરત તથા બુરાઈના એહસાસને જગાડી દીધો છે. આ મનોવૈજ્ઞાનિક યુદ્ધમાં પ્રોપેગન્ડા વડે ઈસ્લામ વિરૂધ્ધ યહૂદીઓના ખતરનાક ઈરાદાઓ તથા માધ્યમો પર તેઓની મજબૂત પકડ અને સમાચાર સાધનો પર વિના ભાગીદારીએ તેઓના કબ્જાનો અંદાજો લગાડી શકાય છે :– *(ક્રમશઃ)*

# ★ લિબાસ વિશે ઈસ્લામી તા'લીમ અને આપણે ★

★ સંપાદક ★
પટેલ શબ્બીર
અલી રઝવી
દયાદરવી

**મારા પ્યારા દીની ભાઈઓ તથા બહેનો !** આવો ! આજે આ ૧૧ મીના મહીનાની પવિત્ર પળોમાં આપણે આપણી જાત વિશે સમાજના માહોલ વિશે ચિંતન મનન કરીએ. આપણે કોણ છીએ ? આપણે શું કરવાનું છે ? અને આપણે શું કરીએ છીએ ? દોસ્તો ! દિલમાં ખરાબી આવે છે તો એના પ્રત્યાઘાત જાહેરમાં પણ જોવા મળે જ છે. દિલમાં પાકીઝગી હોય છે તો જાહેરમાં એની અસરો પ્રદર્શિત થાય જ છે. વર્તમાન મુસ્લિમ સમાજમાં સૌથી નોંધપાત્ર, ચિંતાજનક તથા શરમજનક કોઈ બાબત હોય તો મુસ્લિમ સ્ત્રીઓનો લિબાસ તથા પહેરવેશ છે. વિશેષતઃ ટી.વી.ની તાલીમનું જ એ ખરાબ પરિણામ છે કે યુવાન તથા આધેડ બહેનો પણ એવા લિબાસ પહેરવા લાગી છે કે જાણે એ કોઈ ફિલ્મની નર્તકી હોય, જાણે કે અંગ પ્રદર્શનની હરિફાઈમાં ઉતરી હોય ! પારદર્શક ચુસ્ત તેમજ ઠેક ઠેકાણે કટવાળા ડ્રેસ પહેરીને જાહેરમાં ફરતી બાનુઓને જરાય સંકોચ નથી થતો કે શૈતાની નજરો અમારા તરફ વિંટળાઈ રહી છે બલ્કે લોકોને દેખાડવા જ, આકર્ષિત કરવા માટે જ અવનવા ખભા સુધી ખુલ્લી બાંય વિનાના માંશલ હાથોનું પ્રદર્શન કરતા, છાતી સુધી ખુલ્લા ગળાવાળા તેમજ ટૂંકા કટવાળા શર્ટ જેવાં કપડાંની આજે બોલબાલા છે. જે શરમજનક અંગો ઢાંકવાં જોઈએ તેનું બેધડકપણે હિંમતભેર પ્રદર્શન કરાય છે અને એની રોક ટોક ન ઘરોએથી પતિ, મા–બાપ કે ભાઈ કરે છે ન તો સમાજમાં એના વિશે કોઈ ગંભીર વિચારણા ચલાવાય છે. ખૂબ જ ઝડપથી બગડી રહેલા આ માહોલની સુધારણા માટે કોઈ જ પગલાં લેવાતાં નથી તો એનું પરિણામ શું આવશે ?

મારી પ્યારી બહેનો ! સાંભળો ! આપણે મુસલમાન છીએ. આ દુનિયા તો આપણા માટે પરીક્ષાખંડ સમાન છે. આપણો મઝહબ હયા શીખવાડે છે, પવિત્રતા શીખવાડે છે, ઈમાનની જાન આપણા નબી صلی اللہ علیہ وسلم ફર્માવે છે કે : **હયા (શરમ) અને ઈમાન એકબીજાના સાથી છે, જ્યારે એક ઉઠાવી લેવામાં આવે તો બીજુ પણ ઉઠી જાય છે.** *(મિશ્કાતુલ મસાબીહ, ૪૩૨)*

એ જ કિતાબમાં ફર્માવ્યું : **"હયા (શરમ) ઈમાનનો ભાગ છે."** બીજે ઠેકાણે ફર્માવ્યું : **"હયા (શરમ) પૂરેપૂરી ભલાઈ છે."** *(મુઅત્તા ઈમામ મુહમ્મદ, ૩૯૫)* **"હયા (શરમ) ભલાઈ જ લાવે છે."** *(સહીહ બુખારી, ૨/૯૦૩)*

મારી બહેનો ! તમે યકીન રાખો કે અલ્લાહ વ રસૂલ તમારી ભલાઈ જ ચાહે છે એટલા જ માટે શરમ તથા હયાને અપનાવવા માટે હુકમો કર્યા છે. શું તમે તમારી અક્કલને તથા તમારી સમજને રસૂલે પાક કરતાંય અધિક સમજો છો કે તમારી મરજી મુજબના બેહયાઈભર્યા લિબાસ પહેરી બેહયા યહૂદણો નસરાનીઓ જેવી કાફિર સ્ત્રીઓની જેમ આવારાપણુ અપનાવી રહી છો ?! અલ્લાહના રસૂલ તો એલાન કરી રહ્યા છે કે તમારી ભલાઈ હયા (શરમ)માં જ છે તો એટલેથી સમજી જાવ ! નહીં તો બંને જહાનમાં બેઈજ્જતી સિવાય કાંઈ હાથ આવશે નહીં તેની નોંધ કરી લો.

હયા (શરમ)નો મતલબ એ છે કે

શરીરના એ ભાગો પર જેને છુપાવવા ફર્ઝ છે એવાં કપડાં હોય જેનાથી ન શરીર આરપાર દેખાય, ન વાળોની કાળાશ ઝલકે તેમજ પોશાક એટલો ચુસ્ત પણ ન હોય કે શરીરનાં અંગોનો ઘાટ અને ઉતાર ચઢાવ પ્રદર્શિત થઈ જાય જેમ કે ચુસ્ત ફ્રોક કે શર્ટ જેવી અલ્ફી વગેરે ન પહેરે બલ્કે ખુલ્તો લિબાસ તથા મોટી વ્યવસ્થિત ઓઢણી (ગરણી જેવી નહીં) જે માથાને તથા સીનો તથા શરીરના અંગોને ઢાંકે.

આજકાલ ફેશનેબલ પોશાક જેમાં શરીરના વધારે પડતા ભાગો, ખભાથી નીચેના મસલ્સ તથા હાથો, કમર, ગર્દન અને છાતીના વધારે પડતા ભાગો ખુલ્લા રહે છે અને માથુ, વાળ તથા છાતીને જાણી જોઈને ખુલ્લી રાખી તેની સુંદરતાનું ગૈરો સમક્ષ પ્રદર્શન કરાય છે, ખુલ્લામાં ઉઘાડે છોગે માથુ ઓઢવા તથા શણગાર કરવામાં આવે છે, તો આ કાફિરો જેવો પોશાક તથા એવી આદતો તમને જહન્નમની આગ સિવાય કાંઈ જ અપાવી શકશે નહીં.

કુર્આન શરીફ પર તમારું ઈમાન છે ? તો સાંભળો આપણો રબ શું ફર્માવે છે :– **"અને ન જાહેર કરો પોતાનો શૃંગાર પણ જે પોતે જ જાહેર છે, એટલે ચહેરો તથા હથેળીઓ."** *(કુર્આન, પારા–૧૮)*

"ઉમ્મતની માં હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہا ની ખિદમતમાં એક સ્ત્રી બારીક દુપટ્ટો ઓઢેલ આવી તો આપે એને ફાડી નાખ્યો અને જાડા કપડાનો દુપટ્ટો ઓઢાડી આપ્યો." આ પરથી સમજાયું કે ઈજ્જતદાર ઔરતે કોના કહ્યા પર ચાલવું જોઈએ ? હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہا ના કહ્યા પર કે આજકાલની કોઈ નાલાયક હિરોઈન તથા નાચનારીના કહ્યા પ્રમાણે ?! તમે ખૂદ ફેંસલો કરી લો.

સાંભળો ! હુઝૂર નબી પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખુશી શામાં છે તે પણ જુઓ :– હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાની લાડલી પુત્રી ખાતૂને જન્નત ફાતેમા ઝોહરા رضی اللہ عنہا ને ફર્માવ્યું કે **સ્ત્રીના હક્કમાં સૌથી શ્રેષ્ઠ શું છે ?** તો ખાતૂને જન્નતે અર્ઝ કરી, **"ગૈરમર્દ (નામહરમ) એને ન જુએ !"** આ જવાબ સાંભળી આપે એમને ગળે લગાડી લીધાં. *(ફતાવા રઝવિય્યહ્, ભાગ–૧૦, નિસ્ફ અવ્વલ, પેજ–૨૮)*

શું સમજ્યાં ! આજે તો મર્દે પણ બેધડક કોઈના ઘરમાં તેનો મર્દ હોય કે ન હોય ઘુસી જવું, રસોડા સુધી પહોંચી જવું, અને મર્દ ઔરતે છૂટથી ઠટ્ટા મશ્કરી કરવી, ન શરમ ન સંકોચ ! તો આ બાબતોથી અલ્લાહ પણ નારાજ થાય છે, રસૂલ પણ નારાજ થાય છે. અને અલ્લાહ વ રસૂલની નારાજગીથી બંને જહાનમાં મુસીબતો જ મુસીબતો સામે આવે છે, માટે આવી બાબતોથી તૌબા કરી લો.

મારી બહેનો ! સ્ત્રીઓના ભડકીલા શણગાર અને ગુનાહની દા'વત આપતા ડ્રેસોની જ ખરાબી છે કે રોજ તમે વર્તમાન પત્રોમાં, મીડીયામાં જોતી હશે કે સ્ત્રીઓ પર બળાત્કારના કિસ્સા રોજ બરોજ વધતા જાય છે, સ્ત્રીઓની છેડતી થાય છે, બેઈજ્જતી કરાય છે ! એમાં લડાઈઓ તથા ખૂનો થાય છે. આ બધું શાથી છે ? ટી.વી. પર ચાલતી ચેનલો થકી ! તે કૌમ કે જેને ધર્મ સાથે કોઈ લેવા દેવા નથી, અલ્લાહ વ રસૂલની દુશ્મન કૌમોની, પશ્ચિમી કૌમોની બેપરવા બેહયા સ્ત્રીઓ તથા પુરૂષોના ડ્રામા તથા તેમના અનુકરણમાં પહેરાતા નગ્નતાભર્યા લિબાસથી કે જેનાથી આકર્ષાયને શૈતાની દિમાગવાળા મર્દો ખરાબ હરકતો કરી બેસે છે. એકલા દિલ્હીમાં જ ઈ.સ. ૨૦૦૧ માં ૩૮૧ તથા ૨૦૦૨ માં ૪૦૩ અને ૨૦૦૩ માં ઓક્ટોબર સુધીમાં ૩૦૨ કેસો નોંધાયા હતા. અને જે બીચારીઓ સમાજના ડરે કેસ નહીં કરતી હોય એવી કેટલી હશે. અને પૂરા ઈન્ડિયામાં તથા વિ□માં કેટલા બનાવો આવા બનતા હશે તે કલ્પના કરી લો. **અમેરિકામાં દર પાંચ મિનિટે એક બળાત્કારનો બનાવ નોંધાય**

**છે.** અમેરિકાના યુનિવર્સિટી કેમ્પસમાં છેડતીના ઢ ગલો બનાવો બને છે, સિંગાપુરમાં પણ ભરબજારે સ્ત્રીઓને ઉઠાવી જવાની પ્રવૃત્તિ ચાલે છે, તો મારી બહેનો! વિચારો ! જે ખુદા વ રસૂલની દુશ્મન કૌમો છે, યહૂદ–નસારા વગેરે જેમને મોડર્ન સમજીને તમે તેમના અનુકરણમાં ફેશનમાં નગ્નતા જાહેર થતા લિબાસ પહેરો છો તેમનો તો આ હાલ છે કે દુનિયામાં જ તેમની ફજેતી થઈ રહી છે અને આખેરતની સજા તો હજી બાકી છે ! તમે તો ઈમાનવાળી છો ! તમારે તો ઈસ્લામ શું કહે છે, શરીઅત શું કહે છે ? એને લક્ષમાં લઈને જીવવાનું છે, તો એ જહન્નમીઓ જેવો તરીકો તમે ક્યાં અપનાવવા માંડયો ?!

**ખબરદાર થઈ જાવ ! સાવધાન થઈ જાવ ! જુઓ !** આપણા પ્યારા નબી صلی اللہ تعالٰی علیہ وسلم ફર્માવે છે કે, "જોનાર પુરૂષ અને જોવામાં આવેલી સ્ત્રી પર અલ્લાહ તઆલા લા'નત ફર્માવે છે. *(મિશ્કાતુલ મસાબીહ, પેજ–૨૭૦)* લા'નત એટલે અલ્લાહની રહમતથી દૂર થવું અને જે અલ્લાહની રહમતથી દૂર થઈ જાય તેના શા હાલ થાય ?! તમે જ વિચારો ! જે સ્ત્રીઓ ભવાં (આઈબ્રો) બનાવે તથા વાળો કતરાવે તેના પર પણ લઅનતનો હુકમ આવેલો છે.

અને જેઓ પોતાની બેલગામ નજરોને દોડાવતા રહે છે તેઓ પણ સાંભળી લે કે અલ્લાહના રસૂલ صلی اللہ تعالٰی علیہ وسلم એ શું ફર્માવ્યું છે :– "જેણે કોઈ સ્ત્રી પ્રતિ ખયાલ કર્યો અને તેનાં કપડાંઓને જોયાં ત્યાં સુધી કે તેના અંગોના ભાગો તેના સમક્ષ જાહેર થઈ ગયા તો **તે જન્નતની ખુશ્બુ પામશે નહીં."** *(ફતાવા રઝવિય્યહ્, ભાગ–૧૦, અવ્વલ–૮૪)*

**ઓઢણીનો તો હવે રિવાજ જ જાણે નથી !** અને ટૂકડા જેવા સ્કાફ તે પણ માથા પર નથી રહેતા ન સીનો ઢાંકે છે ! અને જે બહેનો વાળ ોને ઉઘાડા કરીને લતો વિખેરીને સૌંદર્યની પૂતળી બનવા ચાહે છે તેઓ એની શું સજા છે તે અલ્લાહના રસૂલની હદીષથી સાંભળી લે :– હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما પોતાની કિતાબ "અસ્રારુલ મેઅરાજ"માં લખે છે કે જ્યારે મેઅરાજની રાત્રે હુઝૂરે અકરમ صلی اللہ تعالٰی علیہ وسلم એ વાળ ોથી લટકેલી સ્ત્રીઓ જોઈ જેમનાં દિમાગો હાંડલીઓ જેમ ઉકળી રહ્યાં હતાં ! તો આપે જિબ્રઈલને પૂછયું કે આ કોણ છે ? તો તેમણે કહ્યું, **આ બેપર્દા સ્ત્રીઓ છે જે ગૈરો સમક્ષ પોતાના વાળોનું પ્રદર્શન કરતી હતી."** *(હિજાઝ જદીદ, ફેબ્રુ–૧૯૯૨)*

સેન્ટ ખુશ્બુ લગાડી બહાર નીકળનાર સ્ત્રીઓ માટે આ ચેતવણી બસ છે અગર તેણી અલ્લાહ વ રસૂલ صلی اللہ تعالٰی علیہ وسلم પર ઈમાન ધરાવે છે તો કે ફર્માવ્યું, "બેશક ! સ્ત્રી ખુશ્બુ લગાડીને મજલિસમાં પસાર થાય તો તેણી **વ્યભિચારીણી** છે." *(મિશ્કાતુલ મસાબીહ, ૧/૯૬)* સ્ત્રીનો સર્વ શણગાર પોતાના પતિ માટે તથા પર્દાની અંદર છે.

મારી બહેનો ! આજે મામૂલી વાતમાં ઝઘડાઓ કરનાર તથા મહોલ્લાઓમાં બેપર્દા થઈને બુમરાણ મચાવનાર સ્ત્રીઓ તથા યુવાનીના ઉંબરે પહોંચેલી છોકરીઓ પોતાના શરીરને છુપાવવાને બદલે બેપરવાહી વર્તે છે તેઓને નસીહત માટે ઉમ્મે ખલ્લાદનો ઈમાનવર્ધક બનાવ ઈતિહાસના પાનાંઓ પર આજે પણ ચમકી રહ્યો છે. તેઓ હુઝૂર અકદસ صلی اللہ تعالٰی علیہ وسلم ની ખિદમતમાં ચહેરા પર નકાબ નાખીને હાજર થયાં. એમનો પુત્ર શહીદ થઈ ચૂક્યો હતો એના વિશે પૂછવા માટે આવ્યાં હતાં. એક સહાબીએ એ જોઈને આશ્ચર્ય સાથે કહ્યું કે નકાબ ઓઢીને પુત્રના વિશે પૂછવા આવ્યાં છો ! એ સાંભળીને એ ખાતૂને જે જવાબ આપ્યો તે મારી બહેનો સાંભળે અને બોધ ગ્રહણ કરે. તેમણે કહ્યું કે, **"મારો પુત્ર જતો રહ્યો તો શું થયું મારી હયા તો નથી ગઈ !"** *(સુનને અબૂ દાઊદ, ૩૪૨/૧)*

**જાણી લો ! લિબાસ કેવો હોવો જોઈએ ?** "જાડાં (એટલે શરીર ઝલકે નહીં તેવાં) અને ખુલતાં ઘેરવાળાં ફૂલ બાંયોવાળાં કપડાંઓ પહેરે, માથાથી પગ સુધી શરીરને ઢાંકીને રહે કે મોં તથા હથેળીઓ સિવાય વાળ, ગળુ, ભૂજાઓ (હાથો) કોણીઓ, પેટ, પિંડલી, કોઈ ચીજ જાહેર ન થાય. જો એમનામાંથી કોઈ પણ ભાગ જાહેર કરીને નીકળે છે તો તે સ્ત્રીઓ **ફાસિકા** ઉઘાડે છોગે હરામ કામ કરનારી અને તેમના પુરૂષો **"દય્યૂષ"** છે. એવા લોકોથી બચવું જોઈએ." *(ફતાવાએ રઝવિય્યહ્, ભાગ–૧૦, નિસ્ફ અખિર, પેજ–૨૨૪)*

**બે પર્દા કલ જો આઇ નઝર ચંદ બીબિયાં**
**'અકબર' ઝમીમેં ગૈરતે કૌમીસે ગળ ગયા**
**પૂછા જો મૈંને આપકા પર્દા વો ક્યા હુવા**
**કહને લગીં કે અકલ પે મર્દોંકે પર ગયા**

**દય્યૂષ**ના માટે હુઝૂરે صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવ્યું છે કે **દય્યૂષ જન્નતની ખુશ્બુ પણ સુંઘવા પામશે નહીં.** હવે દરેક પુરૂષ પોતાનું નિરીક્ષણ કરી લે કે પોતે તો **દય્યૂષ**ની વ્યાખ્યામાં નથી આવતો ને ! અને એવું હોય તો ખુદાથી ડરે ! અને પોતાના ઘરની સ્ત્રીઓને પ્યાર મહોબ્બતથી ન માને તો ધાકથી પણ અંગ પ્રદર્શન કરવાથી રોકે. નહીં તો કહેવું પડશે કે :–

**ખુદાકે ફઝ્લસે બીબી મિયાં દોનોં મુહઝ્ઝબ હૈં**
**ઉન્હે પર્દા નહીં આતા ઉન્હેં ગુસ્સા નહીં આતા !**

જો કે સ્ત્રીનો ચહેરો સતરે ઔરતમાં દાખલ નથી પણ જ્યારે જરૂરત મુજબ બહાર નીકળવાનું થાય તો ચહેરા પર પર્દો કરી લેવો જરૂરી છે જેમ કે કુર્આનમાં રબનો હુકમ છે : **(અર્થ)** "હે નબી ! તમારી પત્નીઓ, દીકરીઓ અને મુસલમાનોની સ્ત્રીઓને ફર્માવી દો કે પોતાના ચહેરા પર ચાદર નાખેલ રહે, એનાથી તેણીઓ ઓળખવામાં આવશે અને એમને તકલીફ આપવામાં નહીં આવે અને અલ્લાહ બખ્શનાર મહેરબાન છે." *(સૂરએ અહઝાબ, રુકૂઅ–૫)*

હાલના ફિત્નાના દૌરમાં તો ચહેરો છુપાવવો ખાસ જરૂરી છે કેમ કે સર્વ ફિત્ના જોવામાંથી જ જન્મ લે છે અને પર્દાવાળી સ્ત્રીનું આપણે તો આપણે પણ ગૈર કૌમના માણસો પણ માન રાખે છે. જેથી કુર્આનના આ હુકમને બહેનોએ માથે ચડાવી બંને જહાનની ઈજ્જત કમાવી જોઈએ.

એક ખતરનાક બુરાઈ શાદી પ્રસંગોએ જન્મ પામી છે તે છે વી.ડી.ઓ. શુટીંગ ! બહેનોનો ડ્રેસ તો તૌબા કરાવે તેવો હોય જ છે તેમાંય **વી.ડી.ઓ. ઉતારનાર બદમાશ કક્ષાનો માણસ** હોય છે તે શણગાર કરતી સ્ત્રીને કહે છે કે આવી સ્ટાઈલ કરો ! આમ હાથ કરો ! એટલે કે પૂરા શરીરનું પ્રદર્શન તે જોતો જાય છે અને ઉતારતો જાય છે ! અને પછી તેને ન જાણે કોણ કોણ પિકચર જેમ જુએ છે. આ બધું માં બાપ, ભાઈ, પતિ વગેરે કશાય ખચકાટ વગર થવા દે છે. તો હે ભાઈઓ ! કિયામતમાં આ સર્વનો જવાબ તમારે આપવાનો થશે ! **આદમી હાકિમ છે, તેને તેના હાથ નીચેનાં વિશે સવાલ થશે.** તો આવી બાબતોની ગંભીરતાથી નોંધ લો અને આ ચીજોને રોકો !

મારી બહેનો તથા ભાઈઓ ! હવે તમે વિચારો કે ઈસ્લામ તો કેવી પવિત્રતા શીખવે છે અને ગંદી હરકતો તથા નગ્નતા ભર્યા ડ્રેસથી કેટલી નફરત જાહેર કરે છે, કેવી ચેતવણીઓ અલ્લાહ તથા રસૂલ તરફથી કુર્આન–હદીષમાં આવી છે તો શું આપણે મુસલમાન થઈને એનાથી આંખો મીંચીને આપણુ મન ફાવતુ જ કર્યા કરીશું ?! નહીં ! હજી સમય છે, ચેતી જાવ અને આ મુબારક મહીનામાં પાછલી જિંદગીથી તૌબા કરી લો અને આજથી નવેસરથી પાકીઝા જીવન જીવવાનો નિર્ધાર કરીને બંને જહાનની ભલાઈ કમાઈ લો. *(સંપૂર્ણ)*

# બરકાતે ખ્વાજાની ટપાલ

**★ આ છે અમારા માનવંતા મેમ્બરો ! ★**

**★ હઝરત સૈયદ પીર સફીયુલ્લાહબાવા દરિયાઈ**–બીરપુર શરીફ રૂા. ૨૫૦૦ ★ **જનાબ ઈબ્રાહીમ હાજી અલી ભાઈ પટેલ**–આમોદ (જિ. ભરૂચ) રૂા. ૨૫૦૦/– ભરીને બરકાતે ખ્વાજા (માસિક)ના આજીવન સભ્ય બન્યા છે. તથા **★હાજી હારૂનભાઈ ઐયૂબભાઈ બરકાતી** વડોદરા રૂા. ૧૦૦૦/– તથા ★ **જનાબ અ. ગફ્ફાર ઉમર ગોડિલ**–મુંબઈ રૂા. ૧૦૦૦/– ભરીને પેટ્રન સભ્ય બન્યા છે. (જઝાકલ્લાહ !)

**વડોદરા** : સુન્ની દા'વતે ઈસ્લામી (વડોદરા શાખા) તરફથી હઝરત બાલા પીર સૈયદ ફૈયાઝુદ્દીન કાદરી رحمۃ اللہ علیہ(અઝીમે મિલ્લતના જયેષ્ઠ પુત્ર)ના ઉર્સ નિમિત્તે ૧૧ તારીખે કુરૈશ મહોલ્લા, કાદરી ચોકમાં નાઅતિયા મુકાબલો યોજાયો જેમાં શહેરના ૩૦ સુન્ની મદ્રસાના તલબાએ ભાગ લીધો. પ્રથમ નંબરે આવનાર સૈયદ શાહ નવાઝને અમીરે મિલ્લત ટ્રોફી તથા કાદરી મેડલ તથા બીજો નંબર કાઝી આકિબુદ્દીનને અઝીમે મિલ્લત નવસારવી ટ્રોફી તથા ચિશતીયા મેડલ, ત્રીજા નંબર મુહમ્મદ અફરોઝ આલમને અઝીમે મિલ્લત ટ્રોફી તથા રિફાઈ મેડલ, ચોથના નંબર મોહંમદ પરવેઝને મોઈને મિલ્લત ટ્રોફી તથા મેડલ ઈનાયત થયો. *(મુબલ્લિગ મુહમ્મદ સુલ્તાનના રિપોર્ટને ટૂંકાવીને)*

**બીરપુર શરીફ** : થી અમારા આજીવન સભ્ય હઝરત પીર સફીયુલ્લાહ બાવા દરિયાઈ જણાવે છે મહાન વલી હઝરત દરિયાઈ દુલ્હા رحمۃ اللہ علیہનો ૪૮૪ મો ઉર્સ મુબારક હમેશાં જેમ શાનો શૌકતથી ૨૭ જૂનથી ૨–મે સુધી મનાવાશે.

**ધ્રોલ** : ''જામિઆ અન્વારે મુસ્તફા રઝા''માં ઉર્સે મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ ૨૫ સફરના રોજ ખૂબ જ શાનદાર રીતે મનાવાયો. નૂરી સ્કૂલ, મદ્રસતુલ બનાતના તમામ અસાતેઝા–તલબાએ હાજરી આપી. જનાબ અલ્હાજ મૌલાના ઉસ્માનગની બાપુની સરપરસ્તીમાં જનાબ હાફેઝ આદમ રઝવી સાહબની કિયાદતમાં તથા હઝરત મુફતી મોહસિન રઝા સાહબની સદારતમાં કિરાઅત કારી મુહમ્મદ નૌશાદ આ'લમ દરભંગવી સાહબે કરી પછી તલબાએ નઅત–મન્કબતો પેશ કરી, બાદમાં ઉલમાએ કિરામની તકરીરો થઈ હતી.

**જંબુસર** : માં હુસૈની કમિટી હેઠળ ૧૨ દિવસ દુરૂદ, ખત્મે યાસીન વગેરે વિવિધ મેહફિલો થઈ અને મીલાદુન્નબીના દિવસે જુમ્આ મસ્જિદમાં ફજર બાદ મૂએ મુબારકની ઝિયારત કરાવવામાં આવી, ૭:૩૦ વાગે જૂલુસ મુખ્ય માર્ગેથી પસાર થઈ સલાતો સલામ સાથે હઝરત ગંજ શહીદ દરગાહે પહોંચ્યું હતું. (સ્થળ સંકોચને લીધે રિપોર્ટ ટૂંકાવ્યો છે. –*તંત્રી*)

## ★ ગમઅંગેઝ ઈન્તેકાલ ★

રૂહાની કિતાબ ઘર–ટંકારીયાથી **જનાબ હાજી મુહમ્મદભાઈ માસ્તર** (ગ્રાહક નં. ૧૦૯૩) જણાવે છે કે તેમના પૌત્ર મુહમ્મદ અકદસ તા. ૯–૫–૨૦૦૪ ના રોજ હાઈવે પર ટ્રક સાથે અકસ્માતમાં શહીદ થઈ ખુદાની રહમતમાં જતા રહ્યા છે. ઈન્નાલિલ્લાહિ.... ફરઝંદ સિરાજુલ હક્ક તથા તેમનાં પત્ની લતીફાબેનનો અદ્ભૂત બચાવ રબ તરફથી થયો. મર્હૂમના સવાબ અર્થે રૂા. ૨૦૦/– બરકાતે ખ્વાજા (માસિક)ને મોકલ્યા છે. (જઝાકલ્લાહ !) મૌલા તઆલા મર્હૂમની મગફેરત ફર્માવી જન્નતમાં આ'લા મકામ આપે, માસ્તર ફેમેલીને આ ગમઅંગેઝ ઘટના પર સબ્રે જમીલ અતા કરે. *–તંત્રી બરકાતે ખ્વાજા)*